૭૮૬-૯૨ ૭૮૬-૯૨

# અહલે સુન્નત વ જમાઅત

યા'ને

મસ્લકે આ'લા હઝરતનું અજોડ મુખપત્ર.......

બફૈઝે રૂહાની સુલ્તાનુલ હિંદ ખ્વાજા ગરીબ નવાઝ رحمۃ اللہ علیہ

બયાદગારે ઈમામ અહમદ રઝા મુહદ્દિષે બરેલ્વી رحمۃ اللہ علیہ

# બરકાતે ખ્વાજા (માસિક)

"બરકાતે ખ્વાજા" (માસિક)

**૧-માર્ચ-૨૦૦૭**

સફરુલ્ મુઝફ્ફર-રબીઉલ્ અવ્વલ

**હિજરી સન : ૧૪૨૮**

વર્ષ : ૦૪, અંક : ૦૩, સળંગ અંક : ૩૯

★ સ્થાપક અને પ્રકાશક ★

**ઈસ્લામિક વેલ્ફેર મિશન-દયાદરા**

★ પત્ર વ્યવહારનુ સરનામું ★

બરકાતે ખ્વાજા (માસિક) C/o. ફય્ઝાને રઝા મંઝિલ, મુ.પો. દયાદરા, તા. જિ. : ભરૂચ, પિન. ૩૯૨૦૨૦ ફોન. : (૦૨૬૪૨) ૨૮૨૯૧૧, ૨૮૨૭૯૨, મોબાઈલ : ૯૪૨૭૪૬૪૪૧૧

Email : anjuman2006@hotmail.com

★ લવાજમ ★

| | | |
|---|---|---|
| ★ છુટક નકલ | રૂા. | ૧૦-૦૦ |
| ★ વાર્ષિક લવાજમ | રૂા. | ૧૦૦-૦૦ |
| ★ વિદેશ માટે | £ | 15-00 |
| ★ પેટ્રન ફી (૧૧ વર્ષ માટે) | રૂા. | ૧૦૦૦-૦૦ |
| ★ આજીવન | રૂા. | ૨૫૦૦-૦૦ |
| ★ વિદેશ માટે પેટ્રન | £ | 150-00 |
| ★ વિદેશ માટે આજીવન | £ | 250-00 |

## તુમ કો બુલાના ઔર હૈ..

અઝ : આકીબ ખાન "બરકાતી" પેટલાદ

રશ્કે જન્નત જિસ કો કેહતે હૈં વો ખિત્તા ઔર હૈ
શહર હૈં યૂં તો બહોત લેકિન મદીના ઔર હૈ

વાહ વાહ અપની કરાના દુન્યા પાના ઔર હૈ
ઔર ઈશ્કે મુસ્તફા મેં રૂસ્વા હોના ઔર હૈ

બારગાહે મુસ્તફામેં અર્ઝ કરતે હૈં કલીમ
મેરા જાના ઔર હૈ તુમ કો બુલાના ઔર હૈ

જલ્વએ મહબૂબને આખિર યે ષાબિત કર દિયા
કલ્બે મો'મિન ઔર હૈ અર્શે મોઅલ્લા ઔર હૈ

જબ છિડી સેહને હરમમેં કા'બઓ તૈબા કી બાત
આઈ કાબે સે સદા શાને મદીના ઔર હૈ

આજ હમસે હૈ મુખાતિબ કરબલા કી ખામોશી
દાવે કરના ઔર હૈ મિટ કર દિખાના ઔર હૈ

નાઝ હૈ ઈન પર મસીહાઈ કો 'બરકાતી' ન પૂછ
સબ મસીહા ઔર હૈ જાને મસીહા ઔર હૈ

### રુબાઈ

દુન્યામેં હર આફતસે બચાના મૌલા
ઉકબામેં ન કુછ રંજ દિખાના મૌલા
બૈઠું જો દરે પાકે પયંબર કે હુઝૂર
ઈમાન પર ઉસ વક્ત ઉઠાના મૌલા

★ માનદ તંત્રી ★

**પટેલ શબ્બીર અલી રઝવી દયાદરવી (B.sc)**

**નોંધ :** ગ્રાહક નંબર.................... આપનું લવાજમ તા. ..............................થી પૂરું થાય છે, નવા વર્ષ માટે લવાજમ મોકલી આપી આભારી કરશો.

નૂરાની આર્ટ-દયાદરા ફોન : (૦૨૬૪૨) ૨૮૨૭૯૨, ૨૮૨૯૧૧, મોબાઈલ : ૯૪૨૭૪ ૬૪૪૧૧

# બરકાતે ખ્વાજા (માસિક) માર્ચ-૨૦૦૭

★ વર્ષ : ૦૪ ★ અંક : ૦૩ ★ સળંગ અંક : ૩૯


| નં. | લેખ | લેખક/સંપાદક/રજૂકર્તા | પેજ નં. |
|---|---|---|---|
| ૦૧. | **મીલાદુન્નબી ﷺથી દુનિયામાં રહમતોની વર્ષા !** | રજૂકર્તા : પટેલ શબ્બીર અલી રઝવી | ૦૩ |
| ૦૨. | તફસીરે ઝિયાઉલ કુર્આન | લેખક : હઝરત પીર કરમશાહ અઝહરી (કાર્યાલય) | ૦૭ |
| ૦૩. | ફતવા વિભાગ | કાર્યાલય | ૦૯ |
| ૦૪. | (દર્સે હદીષ) મિર્આત (ઉર્દૂ) શર્હે મિશ્કાત | અઝ : મુફતી અહમદ યારખાં નઈમી رحمۃ اللہ علیہ | ૧૦ |
| ૦૫. | શિફા શરીફ | લેખક : હઝરત ઈમામ કાઝી અયાઝ رحمۃ اللہ علیہ<br>(ગુજરાતી અનુવાદક) ગુલામ હુસૈન આદમભાઈ મો'મિન અશરફી | ૧૨ |
| ૦૬. | નબીﷺની સુન્નત અને આધુનિક વિજ્ઞાન | કાર્યાલય | ૧૫ |
| ૦૭. | દરેક મુસ્લિમે જાણવો જરૂરી ઈલ્મ એટલે **કાનૂને શરીઅત** | લેખક : અલ્લામા શમ્સુદ્દીન જોનપૂરી رحمۃ اللہ علیہ<br>અનુવાદક : જનાબ હાફેઝ મૂસા ઝંઘારવી | ૧૮ |
| ૦૮. | **કુર્આન તથા વિજ્ઞાન અને આપણી જવાબદારીઓ** | રજૂકર્તા : જનાબ મુહમ્મદ ઝહીર દહેગામી<br>મુતઅલ્લિમ અલ્-જામિઅતુલ અશ્રફિયહ્-મુબારકપુર | ૨૦ |
| ૦૯. | ભારતમાં ઈસ્લામના પ્રવેશની ખુશખબરી | કાર્યાલય | ૨૩ |
| ૧૦. | **'અલ્ ફુર્કાનુલ્ હક્ક'ના આઘાત પ્રત્યાઘાત તથા તેનો પ્રતિકાર** | કાર્યાલય | ૨૪ |
| ૧૧. | નૂરાની શરીરનો પડછાયો ન હતો ! | કાર્યાલય | ૨૮ |
| ૧૨. | ઈસ્લામ ઔર ગ્લોબલાઈઝેશન | અઝ : અલ્લામા મૌલાના કમરુઝ્ઝમાંખાં આ'ઝમી | ૨૯ |
| ૧૩. | **અમેરિકાના મોંઢા પર જોરદાર તમાચો !** | કાર્યાલય | ૩૫ |
| ૧૪. | **વહાબી પાછળ દુનિયામાં ક્યાંય નમાઝ થશે નહીં !** | અઝ : હઝરત અલ્લામા મુફતી ગુલામ જીલાની<br>અનુવાદક : પટેલ શબ્બીર અલી રઝવી દયાદરવી | ૩૮ |
| ૧૫. | બરકાતે ખ્વાજાની ટપાલ | કાર્યાલય | ૪૭ |


નોંધ : આ અંકમાં ચાલુ લેખમાળા **'રહમતે દારૈનના શયદાઈ'**, **'ગુનાહોનો ઈલાજ'**, **'ઔરતોની હિકાયતો'**, **'લેખ હરીફાઈનું પરિણામ'**નો સમાવેશ થયો નથી આવતા અંકથી રાબેતા મુજબ છપાશે. (ઈન્શાઅલ્લાહ !)

### મીલાદુન્નબી ﷺથી દુનિયામાં રહમતોની વર્ષા !

# જગતના સર્વ દુ:ખિયાઓને ખુશી વહેંચનાર નબી આવી ગયા !

તંત્રી લેખ

**નૂરવાલા આયા હૈ નૂર લે કે આયા હૈ-દેખો તો સારે આલમમેં યે કૈસા નૂર છાયા હૈ**

હે પ્યારા દીની ભાઈઓ તથા બહેનો ! એક ઈમાનવાળાનો મજબૂત અકીદો છે કે અલ્લાહ તઆલાના રસૂલ ﷺનું દુનિયામાં આગમન એ ખરેખર પૂરા જગત માટે ખુશીઓની બહાર ખીલી ઉઠવાનો સબબ છે, સિવાય શૈતાન ! અને કેમ ન હોય જ્યારે ખાલિકે કાઈનાત ખૂદ ફર્માવે છે કે,

**وَمَآ اَرْسَلْنٰكَ اِلَّا رَحْمَةً لِّلْعٰلَمِيْنَ** "હે મહબૂબ ! અમે તમને ન મોકલ્યા પણ સર્વ આલમો માટે રહમત બનાવીને." *(સૂ. અંબિયા, આ. ૧૦૭, પારા–૧૭)*

સાંભળો ! હુઝૂર ﷺ હજી દુનિયામાં તશરીફ પણ નથી લાવ્યા, તે પહેલાં જ નૂર તથા રહમતના વાદળોની વર્ષા શરૂ થઈ રહી છે. જેવી રીતે સૂર્ય ઉગતા પહેલાં આકાશમાં ઉજાસ પ્રસરવા માંડે છે એ જ રીતે નબુવ્વતના સૂરજ હુઝૂર ﷺના આગમન પહેલાં જગતમાં ખુશનુમા ઈન્કિલાબ શરૂ થઈ જાય છે. હુઝૂરે અકરમ ﷺના વાલિદા હઝરત આમેના رضی اللہ عنہاના રહમ (ગર્ભ) મુબારકમાં નૂરે મુહમ્મદી જલ્વાગાર થયું તે સહીહ કૌલ પ્રમાણે હજજના દિવસો દરમ્યાન તશ્રીકના દિવસોમાં જુમ્આની રાતમાં થયું હતું. એ જ કારણે ઈમામ અહમદ ઈબ્ને હંબલ رضی اللہ عنہની નજીક **શબે જુમ્આ એ શબે કદ્રથી પણ અફઝલ છે,** એટલા માટે કે **એ રાત્રે આખી દુનિયા અને સર્વ મુસલમાનો પર દરેક પ્રકારની ખૈરો બરકત અને સઆદત તથા કરામત જેટલા પ્રમાણમાં નાઝિલ થઈ એટલી કયામત સુધી કોઈ રીતે ન થશે,** બલ્કે હમેશાં માટે કદી ન થશે. જો આ લેહાઝથી મીલાદ શરીફની રાતને શબે કદ્રથી અફઝલ જાણવામાં આવે તો યકીનન ! એ રાત તેની હક્કદાર છે, જેમ કે મહાન આલિમોએ એની સ્પષ્ટતા કરી છે :–

હદીષોમાં આવ્યું છે કે મીલાદ મુબારકની રાત્રે આલમે મલકૂતમાં નિદા કરવામાં આવી કે **આખા જગતને અન્વારે કુદ્સથી મુનવ્વર (રોશન) કરો** અને જમીન તથા આસ્માનના **સર્વ ફરિશ્તા ખુશી આનંદમાં ઝુમી ઉઠે.** અને જન્નતના દરવાનને હુકમ થયો કે ફિરદોસે આ'લાને ખોલી નાખે અને **આખા જગતને ખુશ્બુઓથી ભરી આપે.** અને જમીન તથા આસ્માનના દરેક તબકા તથા દરેક સ્થળમાં ખુશખબર સંભળાવી આપે કે નૂરે મુહમ્મદી ﷺએ આજની રાત્રે માતા આમિનાના ગર્ભમાં સ્થાન જમાવ્યું છે. અને એવું કેમ ન થતું કેમ કે તમામ ખયરાત તથા બરકાત, કરામતો તથા ખુશબખ્તીઓ, અન્વાર તથા અસ્રારનું મૂળ, સર્વ મખલૂક તથા માનવ જાતના સર્જનના સબબની આ જગતમાં તશરીફ આવરી તથા જાહેર થવાનો સમય નજીક આવી પહોંચ્યો છે, તો યકીનન ! સર્વ જહાનવાળાઓએ

મુનવ્વર તથા મુશર્રફ અને મસ્રૂર (ખુશ) થવું જોઈએ. *(મદારિજુન્નબુવ્વત, ભાગ–૧, પેજ–૩૦)*

## ★ હુઝૂર ﷺના આગમન પહેલાં જ ખુશીઓની વહેંચણી ! ★

તે લોકો સબક લે જેઓ હુઝૂરે અકરમ ﷺને "પોતાના જેવા બશર" અથવા "મોટા ભાઈ" કે "ગામના ચૌધરી" જેટલો મર્તબો આપે છે, કે શું તેમની પેદાઈશ વેળાની કોઈ આવી ખબરો છે ?! તેમના મોટા ભાઈ કે ગામના ચૌધરીના જન્મ પર આવી ખુશીઓની વહેંચણી રબ તઆલા તરફથી થઈ હતી ?! સાંભળો ! એ જ મદારિજુન્નબુવ્વતમાં છે કે તે રાતની સવારે પૃથ્વીના પટ પરની સર્વ મૂર્તિઓ ઊંધી પડેલી જોવા મળી, શૈતાનો માટે આસ્માન પર ચડવું મના કરી દેવામાં આવ્યું અને દુનિયાના સર્વ બાદશાહોના તખ્ત ઉલ્ટાવી દેવામાં આવ્યા, અને તે રાત્રે દરેક ઘર રોશન તથા મુનવ્વર થયું અને કોઈ જગા એવી ન હતી જે અન્વારે કુદ્સથી જગમગતી ન હોય, અને કોઈ જાનવર એવું ન હતું કે જેને બોલવાની શક્તિ ન આપવામાં આવી હોય અને તેણે બશારત (હુઝૂરના આગમનની ખુશખબરી) ન આપી હોય, પૂર્વના પક્ષીઓએ પશ્ચિમનાં પક્ષીઓને ખુશખબરીઓ આપી. સુબ્હાનલ્લાહ !

કુરૈશનો એ હાલ હતો કે દુકાળ તથા પુષ્કળ તંગીમાં સપડાયેલા હતા, સર્વ ઝાડો સૂકાઈ ગયાં હતાં અને તમામ જાનવરો કમજોર દુબળાં થઈ ચૂક્યાં હતાં. નૂરે મુહમ્મદી ﷺના દુનિયામાં જલ્વાગર થવાના સમયની બરકત જુઓ કે રબ તઆલાએ વરસાદ મોકલ્યો, જહાનભરને લીલુછમ હરીયાળુ કર્યું, ઝાડોમાં તરોતાઝગી આવી, ખુશી તથા આનંદની એવી લહેર દોડી કે કુરૈશે એ વરસનું નામ 'સનતુલ ફતહ વલ્ ઈબ્તિહાજ' રાખ્યું. સુબ્હાનલ્લાહ !

## ★ શું બંદો હોવામાં નબી અને શૈતાન સરખા ?! ★

દોસ્તો ! રહ્મતુલ્ લિલ્ આલમીન ﷺએ હજી દુનિયામાં કદમ નથી રાખ્યો તે પહેલાં અલ્લાહની રહમતોની અઢળક વર્ષા થવા માંડી ! ક્યાં છે ઈસ્માઈલ દહેલ્વીના ચેલાઓ ! અલ્લાહે આંખો આપી છે તો શયખ અબ્દુલ હક્ક઼ મુહદ્દિષ દહેલ્વી علیہ الرحمۃ والرضوان જેમને માનવાનો પોતે પણ દાવો કરે છે તેમનું કુર્આન હદીષ પર આધારિત આ બયાન વાંચે અને કહે કે શું **"જિસ્કા નામ મુહમ્મદ યા અલી હૈ વો કિસી ચીઝ કા માલિક વ મુખ્તાર નહીં."** *(તકવિયતુલ ઈમાન)* એવું કહેનાર ઈસ્માઈલ દહેલ્વી હક્ક પર છે કે મોહક્કિક઼ે અલલ ઈત્લાક હઝરત શયખ અબ્દુલ હક્ક઼ મુહદ્દિષ દહેલ્વી علیہ الرحمۃ والرضوان હક્ક઼ પર છે ? "અલ્લાહની શાન બહુ મહાન છે કે **સઘળા અંબિયા અને ઔલિયા તેના રૂબરૂ એક તુચ્છ રજકણથી પણ અલ્પ છે."** તેમજ **"રસૂલના ચાહવાથી કાંઈ જ નથી થતું."** તકવિયતુલ ઈમાન ગુજરાતીમાં એવું લખનાર હસન ભડકોદ્રવી જણાવે કે શું અલ્લાહે રસૂલને કોઈ મકામ તથા મર્તબો જ નથી આપ્યો ? તેમને તદ્દન લાચાર બનાવીને મોકલ્યા ?! તો પછી તેમની વિલાદત પહેલાં જ આ શાની રહમતો વરસી રહી છે ? મૌલાના મૌદૂદી બાની જમાઅતે ઈસ્લામીના ચેલાઓ જણાવે છે કે મૌદૂદીએ લખ્યું છે કે, **"બંદા હોવામાં સૌ સમાન છે જેવી રીતે એક નબી તેવી જ રીતે શૈતાન."** શું અલ્લાહ સમક્ષ શૈતાન અને નબી સરખા છે ?!...

શું કોઈ સહાબીએ આવી વાત દર્શાવી છે ? શું નબીને ચાહનારો આવા શબ્દો જીભ પર કે દિમાગમાં લાવશે ? શું આમાં નબી ﷺની તૌહીન નથી ? જો કોઈ સામાન્ય માણસને કહેવામાં આવે કે, તું અને

શૈતાન સરખા છે ?! તો તેને ખોટુ લાગશે કે નહીં ?! તે એને અપમાન સમજશે કે નહીં ?! તો આ શબ્દોથી રસૂલને તકલીફ નહીં પહોંચે ?! અને રસૂલને તકલીફ પહોંચાડવી એ અલ્લાહને તકલીફ પહોંચાડવા સમાન છે અને એવા બદ્બખ્તો માટે કુર્આન ફર્માવે છે :–

اِنَّ الَّذِیْنَ یُؤْذُوْنَ اللّٰهَ وَرَسُوْلَهٗ لَعَنَهُمُ اللّٰهُ فِی الدُّنْیَا وَالْاٰخِرَةِ "જે લોકો અલ્લાહ અને તેના રસૂલને ઈજા પહોંચાડતા રહે છે, અલ્લાહ તઆલા દુનિયા તથા આખેરતમાં તેમના પર લા'નત કરશે." *(સૂરએ અહઝાબ)*

## ★ મીલાદે પાકના વિરોધીને સગો ન બનાવો ! ★

જોઈ લો રસૂલે પાક ﷺનો મકામ ! કે હજી દુનિયામાં આગમન થનાર છે તે પહેલાં ખુશીઓથી તથા રહમતોથી રબ તઆલા જગતને ભરી રહ્યો છે ! હે લોકો સમજો ! વહાબિયત, દેવબંદિયતથી તૌબા કરો ! કે જેમના દિલમાં રસૂલે ખુદા ﷺની ઈજ્જત કે તા'ઝીમ નથી, **જેઓ દિલમાં રસૂલે ખુદા માટે જ કીનો લઈને જીવી રહ્યા છે તેઓ ક્યાંથી મુસલમાન રહેશે ?! અને તેવા લોકો સાથે તમે દોસ્તી, સગાઈ, શાદી વહેવાર કરી રહ્યા છો કે જેમની સાથે નિકાહ જ થતા નથી ! આશ્ચર્ય છે એવાઓની મુસલમાની પર ! શું આવું કરીનેય પોતાને આશિકે રસૂલ કહો છો ?! અફસોસ ! તમારી અક્કલો ક્યાં મારી ગઈ ?!**

સૈયદા આમિના رضی اللہ عنہا ફર્માવે છે કે હુઝૂરે અકરમ ﷺ મારા શિકમ (ગર્ભ)માં હતા એવામાં એકવાર મારાથી એવું નૂર નીકળ્યું જેનાથી આખુ જગત ચમકી ઉઠયું અને મેં બુસરાના મહેલોને જોયા. બુસરા સીરિયા તરફના એક શહેરનું નામ છે. આ પ્રકારનો એક બનાવ વિલાદત શરીફના વખતે પણ બન્યો. *(મદારિજુન્નબુવ્વત)*

ભાઈઓ ! આ કોઈ ખ્વાબોની વાતો નથી ન કોઈ નોવેલની સ્ટોરી છે, બલ્કે સર્વ બનાવો હદીષોની મોઅતબર કિતાબોમાંથી કાઢીને ઈસ્લામના મહાન બુઝુર્ગો મુહક્કિકો એ આપણા સમક્ષ રજૂ કર્યા છે અને એના પર દરેક મુસલમાનનું ઈમાન છે.

હદીષોમાં છે કે રસૂલેપાક ﷺની વિલાદત વેળા શૈતાને માથા પર ધૂળ નાખી હતી અને શોક મનાવ્યો હતો તો આજે શૈતાનના ચેલાઓ રસૂલે પાક ﷺના વિલાદતનો જશ્ન મનાવતા તો નથી પણ મીલાદુન્નબીનો જશ્ન મનાવવાને શિર્ક, બિદઅત, હરામના ફત્વા આપી પોતાના સરદાર શૈતાનને રાજી કરી રહ્યા છે. જ્યારે એ જ શૈતાની વહાબી ફિર્કાવાળાઓના પેશ્વાઓના પીર હઝરત શાહ વલીયુલ્લાહ મુહદ્દિષ દહેલ્વી رحمۃ اللہ علیہ મીલાદ શરીફમાં જતા હતા તેને બરકતનો સબબ સમજતા હતા. ખૂદ શાહ વલીયુલ્લાહ મુહદ્દિષ દહેલ્વી رحمۃ اللہ علیہ ફર્માવે છે કે :–

"હું એકવાર તે મેહફિલે મીલાદમાં હાજર થયો જે મક્કા મુકર્રમહ્માં ૧૨ મી રબીઉલ અવ્વલના રોજ મવલિદુન્નબીમાં યોજાયી હતી. જ્યારે વિલાદતનું બયાન વંચાઈ રહ્યું હતું ત્યારે મેં જોયું કે, એકાએક એ મજલિસમાંથી કેટલાક અન્વાર બુંલદ થયા. મેં એ અન્વાર વિશે વિચાર્યું તો ખબર પડી કે એ તો અલ્લાહની રહમત અને એ ફરિશ્તાઓના અન્વાર હતા કે જેઓ આવી મેહફિલોમાં હાજર થયા કરે છે." *(ફુયૂઝુલ્ હરમૈન બ હવાલા સીરતે મુસ્તફા ﷺ)*

હવે વહાબી દેવબંદીઓ શાહ વલીયુલ્લાહ પર શો ફત્વો લગાડશે ?! જરા પૂછો એમને ?!

એ જ હુઝૂર ﷺના જન્મસ્થળને મુર્તદ વહાબી નજદીઓની હુકૂમત થઈ ત્યારે જન્નતુલ બકીઅ તથા જન્નતુલ મોઅલ્લાના મકબરા તથા ગુંબદોની સાથોસાથ આ મુકદ્દસ યાદગારોને પણ તોડી નાખીને વેરાન જગા બનાવી દીધી જે વરસો સુધી વેરાન રહ્યું બાદમાં ત્યાં લાયબ્રેરી બનાવી દીધી જે હાલમાં બંધ હાલતમાં રહે છે, તેને પણ તોડીને ગાડી પાર્કિંગ સ્થળ બનાવવાનો પ્લાન હતો જેનો પૂરા જગતમાં વિરોધ થયો જેથી હજી એ પ્લાન અમલમાં નથી મૂકાયો. આ છે રસૂલે પાક ﷺની કદર વહાબી નજદીઓ પાસે ! તો તેમના ચાહકો જરા આંખો ખોલીને જુએ અને સહીહ માર્ગ અપનાવે.

મીલાદુન્નબી ﷺ મનાવવાની સાબિતી માટે "મદારિજુન્નબુવ્વત"માં શયખ અબ્દુલ હક્ક઼ મુહદ્દિષ દહેલ્વી علیہ الرحمۃ والرضوان એ આ પ્રસંગ ખાસ વર્ણવ્યો છે જે બોધને પાત્ર છે :–

"અબૂ લહબની એક લોંડી 'ષુવૈબહ્' હતી. જે રાત્રે હુઝૂરે અકરમ ﷺનો જન્મ થયો ત્યારે 'ષુવૈબહ્'એ અબૂ લહબને ખુશખબરી પહોંચાડી કે તમારા ભાઈ હઝરત અબ્દુલ્લાહને ત્યાં પુત્ર જન્મ થયો છે. અબૂ લહબે આ ખુશ ખબરી પર તેણીને આઝાદ કરી હુકમ આપ્યો કે જાવ ! દૂધ પીવડાવો ! હક્ક઼ તઆલાએ આ ખુશી પ્રદર્શિત કરવાના કારણે જે તેણે હુઝૂર ﷺની વિલાદતના સમયે જાહેર કરી તેના અઝાબમાં કમી કરી આપી, અને સોમવારના તેના પરથી અઝાબ ઉઠાવી લેવામાં આવે છે જેવું કે હદીષમાં આવ્યું છે. શયખ અબ્દુલ હક્ક઼ મુહદ્દિષ દહેલ્વી આગળ જણાવે છે કે, "આ હદીષમાં મીલાદ શરીફ પઢાવનારાઓ માટે દલીલ છે કે હુઝૂર ﷺની વિલાદતની રાતે ખુશી તથા આનંદને પ્રદર્શિત કરે અને ખૂબ માલ રૂપિયા ખર્ચ કરે." મતલબ એ કે અબૂ લહબ કાફિર હતો અને એવો બદ્બખ્ત કે તેની બુરાઈમાં કુર્આનમાં પૂરી સૂરત નાઝિલ થઈ છે છતાં તેણે જ્યારે હુઝૂર ﷺની વિલાદતની ખુશી મનાવી અને લોંડીને આઝાદ કરી આપી, તો ખુદા તઆલાએ તે કાફિરના અઝાબમાં સોમવારે રાહત કરી આપી તો પછી ઈમાનવાળા મુસલમાન મીલાદુન્નબી ﷺ મનાવશે તો કેમ નજાત નહીં પામે !

માટે હે મુસલમાનો ! જ્યારે હુઝૂર ﷺના આગમનમાં ખુદાના હુકમથી આખા જગતે ખુશી મનાવી, ફરિશ્તાઓએ ખુશી મનાવી તો આપણે પણ ખૂબ ખુશી મનાવીએ અને હુઝૂર ﷺના જન્મ પર માથામાં ધૂળ નાખનાર, પોક મૂકી રડનાર તથા ઉદાસ ચહેરો બનાવનાર શૈતાનની જેમ ઉદાસ થઈ જનાર વિલુ મોઢુ કરનારા શૈતાનના ચેલાઓથી દૂર રહીએ. પણ ખુશી મનાવવાનો એ અર્થ નથી કે કાફિરોની જેમ ફટાકડા ફોડીએ, નાચીએ કૂદીએ, બેન્ડ બાજા વગાડીએ....કારણ કે ફટાકડા ફોડવા એ હરામ કામ તથા ફુઝૂલખર્ચી છે અને કુર્આનમાં "ફુઝૂલખર્ચી કરનારા શૈતાનના ભાઈ છે" એવું દર્શાવ્યું છે જેથી જ મુજદ્દિદે આ'ઝમ, આ'લા હઝરત ઈમામ અહમદ રઝા મુહદ્દિષે બરેલ્વી رضی اللہ عنہ એ ફર્માવ્યું કે, **"ફટાકડા ફોડનારા શૈતાનના ભાઈ છે."** એ ચાહે શાદીના પ્રસંગે હોય કે પીરના સ્વાગતમાં હોય કે ઉર્સમાં હોય, મીલાદ તથા શબે બરાત વગેરેમાં હોય પણ હરામ ! હરામ ! હરામ ! છે. તેમજ નાચકૂદ, બેન્ડબાજા એ પણ હરામ છે એને તો **કાફિરો પણ જાણે છે કે ઈસ્લામમાં મ્યૂઝિક-ડાન્સ હરામ છે** ! જેથી મુસલમાનો આવી વાતોથી સદંતર દૂર રહે. બલ્કે કુર્આનખ્વાની, ઝિક્રે વિલાદતના જલ્સા, નઅતે પાકની મેહફિલો, શરીઅતની પાબંદી સાથે જુલૂસો કાઢે અને ગરીબોની મદદ કરે, ગરીબો, મિત્રો, સગાંઓને, ઉલમા તથા નેક લોકોને ખાણા ખવડાવે.... વગેરે જાઈઝ કામો કરે.

કુર્આને પાકની તફસીર

# તફસીરે ઝિયાઉલ કુર્આન

ضیاء القرآن

અઝ : ઝિયાઉલ ઉમ્મત હઝરત અલ્લામા પીર કરમશાહ અઝહરી, સજ્જાદાનશીન ભીરા શરીફ (પાક.)

## ★ સૂરએ બકરહ્‌ની તફસીર ★

وَالَّذِينَ آمَنُوا أَشَدُّ حُبًّا
لِلَّهِ ۗ وَلَوْ يَرَى الَّذِينَ ظَلَمُوا إِذْ يَرَوْنَ الْعَذَابَ أَنَّ الْقُوَّةَ
لِلَّهِ جَمِيعًا وَأَنَّ اللَّهَ شَدِيدُ الْعَذَابِ ﴿١٦٥﴾ إِذْ تَبَرَّأَ الَّذِينَ
اتُّبِعُوا مِنَ الَّذِينَ اتَّبَعُوا وَرَأَوُا الْعَذَابَ وَتَقَطَّعَتْ بِهِمُ
الْأَسْبَابُ ﴿١٦٦﴾ وَقَالَ الَّذِينَ اتَّبَعُوا لَوْ أَنَّ لَنَا كَرَّةً فَنَتَبَرَّأَ
مِنْهُمْ كَمَا تَبَرَّءُوا مِنَّا ۗ كَذَٰلِكَ يُرِيهِمُ اللَّهُ أَعْمَالَهُمْ حَسَرَاتٍ
عَلَيْهِمْ ۖ وَمَا هُمْ بِخَارِجِينَ مِنَ النَّارِ ﴿١٦٧﴾ يَا أَيُّهَا النَّاسُ كُلُوا
مِمَّا فِي الْأَرْضِ حَلَالًا طَيِّبًا وَلَا تَتَّبِعُوا خُطُوَاتِ الشَّيْطَانِ ۚ
إِنَّهُ لَكُمْ عَدُوٌّ مُبِينٌ ﴿١٦٨﴾ إِنَّمَا يَأْمُرُكُمْ بِالسُّوءِ وَالْفَحْشَاءِ وَ
أَنْ تَقُولُوا عَلَى اللَّهِ مَا لَا تَعْلَمُونَ ﴿١٦٩﴾ وَإِذَا قِيلَ لَهُمُ اتَّبِعُوا
مَا أَنْزَلَ اللَّهُ قَالُوا بَلْ نَتَّبِعُ مَا أَلْفَيْنَا عَلَيْهِ آبَاءَنَا ۗ أَوَلَوْ
كَانَ آبَاؤُهُمْ لَا يَعْقِلُونَ شَيْئًا وَلَا يَهْتَدُونَ ﴿١٧٠﴾ وَمَثَلُ الَّذِينَ
كَفَرُوا كَمَثَلِ الَّذِي يَنْعِقُ بِمَا لَا يَسْمَعُ إِلَّا دُعَاءً وَنِدَاءً ۚ
صُمٌّ بُكْمٌ عُمْيٌ فَهُمْ لَا يَعْقِلُونَ ﴿١٧١﴾

**તર્જુમો** : તર્જુમો : અને જેઓ ઈમાન લાવ્યા છે તેઓ સૌથી અધિક મહોબ્બત કરે છે અલ્લાહથી[૧૯૦] અને કાશ ! (અત્યારે) એને જાણી લેતા જેમણે જુલ્મ કર્યો (જેઓ એ સમયે જાણશે) જ્યારે (આંખોથી) જોઈ લેશે અઝાબને કે સર્વ શક્તિઓનો માલિક અલ્લાહ છે અને બેશક ! અલ્લાહ તઆલા સખ્ત અઝાબ આપનાર છે. (ખયાલ કરો) જ્યારે બેઝાર થઈ જશે તેઓ જેમની તાબેદારી કરવામાં આવી તેમનાથી જેઓ તાબેદારી કરતા રહ્યા, અને જોઈ લેશે અઝાબને, અને તૂટી જશે તેમના સંબંધો, અને કહેશે તાબેદારી કરનારાઓ, કાશ ! પાછા ફરીને જવાનું થાત (દુનિયામાં) તો અમે પણ બેઝાર થઈ જાત તેમનાથી જેવી રીતે તેઓ (આજે) બેઝાર થઈ ગયા છે અમારાથી. એ જ પ્રમાણે બતાવશે અલ્લાહ તઆલા તેઓને તેમના (બુરા) અમલો કે પરેશાનીનો સબબ બનશે તેઓના માટે, અને તેઓ (કોઈ સંજોગોમાં) નીકળવા પામશે આગ (ના અઝાબ)થી. હે ઈન્સાનો ! ખાવો એમાંથી જે કાંઈ જમીનમાં છે હલાલ (અને) પાકીઝા (ચીજો)[૧૯૧] અને શૈતાનના ડગલા પર ડગલુ ન રાખો, બેશક ! તે તમારો ઉઘાડો દુશ્મન છે. તે તો હુકમ આપે છે તમને ફક્ત બુરાઈ તથા બેહયાઈનો, અને એ કે આક્ષેપ લગાડો અલ્લાહ પર જે તમે જાણતા જ નથી[૧૯૨] અને જ્યારે કહેવામાં આવે છે[૧૯૩] તેમનાથી પયરવી (અનુસરણ) કરો એની જે નાઝિલ કર્યુ છે અલ્લાહે, તો કહે છે (નહીં !) બલ્કે અમે તો એની પયરવી કરીશું જેના પર અમે જોયા અમારા બાપ દાદાઓને, ભલે તેઓના બાપદાદા કાંઈ ન સમજી શક્તા હોય

અને ન હિદાયત પામનાર હોય. અને દ્દષ્ટાંત તેમનું[૧૯૪] જેમણે કુફ્ર (ધારણ) કર્યું એવું છે જાણે કોઈ ચીસો પાડી રહ્યું છે એવા (જાનવરો)ની પાછળ જેઓ નથી સાંભળતાં સિવાય કેવળ પોકાર તથા અવાજના એ લોકો બહેરા છે ગુંગા છે આંધળા છે જેથી તેઓ કાંઈ નથી સમજતા.

## તફસીર

**૧૯૦.** આ શબ્દો વિચારવા પાત્ર છે, એવું નથી ફર્માવ્યું કે તેઓ કેવળ અલ્લાહ તઆલાથી મહોબ્બત કરે છે અને કોઈની સાથે મહોબ્બત નથી કરતા, બલ્કે ફર્માવ્યું કે તેઓ અલ્લાહ તઆલા સાથે સૌથી વિશેષ મહોબ્બત કરે છે. એટલે કે સગા વહાલાં, પુત્રો પત્નીઓ, માં બાપ, માલ તથા સંપત્તિ સાથે તેમને મહોબ્બત છે, પરંતુ **અલ્લાહ તઆલા સાથે તેમની જે મહોબ્બત છે તે સર્વ મહોબ્બતોથી વધીને છે અને એની ખબર ત્યારે પડે છે જ્યારે આ મહોબ્બતો કાંઈ બીજું કહેતી હોય તો એ વખતે તેણે અલ્લાહ તઆલાના હુકમ પર ગરદન ઝુકાવી લીધી તો તે સાચો છે, નહીં તો જૂઠો !** સૂફિયાએ કિરામે “انداد”ની તફસીર આ પ્રમાણે ફર્માવી છે કે,

**كل ما كان مشغلا عن الله مانعامن امتثال امره**

**(અર્થ)** : દરેક તે ચીજ જે માણસને અલ્લાહ તઆલાની યાદથી ગાફિલ કરી દે અને તેના હુકમોના પાલન કરવાથી રોકી દે તે “انداد”થી છે, ચાહે તે મૂર્તિ હોય, ગુમરાહ રઈસ હોય, માલ દૌલત હોય, બીવી બચ્ચાં હોય કે ઈલ્મ તથા કલા (વિદ્યા). દરેક ચીજ જે અલ્લહ તઆલાથી દૂર કરનારી હોય તે “ند”છે અને ટુકડા ટુકડા કરી દેવાને લાયક છે. હુઝૂર નબી કરીમ ﷺથી આપણને જે ઈશ્ક તથા અક઼ીદત છે અને ઔલિયાએ કિરામથી આપણને મહોબ્બત છે તે કેવળ એટલા જ માટે તો છે કે તેઓ ખુદાના મહબૂબો છે, અને મહબૂબનો મહબૂબ પણ મહબૂબ હોય છે. **જે પોતાના દિલમાં અલ્લાહ તઆલાના મહબૂબ રસૂલ ﷺના માટે મહોબ્બત મેહસૂસ નથી કરતો તે એવું સમજી લે કે તેને અલ્લાહ તઆલાથી પણ મહોબ્બત નથી.**

**૧૯૧.** આજની પ્રગતિ પામેલ દુનિયા ખાવા તથા વાપરવાની ચીજોમાં સફાઈ (સ્વચ્છતા)ની કાળજી લેવા માંડી છે પરંતુ હલાલ તથા હરામની તમીઝ (ફરક) હજી પણ નથી. ઈસ્લામે પોતાના અનુયાયીઓને બંને વાતોની કાળજી લેવાનો હુકમ આપ્યો. એટલે કે જાહેરી રીતે પણ ગંદકી તથા નાપાકી ન હોય જેથી શારીરિક તંદુરસ્તી પર ખરાબ અસર ન પડે અને બાતિની (આંત્રિક) રીતે પણ નજીસ તથા નાપાક ન હોય જેથી માનવ દિલ મુર્દા ન થઈ જાય. જાહેરી સ્વચ્છતાને કુર્આને "તૈયિબ" શબ્દથી કરી છે. અને હલાલ તે ચીજને કહે છે કે ન તો જાતી રીતે હરામ હોય જેમ કે હરામ જાનવર, મુરદાર, શરાબ વગેરે. અને ન તેવા તરીકાથી મેળવવામાં આવેલ હોય જેને શરીઅતે હરામ ઠરાવેલ છે. દા.ત. ચોરી, જૂગાર ચાહે તે કલબોમાં હોય, લાંચ, વ્યાજ વગેરે વગેરે. **ઈસ્લામી અર્થવ્યવસ્થાનો એક નિયમ છે કે રોજી કમાવા માટે ઉઘાડી છૂટ નથી, બલ્કે સર્વ તે માર્ગો બંધ કરી આપ્યા છે જેમાં કોઈ કમજોરી, મજબૂરી તથા નાદારીથી નાજાઈઝ ફાયદો ઉઠાવવામાં આવતો હોય.** તમે પોતે જ વિચારો કે જ્યારે વ્યાજ, જૂગાર, લાંચ તથા બ્લકે માર્કેટિંગ વગેરેના ચોર દરવાજા બંધ થઈ જાય તો શું દૌલત સમેટાઈને કેવળ અમુક વ્યક્તિઓના હાથમાં એકત્ર થઈ જશે ? દૌલતની નાજાઈઝ વહેંચણી બલ્કે લૂટમાર જે સામાજિક, સંસ્કારિક તથા રાજકિય ખરાબીઓને જન્મ આપે છે તે જ્ઞાનીઓથી છુપુ નથી. **કાશ ! આપણે આ ઈલાહી નિઝામ (રબના**

**બંધારણ)ને ખૂદ સમજતા,** ગંભીરપણે તેના પર અમલ કરીને દેખાડતા જેથી અન્ય કૌમોને સમજાવી શક્તા.

**૧૯૨.** શૈતાન તમને બદ્કારી તથા બદ્માશીની દા'વત આપે છે. તે તમારા દિલમાં જાત જાતના વસવસા નાખીને અલ્લાહ તઆલાની નાફર્માની માટે ઉશ્કેરે છે. જો તમે ઈસ્લામના બતાવેલા ઉસૂલો પર અમલ કરવાનો નિશ્ચિય કરો તો તે તમને આર્થિક કંગાળતા અને લોકોમાં બદ્નામીના ગર્ભિત ખતરાઓથી ડરાવે છે. એવા બુરુ ઈચ્છનારના હુકમોમાં આવીને અલ્લાહ તઆલાની નાફર્માની ન કરો.

**૧૯૩.** જે લોકો અલ્લાહ તઆલાની ઉઘાડી આયત છોડીને પોતાના ગુમરાહ બાપદાદાની તકલીદ (અનુસરણ) કરે છે તેમના પર અફસોસ છે. અને જો બાપદાદા સંપૂર્ણપણે રુશ્દો હિદાયત પર હોય તો તેમનું અનુસરણ અયન હેતુ છે અને અંબિયાની એ જ સુન્નત છે. યૂસુફ સિદ્દીક علیہ السلام એ મિસ્રના કેદ ખાનામાં એ જ ફર્માવ્યું હતું : وَاتَّبَعْتُ مِلَّةَ آبَائِي ''હું મારા બાપદાદાના ધર્મનો અનુયાયી છું.''

**૧૯૪.** કાફિરોનું દૃષ્ટાંત તે જાનવરો જેવું છે જેમને હાંકવામાં આવે તો તેઓ હાંકનારાનો અવાજ તો સાંભળે છે પરંતુ સમજતાં કાંઈ નથી.

---

કાર્યાલય

# ફતવા વિભાગ

## ''કાશ ! મહશરમેં જબ ઉનકી આમદ હો ઔર''નો મતલબ શું ?!

**સવાલ :** ઝયદનું કહેવું છે કે કયામતના દિવસે રસૂલે ગિરામી ﷺનું હાજર થવું યકીની બાબત છે, પરંતુ આ'લા હઝરત عَلَيْهِ الرَّحْمَةُ وَ الرِّضْوَانُના શેઅરથી જણાય છે કે આપ ﷺનું કિયામતના દિવસે હાજર રહેવું ગૈર યકીની છે, કેમ કે આ'લા હઝરતનો શેઅર : ''કાશ ! મહશરમેં જબ ઉન્કી આમદ હો ઔર''માં ''કાશ'' શબ્દથી જણાય છે કે કિયામતના દિવસે આપ હાજર થશે એમાં આ'લા હઝરતને શંકા હતી ! નહીં તો ''કાશ'' ન લાવત. તો શું આ ઝયદનું કથન સત્ય છે ? અને જો સત્ય નથી તો વર્ણવેલ શેઅરનો શો મતલબ છે તો સમજાવશો.

*(પ્રશ્નકર્તા : મુહમ્મદ રબીઉલ ઈસ્લામ રઝવી, ઈમામે મસ્જિદ એક રાતવાલી, નયા શહર, બરેલી)*

**જવાબ :** હુઝૂર રહમતે આલમ ﷺ કયામતના દિવસે મેહશરના મેદાનમાં હશે એ બાબત યકીની છે, એમાં કોઈ શંકાને સ્થાન નથી. અલ્લાહ તઆલા પોતાના મહબૂબ ﷺને મકામે મહમૂદ અતા કરશે જ્યાં તમામ અવ્વલીન તથા આખરીન હુઝૂર નબી રઉફુર્રહીમની પ્રશંસા તથા વખાણ કરશે. અને સૈયદના આ'લા હઝરત ફાઝિલે બરેલ્વી قدس سرہના સલામના શેઅરો હક્ક તથા સહીહ છે અને શબ્દ ''કાશ''ની નિસ્બત (એ પછીના શેઅર) ''મુઝસે ખિદમત કે કુદ્સી કહે હાં રઝા''થી છે, અને શાયર હઝરાત આ જ પ્રમાણે કરતા હોય છે. એટલે કે ખિદમતના માટે જે ફરિશ્તાઓ હશે તે (''કાશ'') મને (આ'લા હઝરતને) કહે કે પઢો : ''મુસ્તફા જાને રહમતપે લાખોં સલામ.'' ઝયદ નર્યો જાહિલ છે તે તૌબા કરે અને આવી વાત કરવાથી બચે. વલ્લાહુ તઆલા અઅ્લમ.

**લખનાર :** (મુફતી) મુહમ્મદ મુઝફ્ફાર હુસૈન કાદ્રી રઝવી

સહીહ અલ્જવાબ. વલ્લાહુ તઆલા અઅ્લમ.

–(મુફતી) કાઝી અબ્દુર્રહીમ બસ્તવી ગુફિરહુલ કવી *[મર્કઝી દારુલ ઈફતા, ૮૨–સૌદાગ્રાન, બરેલી શરીફ, યુ.પી.–બહવાલા સુન્ની દુન્યા મંથલી, ફેબ્રુઆરી–૨૦૦૭]*

**દર્સે હદીષે પાક**

**મિર્અતુલ્ મનાજીહ તર્જુમએ મિશ્કાતુલ મસાબીહ**

**એટલે**

# મિર્આત (ઉર્દૂ) શરહે મિશ્કાત

**અઝ** : હકીમુલ ઉમ્મત હઝરત મુફ્તી અહમદ યારખાં નઈમી અશરફી બદાયૂની علیہ الرحمۃ والرضوان

**(કાર્યાલય)**

## ★ હદીષ : ૪૮ ★

હઝરત અલી[1] رضی اللہ عنہથી રિવાયત છે. ફર્માવે છે કે નબી કરીમ صلی اللہ علیہ وسلمએ ફર્માવ્યું, તમારામાં એવો કોઈ નથી જેનું એક ઠેકાણુ દોઝખમાં[2] અને એક ઠેકાણુ જન્નતમાં ન લખવામાં આવી ચૂક્યું હોય. લોકોએ અર્ઝ કરી, યા રસૂલલ્લાહ અમે અમારા લખેલા પર ભરોસો કેમ ન કરી લઈએ અને અમલ ત્યજી દઈએ[3]. ફર્માવ્યું, અમલ કર્યે જાવ, દરેકને તે જ અમલો આસાન થશે જેના માટે પેદા થયો[4]. જે ખુશનસીબોમાંથી છે તો તેને ખુશનસીબીના અમલો આસાન થશે અને જે બદ્નસીબોમાંથી છે તો તેને બદ્નસીબીના અમલો મયસ્સર થશે. પછી હુઝૂર صلی اللہ علیہ وسلمએ આ આયત તિલાવત ફર્માવી, "પરંતુ જે ખૈરાત કરે અને પરહેઝગાર અને ઈમાનદાર હોય.... (છેવટ સુધી)[6]." *(મુસ્લિમ, બુખારી)*

## ★ સમજૂતી ★

**૧.** આપનું નામ શરીફ અલી ઈબ્ને અબી તાલિબ છે, કુન્નિયત અબુલ હસન અને લક઼બ હૈદરે કર્રાર છે. કુરૈશી છે, હાશમી છે, મુત્તલબી છે, ઈસ્લામના ચોથા ખલીફા છે, અને **બાળકોમાંથી સૌથી પ્રથમ ઈમાન લાવનારા** છે, આઠ કે દસ વરસની વયે ઈમાન લાવ્યા. હુઝૂર صلی اللہ علیہ وسلمની સાથે ગઝવએ તબૂક સિવાય તમામ ગઝવાતમાં શરીક રહ્યા. આપના ફઝાઈલ હદ તથા ગણત્રી બહારના છે. આપ જ જનાબે મુસ્તફા صلی اللہ علیہ وسلمની નસલનું મૂળ છે. અખીઉર્રસૂલ ઝવજતુલ બતુલ છે એટલે કે આપનો એક હાથ ચાર યારમાં છે અને બીજો પંજતન પાકમાં છે. શાહે ખયબર શિકન છે.

**શમશેર ઝને શાહે ખયબર શિકન**
**પરતવે દસ્તે કુદરતપે લાખોં સલામ**

આપ ૧૮ ઝીલ હજ્જ હિ.સ. ૩૫ જુમ્આના રોજ અયન ઉષ્માનગની رضی اللہ عنہની શહાદતના દિવસે ખલીફા બન્યા. ચાર વરસ નવ મહિના ખિલાફત કરી અને ૬૩ વરસની ઉમર પામીને ૧૭ રમઝાને હિ.સ. ૪૦ જુમ્આના રોજ કૂફાની જામેઅ મસ્જિદમાં શહીદ કરવામાં આવ્યા. અબ્દુર્રહ્માન ઈબ્ને મુલ્જિમ મરાદીએ એક સ્ત્રી કિતામના ઈશ્કમાં સડપાયને તેણીના કહેવા પર શહીદ કર્યા. શહાદતથી ત્રીજા દિવસે વફાત પામ્યા. ઈમામ હસન તથા હુસૈન તથા અબ્દુર્રહ્માન ઈબ્ને જઅ્ફરે આપને ગુસ્લ આપ્યું. ઈમામ હસને નમાઝે જનાઝા પઢાવી. કૂફાના કબ્રસ્તાન નજફમાં દફન થયા. કબ્રે અન્વર લોકો માટે ઝિયારતગાહ છે. ફકીરે (લેખકે) પણ ઝિયારત કરી છે. આપની નવ પત્નીઓ થઈ : **(૧)** હઝરત ફાતિમા ઝોહરા, **(૨)** ઉમ્મે બનીન, **(૩)** લય્લા બિન્તે મસ્ઊદ, **(૪)** અસ્મા બિન્તે અમીસ, **(૫)** ઉમામા બિન્તે અબી આસ, **(૬)** ખૌલા બિન્તે જઅ્ફર **(૭)** સહબા બિન્તે રબીઆ, **(૮)** સઈદ બિન્તે ઉરવહ્, **(૯)** મહ્યા બિન્તે અમરૂલ કૈસ. આ પત્નીઓથી બાર પુત્રો અને નવ પુત્રીઓ થઈ જેમાંથી હસન, હુસૈન, ઝયનબ, ઉમ્મે કુલ્સૂમએ હઝરત ફાતિમા ઝહરાથી છે.

**૨.** અહીં 'વજઅની અવ્' છે એટલે કે લોહે મેહફૂઝમાં દરેક વ્યક્તિના વિશે પહેલેથી જ લખવામાં આવી ચૂક્યું છે કે, જન્નતી છે કે દોઝખી, જન્નતી છે તો કયા દરજાનો અને દોઝખી છે તે કયા તબકાનો. અહીં એ જ મુરાદ છે જેમ કે આગલા લખાણથી સ્પષ્ટ થાય છે.

**૩.** કેમ કે એ જ થશે જે લખવામાં આવી ચૂક્યું, અમલ ચાહે ગમે તેવા કરે પણ અલ્લાહનો ફૈસલો નથી બદલાતો.

**૪.** એટલે કે દુનિયામાં સામાન્યતઃ અમલો અંજામની નિશાનીઓ છે. જન્નતી માટે નેકીઓ સરળ અને ગુનાહ ભારે લાગે છે અને દોઝખીને એથી ઉલ્ટુ. પણ આ કાયદો મોટા ભાગે છે પણ સર્વ માટે નથી. ક્યારેક જીવનભરનો મુજરિમ જન્નતી થઈને મરે છે અને ક્યારેક એથી ઉલ્ટુ પણ થાય છે, જેથી આ હદીષ અગાઉ ગયેલી હદીષે સહલ ઈબ્ને સઅદની વિરુધ્ધ નથી.

**૫.** એટલે કે લોહે મેહફૂઝમાં કામ અને અંજામ બંનેવ લખવામાં આવી ચૂક્યાં છે કે ફલાણો નેકીઓ કરશે અને જન્નતમાં જશે અને ફલાણો કુફ્ર વગેરે કરશે જેથી જહન્નમી બનશે. બંદાઓ પર રબ તઆલાની ફર્માંબરદારી (આજ્ઞાપાલન) ફર્ઝ છે. તેમજ કોઈ વ્યક્તિ દોઝખી કે જન્નતી બનવા માટે મજબૂર નથી.

**૬.** આ આયત જો કે અબૂબક્ર સિદ્દીકના ઈમાન તથા સખાવતના વિશે નાઝિલ થઈ પરંતુ લખાણ સર્વ સામાન્ય છે એટલા માટે દરેક જગાએ લાગુ થઈ શકે છે.

## તૌરાત અને ઈન્જીલમાં નબી صلی اللہ علیہ وسلم ની નિશાનીઓ !

(કાર્યાલય)

જયારે હુઝૂર صلی اللہ تعالیٰ علیہ وسلم ની ઉંમર ૧૨ વર્ષની થઈ ત્યારે અબૂ તાલિબે વેપાર અર્થે સીરિયાનો પ્રવાસ ખેડયો હતો. અબૂ તાલિબને હુઝૂર صلی اللہ تعالیٰ علیہ وسلم સાથે અનહદ પ્રેમ અને મહોબ્બત હતી આથી તેઓ આપને પણ એ પ્રવાસમાં પોતાની સાથે લેતા ગયા. હુઝૂરે અકદસ صلی اللہ تعالیٰ علیہ وسلم એ નબુવ્વતના એ'લાન પહેલાં ત્રણ વાર વેપાર અર્થે મુસાફરી ફર્માવી હતી. બેવાર સીરિયા તશરીફ લઈ ગયા હતા અને એકવાર યમન તશરીફ લઈ ગયા હતા.

આ સીરિયા દેશનો આપનો સર્વ પ્રથમ પ્રવાસ હતો. આ પ્રવાસ દરમ્યાન 'બુસરા'માં બુહૈરા પાદરી પાસે આપના કાફલાએ ઉતારો કર્યો હતો. એણે તૌરાત અને ઈન્જીલમાં વર્ણવાયેલી અંતિમ નબીની નિશાનીઓથી આપને જોતાં જ ઓળખી લીધા હતા અને અત્યંત અકીદત અને એહતેરામ (સન્માનપૂર્વક) સાથે એણે આપના કાફલાવાળાઓની દા'વત કરી. અને અબૂ તાલિબને કહ્યું હતું, આ સમગ્ર વિશ્વના સરદાર અને રબ્બુલ આલમીનની (સૃષ્ટિના પાલનહાર)ના રસૂલ છે જેમને ખુદા તઆલાએ રહ્મતુલ્લિલ્ આલમીન બનાવીને મોકલ્યા છે. મેં જોયું છે કે વૃક્ષો અને પત્થરો એમને સજદા કરે છે, અને વાદળાં (અબ્ર) એમના પર છાંયડો કરે છે અને એમના બંને ખભા વચ્ચે "મોહરે નબુવ્વત" છે આથી હવે તમે એમને વધુ આગળ ન લઈ જાવ એ તમારા અને એમના હક્કમાં વધુ સારું થશે. હવે તમે પોતાનો માલ અહીં જ વેચીને સત્વરે મક્કા પાછા ચાલ્યા જાવ કારણ કે સીરિયા દેશમાં યહૂદી લોકો એમના સૌથી મોટા દુશ્મન છે ત્યાં પહોંચતાં જ એમને શહીદ કરી નાખશે. બુહૈરા રાહિબના કહેવાથી અબૂ તાલિબને પણ ભયનો અણસાર આવી ગયો આથી તેમણે ત્યાં જ પોતાનો માલ વેચી કાઢયો અને સત્વરે હુઝૂર صلی اللہ تعالیٰ علیہ وسلم ને પોતાની સાથે લઈને મક્કા મુકર્રમા પાછા આવી ગયા. બુહૈરા પાદરીએ ત્યાંથી રવાનગી વખતે અત્યંત શ્રદ્ધાપૂર્વક આપને મુસાફરીનું ભાથું પણ આપ્યું હતું. *(તિર્મિઝી, ભાગ-૨, બાબ : મા જા-અ ફી બદ્એ નબુવ્વતુન્નબી صلی اللہ تعالیٰ علیہ وسلم)*

شفا شریف

# શિફા શરીફ

મૂળ લેખક : ફકીહ કાઝી ઈમામ અબુલ્ ફઝ્લ અયાઝ માલિકી ઉન્દલુસી رحمۃ اللہ علیہ

★ ગુજરાતી અનુવાદક ★

ગુલામ હુસૈન આદમભાઈ મો'મિન અશરફી *(પાટડીવાળા)*

## વિભાગ : ૧૬

## રસૂલુલ્લાહ ﷺ નો હુસ્ને સુલૂક (વ્યવહારની શિષ્ટતા) હુસ્ને અદબ (સુસભ્યતા) અને દિલજૂઈ (સાંત્વન)

સરવરે કોનો મકાં ﷺનો ખુદાની મખ્લૂક સાથે જે શિષ્ટ વ્યવહાર અને સુસભ્યતા અને સાંત્વનનો વર્તાવ હતો તેમાં આપનો દરજ્જો એટલો ઊંચો હતો કે, તેમની સહીહ ખબરોથી દુનિયાનો ખૂણેખૂણો ગાજી રહ્યો હતો. હઝરત અલી کرم اللہ تعالیٰ وجہہ الکریم એ ફર્માવ્યું છે કે, **રસૂલુલ્લાહ ﷺ લોકોથી વધારે વિશાળ દિલ, વાતચીતમાં સાચા, નરમ તબીઅતવાળા અને શિષ્ટ વ્યવહાર કરવાવાળા અને ગુલામને માન આપનારા હતા.**

ઈમામ કાઝી અયાઝ رحمۃ اللہ علیہ ફર્માવે છે કે, અમારાથી પોતાની સનદ સાથે હદીષ બયાન કરી છે અબુલ હસન અલી બિન મુશર્રફ અન્માતી رحمۃ اللہ علیہએ, તેમનાથી અબૂ ઈસ્હાક હબ્બાલે, તેમનાથી અબૂ મુહમ્મદ બિન નહાસે, તેમનાથી ઈબ્ને અલ્અરાબીએ, તેમનાથી ઈમામ દાઊદે, તેમનાથી હિશામ બિન અબૂ મરફાને અને મુહમ્મદ બિન અલ્મુષન્નાએ, તેમનાથી વલીદ બિન મુસ્લિમે, તેમનાથી ઈમામ અવઝાઈએ, તેમણે યહ્યા બિન અબી કષીરથી સાંભળ્યું. તેઓ ફર્માવે છે કે, અમારાથી હદીષ બયાન કરી, મુહમ્મદ બિન અબ્દુર્રહ્માન ઈબ્ને અસ્અદ બિન ઝર્રાહે કે, કૈસ બિન સઅદ رضی اللہ عنہએ ફર્માવ્યું કે, એક વખતે રસૂલુલ્લાહ ﷺ અમારે ત્યાં તશરીફ લાવ્યા અને સંપૂર્ણ બનાવ વર્ણવ્યો. જેના અંતમાં ફર્માવ્યું કે, જ્યારે રસૂલ ﷺએ પાછા ફરવાનો ઈરાદો કર્યો ત્યારે મારા પિતા હઝરત સઅદ رضی اللہ عنہએ સવારી પર કપડું નાખી આપની ખિદમતમાં રજૂ કરી. જ્યારે આપ સવાર થઈ ગયા ત્યારે વાલિદે મુહતરમે ફર્માવ્યું, અય કૈસ ! તમે રસૂલલ્લાહ ﷺના સાથે જાવ. હઝરત કૈસ رضی اللہ عنہ ફર્માવે છે કે, હું આપના સાથે ગયો. સરવરે કોનો મકાં ﷺએ મને પોતાના સાથે સવાર થવા માટે ફર્માવ્યું, મેં અદબના લીધે સવાર થવાની લાચારી બતાવી ત્યારે ફર્માવ્યું કે, મારા સાથે સવાર થઈ જાવ અથવા પાછા ફરો ! લાચારીથી મારે પાછા ફરવું પડયું. બીજી રિવાયતમાં છે કે, આપે તેમને આગળ બેસવા માટે ફર્માવ્યું હતું, કેમ કે આગળ બેસવાનો હક્ક઼ તેનો છે જેની સવારી હોય.

રસૂલુલ્લાહ ﷺ લોકોથી નફરત કરતા ન હતા બલ્કે લોકોનાં દિલોને રાજી કરતા. પ્રતિષ્ઠિત વ્યક્તિઓનું સન્માન કરતા અને તેમના પર વાલી મુકર્રર કરતા હતા, લોકોને ખુદાનો ખૌફ યાદ દેવડાવતા. આમ લોકોના સહવાસથી પરહેઝ કરતા પરંતુ કોઈના સાથે ખરાબ વર્તાવ કરતા નહીં. પોતાના સહાબાના ત્યાં પણ તશરીફ લઈ જતા. મજલિસમાં સામેલ દરેકને તેની યોગ્યતા મુજબ હક્ક઼ આપતા જેના કારણે શખ્સે રિસાલતનો દરેક પરવાનો એવું ગુમાન કરતો કે, આપની ખાસ કરમની નજર મારી હાલત પર જ છે. જ્યારે આપ કોઈને પોતાના પાસે બેસાડતા અથવા કોઈ જરૂરત લઈને આવતો ત્યારે આપ એ સમય સમય સુધી ત્યાં જ રોકાઈ રહેતા, જ્યાં સુધી તે પોતે રજા માંગી ચાલ્યો ન જાય. જો કોઈ હાજત (જરૂરિયાત) રજૂ કરતો તયારે તેને ખાલી હાથે પાછો જવા ન દેતા. જો કાંઈ પણ પ્રાપ્ત ન હોય ત્યારે દિલને સાંત્વન

આપતા શબ્દોથી માલમાલ ફર્માવી દેતા. આપ તમામ લોકોથી વિશાળ હૃદયી અને વિશાળ સંસ્કાર ધરાવતા હતા. આપ બધાને માટે બાપના સ્થાને હતા. દરેક પર આપની કૃપાદૃષ્ટિ એક સરખી હતી.

ઈબ્ને અબી હાલા رضی اللہ عنہ એ આપના ગુણગાનમાં ફર્માવ્યું કે, રસૂલુલ્લાહ صلی اللہ علیہ وسلم હમેશાં ફૂલના જેમ ખિલેલા રહેતા હતા. સદ્‌વર્તણૂંક અને નરમ સ્વભાવવાળા હતા. આપ ખરાબ સંસ્કાર, પથ્થર દિલ, બજારોમાં બૂમો પાડનાર, અશિષ્ઠ વાર્તાલાપ કરનાર, બીજાની ખામીઓ કાઢનાર અને ખુશામતવાળા બિલ્કુલ ન હતા. જે વસ્તુની જરૂરત ન હોતી તેના તરફ ધ્યાન આપતા ન હતા. કોઈપણ સવાલી આપની બારગાહે આલીથી ક્યારેય પણ ખાલી હાથે પાછો ફરતો નહીં. બારી તઆલાએ આપના આ ગુણોનું બયાન કરતા ફર્માવ્યું છે :–

فَبِمَا رَحْمَةٍ مِّنَ اللّٰهِ لِنْتَ لَهُمْ ۚ وَلَوْ كُنْتَ فَظًّا غَلِيْظَ الْقَلْبِ لَانْفَضُّوْا مِنْ حَوْلِكَ فَاعْفُ عَنْهُمْ وَاسْتَغْفِرْ لَهُمْ وَشَاوِرْهُمْ فِى الْاَمْرِ ۚ

અર્થ : ''તો અલ્લાહની કેવી મહેરબાની છે કે, અય મહબૂબ ! તમે એમના ખાતર નરમ દિલના બન્યા અને ચઢેલા દિમાગ અને સખત દિલના હોત તો તેઓ જરૂર તમારી પાસેથી વિખેરાઈ જાત, તો તમે એમને માફ કરો અને એમની શફાઅત કરો અને કામોમાં એમનો અભિપ્રાય લો.'' *(સૂરએ આલિ ઈમ્રાન, આયત–૧૫૯)*

બીજા સ્થળે આ ગુણો આવી રીતે બયાન કર્યા છે :–

اِدْفَعْ بِالَّتِىْ هِىَ اَحْسَنُ ۚ فَاِذَا الَّذِىْ بَيْنَكَ وَبَيْنَهٗ عَدَاوَةٌ كَاَنَّهٗ وَلِىٌّ حَمِيْمٌ ۝ وَمَا يُلَقّٰهَا اِلَّا الَّذِيْنَ صَبَرُوْا وَمَا يُلَقّٰهَا اِلَّا ذُوْ حَظٍّ عَظِيْمٍ ۝

''બુરાઈને ભલાઈ વડે ટાળ જેમાં તે કે તારામાં અને તેનામાં શત્રુતા હતી તે એવો બની જશે જાણે કે ગાઢ મિત્ર. અને સબર કરનારાઓ સિવાય (અન્યને) એ દૌલત પ્રાપ્ત થતી નથી. જે મહા ભાગ્યવાન હોય તે જ એને મેળવે છે. *(સૂરએ હા મીમ–સજદહ્, આયત–૩૪,૩૫)*

જો કોઈ શખ્સ આપની દા'વત કરતો ત્યારે આપ જરૂર કબૂલ ફર્માવતા. ભેટ કેટલીય સામાન્ય (હલ્કી) અથવા ઓછી કિંમતની કેમ ન હોય, આપ કબૂલ કરવાથી ઈન્કાર કરતા નહીં અને તેના બદલામાં ભેટ આપનારનું સન્માન કરતા હતા. હઝરત અનસ رضی اللہ عنہ ફર્માવે છે કે, હું દસ વર્ષ રસૂલલ્લાહ صلی اللہ علیہ وسلم ની ખિદમતમાં રહ્યો. આ સમય ગાળામાં આપે મને ક્યારેય ઉફ સુદ્ધાં કહ્યું નથી. જ્યારે હું કોઈ કામ કરતો ત્યારે આપે એ નથી ફર્માવ્યું કે, તમે ફલાણું કામ કેમ કર્યું ? અને જ્યારે કોઈ કામ ન કર્યું તો પણ એ ન ફર્માવ્યું કે, તમે ફલાણું કામ કેમ ન કર્યું.

હઝરત આઈશા સિદ્દીકા رضی اللہ عنہا થી રિવાયત છે કે, રસૂલુલ્લાહ صلی اللہ علیہ وسلم થી વધુ સારા કોઈના પણ અખ્લાક ન હતા. જ્યારે પણ આપના સહાબા અથવા અહલે બયતમાંથી કોઈએ બોલાવ્યા કે તુરત જ તેની પાસે તશરીફ લઈ જતા હતા.

હઝરત જરીર બિન અબ્દુલ્લાહ رضی اللہ عنہ ફર્માવે છે કે, જ્યારથી હું મુસલમાન બન્યો ક્યારેય મને આપે પોતાના પાસે આવવાથી મનાઈ ફર્માવી નહીં અને જ્યારે પણ મેં રસૂલુલ્લાહ صلی اللہ علیہ وسلم ને જોયા તો સ્મિત ફર્માવતા જ જોયા.

ફખ્રે દો આલમ صلی اللہ علیہ وسلم પોતાના સહાબાને સાંત્વન આપતા, તેમના સાથે ખુશમિજાજથી વાર્તાલાપ કરતા, તેમનાં બાળકોને આશ્વાસન આપતા અને તેમને ગોદમાં ઉઠાવી લેતા હતા. દરેક આઝાદ, ગુલામ લોંડી અને ગરીબની દા'વત કબૂલ કરી લેતા હતા. મદીના મુનવ્વરાના કોઈપણ ખૂણામાં કોઈ બીમાર થઈ જતો તો આપ તેની ખબર અંતર લેતા અને ક્ષમાયાચના ઈચ્છુકની ક્ષમા કબૂલ લેતા હતા.

## આદાબે મજલિસ

હઝરત અનસ رضي الله عنه ફર્માવે છે કે, કોઈ શખ્સ વાત કરવા માટે આપના મુબારક કાનથી મોં લગાડતો તો આપ મુબારક માથુ પાછુ હઠાવતા ન હતા ત્યાં સુધી કે તે શખ્સ જાતે જ હટી જતો. જ્યારે પણ કોઈકે આપના મુબારક હાથને પકડયો તો આપે આપનો મુબારક હાથ છોડાવ્યો નહીં, ત્યાં સુધી કે તે પોતે છોડી દેતો. સહાબાએ કિરામથી હસ્તધુનન (મુસાફો) કરવામાં આપ પહેલ કરતા. જ્યારે પણ કોઈ શખ્સ મળતો ત્યારે રસૂલુલ્લાહ ﷺ તેમનાથી પહેલાં સલામ કરતા. પોતાના સહાબાઓ વચ્ચે આપ ક્યારેય પણ પગ ફેલાવીને બેસતા નહીં જેથી બીજાને જગ્યા સાંકડી પડે. જે શખ્સ આપના પાસે હાજર થતો આપ તેની ઈજ્જત કરતા અને કેટલીક વખતે તેના માટે કપડું બીછાવી આપતા અથવા તકીયો અર્પણ કરી આપતા હતા. જો કોઈ સહાબી ઈન્કાર કરતા તો આપ આગ્રહ કરી બેસાડતા અને કેટલીક વખતે તેને બેસવા માટે કસમ સુદ્ધાં આપતા હતા.

## માનવ જાતિની ઈચ્છાપૂર્તિ

ફખ્રે દો આલમ ﷺ પોતાના સહાબાને પ્યારા પ્યારા નામ અને લકબથી પુકારતા હતા, કોઈની વાત ટોકતા નહીં. જો કોઈ વાતચીતમાં સીમા ઉલ્લંઘન કરતું તો તેને રોકી દેતા અથવા પોતે ઉઠીને જતા રહેતા.

જો કોઈ શખ્સ આપના પાસે એવા સમયે આવતો કે આપ નમાઝમાં મગ્ન હોત તો આપ નમાઝને ટૂંકાવી દેતા હતા. તે શખ્સની જરૂરત જાણી લઈને પહેલાં તેની જરૂરિયાત પૂરી કરી આપતા પછી નમાઝમાં બીજી વખત તલ્લીન થઈ જતા. નુઝૂલે કુર્આન, વાઅઝ અને ખુત્બાના સિવાય આપ સ્મિત વેરતા અને ખૂબ જ પ્રસન્ન નજરે આવતા હતા.

હઝરત અબ્દુલ્લાહ બિન હારિષ رضي الله عنه એ ફર્માવ્યું છે કે, મેં રસૂલલ્લાહ ﷺથી વધીને સ્મિતની આદતવાળા કોઈને પણ જોયા નથી. હઝરત અનસ رضي الله عنه ફર્માવે છે કે :–

''મદીના મુનવ્વરાના ખાદિમો બારગાહે રિસાલતમાં હાજર થતા અને પોતાના વાસણોમાં પાણી ભરીને લાવતા, જ્યારે નબી કરીમ ﷺ સવારની નમાઝથી નિવૃત્ત થઈ જતા ત્યારે તેમના પાણીના વાસણોમાં હાથ ડૂબાવતા. જો કે કેટલીક વખતે સવારે સખ્ત ઠંડી પણ હોતી. આવું કરવાથી તે લોકોનો હેતુ બરકત પ્રાપ્ત કરવાનો હતો. *(પેજ–૯૫)*

## પશ્ચિમી દેશોમાં ઈસ્લામ પ્રત્યે આકર્ષણ !

તાજેતરમાં એવા અહેવાલો આવ્યા છે કે અમેરિકામાં વર્લ્ડ ટ્રેડ સેન્ટર પર હુમ્લા પછી પશ્ચિમી દેશોમાં ઈસ્લામ પ્રત્યેની જાણકારીમાં વેગ આવ્યો છે, જેના પરિણામે પશ્ચિમી દેશોમાં સેંકડો લોકોએ ઈસ્લામ ધર્મનો અંગીકાર કર્યો છે. આ બનાવ પછી વિ□માં પવિત્ર કુર્આનની પ્રતોનું વેચાણ વધી ગયું છે. પશ્ચિમી લોકો અંગ્રેજી, ફ્રાન્સીસ ભાષામાં તેને સમજી રહ્યા છે. જર્મનના સાપ્તાહિક ''ડેર–સ્વીઝેલ'' સાપ્તાહિકે એવી જાહેરાત કરી હતી કે, જુલાઈ ૨૦૦૪થી જૂન ૨૦૦૫ સુધી એમ એક વર્ષના ગાળામાં દેશમાં ચાર હજાર મૂળ જર્મનીઓ ઈસ્લામના પાલવમાં આવ્યા છે. જર્મનીમાં મૂળ આરબ વંશીય લોકો અગાઉ આવીને વસ્યા છે અને પૈગંબર સાહબના યુગથી જ અહીં ઈસ્લામ ધર્મ થોડા અંશે હતો જ. અહીંની ઈસ્લામી સંસ્થાના જણાવ્યા પ્રમાણે સુશિક્ષિત, સુસંસ્કૃત જર્મનીઓને ઈસ્લામમાં વધુ રૂચિ દેખાઈ રહી છે. આ લોકો એમ કહે છે કે ઈસ્લામ ધર્મ અંગીકાર કર્યા પછી અમને વધુ માનસિક શાંતિ મળી રહી છે. અને ભૌતિક સુખો કરતાં આ મોટી ''દૌલત'' છે એમ તેઓ કહે છે. હાલમાં જર્મનીમાં લગભગ ૩.૫ મીલીયન (૩૫ લાખ) મુસ્લિમો છે જે પૈકી ૧૦ હજારથી વધુ મૂળ આરબવંશના જર્મન મુસ્લિમો છે. *(ગુજરાત ટુડે, તા. ૨૨/૧/૨૦૦૭)*

કાર્યાલય

## નબી ﷺ ની સુન્નત અને આધુનિક વિજ્ઞાન

### ઈસ્લામી કાનૂનના વિરોધીઓની આ છે ભયાનક હાલત !

**ઓસ્ટ્રિયા**ના એક બાર વરસના છોકરાએ પોતાના મા બાપની વિરુધ્ધ એક લાખ ડોલર નુકસાનીનો દાવો કર્યો છે. કારણ કે તેને ડાબોડી શા માટે પેદા કર્યો ! ડાબોડી હોવાને કારણે તે રમતોની હરીફાઈમાં પાછળ રહી ગયો અને ઈનામ ન મેળવી શક્યો. અમેરિકી કોંગ્રેસના એક સભ્ય મિ. કલાર્ક પીટરે ઘટસ્ફોટ કર્યો છે કે ઈ.સ. ૧૯૮૪ સુધી અમેરિકાના દસ હજાર ડોકટરોની પાસે બનાવટી ડિગ્રીઓ હતી જેઓ બાકાયદા પ્રેક્ટિસ કરતા હતા. *(જંગ, ૧૩/૧૨/૧૯૮૪)*

**અમેરિકા**ની હાઈસ્કૂલોમાં દરેક બીજો વિદ્યાર્થી શરાબી છે, દરેક ચોથો વિદ્યાર્થી ધુમ્રપાન કરે છે અને દસમો વિદ્યાર્થી (ડ્રગ)નો ઉપયોગ કરે છે. એક સર્વેના પ્રમાણે અમેરિકામાં દર સાત મિનિટ બાદ એક બાળકની નશાકારક ડ્રગના ઉપયોગના અનુસંધાનમાં ધરપકડ કરવામાં આવે છે, દર આઠમી સેકંડે એક બાળક સ્કૂલ છોડી જાય છે, દર ૨૭ મી સેકંડે એક ઓછી વયની છોકરી માં બને છે, દર ૪૭ મી સેકંડે એક બાળકી પર બળાત્કાર થાય છે અને દર ૩૬ મી મિનિટે કોઈ અમેરિકી ક્યાં તો ફાયરીંગ કરવાના શસ્ત્ર વડે ઘાયલ થાય છે અથવા તો તેનૂં ખૂન થઈ જાય છે.

**બ્રિટન**માં ઈ.સ. ૧૯૮૬માં નાની વયના બાળકોમાં સજાતીય સંબંધના ૧૨૦૦ બનાવો બન્યા જેમની ઉમરો પાંચ વરસથી પણ ઓછી હતી. બ્રિટનમાં સ્કૂલોમાં નાબાલિગ બાળકો નવ કરોડ પાઉન્ડ વાર્ષિક સિગરેટ પીવામાં ખર્ચે છે, આ ખતરનાક સ્થિતિની જવાબદારી મિશ્ર શિક્ષણ તથા સેક્સી દશ્યો પર આધારિત ફિલ્મો પર નાખવામાં આવી છે. *(જંગ, ૨૮–૪–૧૯૮૭)*

**જર્મની**માં પુરૂષ પુરૂષ સાથે, સ્ત્રી સ્ત્રી સાથે એટલે સજાતીય શાદીની માંગ જોર પકડી ગઈ છે, બર્લિનમાં આ માંગણીના ટેકામાં ૫૦૦ સજાતીય સંબંધના સમર્થકોએ દેખાવો કર્યા છે. ઈ.સ. ૧૯૮૪માં એક નિરીક્ષણ પ્રમાણે કેવળ સાન્ફ્રાંસિસ્કોમાં ૭૦,૦૦૦ (સિત્તર હજાર) સજાતીય સંબંધ રાખનારાઓ મૌજૂદ હતા. સજાતીય સંબંધ ધરાવનારાઓએ કોલોરાડોમાં પોતાનું પ્રથમ રેડિયો સ્ટેશન સ્થાપી લીધું છે.

### ★ કૌટુંબિક વ્યવસ્થા વિખેરવાની તથા સ્ત્રી આઝાદીની યોજના ★

**રશિયા**માં ઈ.સ. ૧૯૧૭માં સામ્યવાદી ક્રાંતિ (Communist revolution) પછી સામ્યવાદી ખયાલોના મુજબ કહેવામાં આવ્યું કે, "કૌટુંબિક જીવન વ્યવસ્થા એ મૂડીવાદ તથા વ્યક્તિગત લાભની પેદાવાર છે એટલા માટે એને ખત્મ કરી દેવામાં આવે." માર્ક્સના જમણા હાથ એન્જલ્સે પોતાના પુસ્તક 'ખાનદાન'ની શરૂઆતમાં લખ્યું છે કે,

"ખાનદાન (કુટુંબ) હકીકતમાં એ આર્થિક વ્યવસ્થાનું પરિણામ છે જે અંગત મિલ્કતના ખયાલ પર આધારિત હોય અને જે એક પેઢીને બીજી પેઢીથી વારસો પામવાનો હક્ક આપે છે જેમાં પતિ પત્ની ઉપર એટલા માટે સત્તા જમાવે છે કે તે કમાઈને પગાર લાવી આપે છે. એન્જલ્સે લખ્યું કે, "જો વારસાનો હક્ક અને અંગત માલિકીપણુ ખત્મ કરી દેવામાં આવે અને સ્ત્રીને આર્થિક દષ્ટિએ પુરૂષ સમાન કરી દેવામાં આવે તો પછી કૌટુંબિક વ્યવસ્થા અને ઘરને કાયમ રાખવા (ચલાવવા) માટે કોઈ આર્થિક જરૂરત બાકી રહેશે નહીં. સ્ત્રી તથા પુરૂષના મિલાપથી થતાં બાળકોનો ઉછેર ગવર્નમેન્ટ કરે. આ

લેખકે સ્ત્રી પુરૂષના મિલાપનો અર્થ કેવળ સેક્સને સંતોષવાનો જ ગણ્યો. આવા ખયાલો પર આધારિત "સામ્યવાદી જીવન શૈલી" એ "કૌટુંબિક જીવન વ્યવસ્થા"ને નાબૂદ કરવાના માટે નીચે પ્રમાણેના પગલાં ભર્યાં :–

**૧.** ૧૭ થી ૩૨ વર્ષ વચ્ચેની સર્વ સ્ત્રીઓ ગવર્નમેન્ટની મિલ્કત ઠરાવી દીધી અને તેમના પર તેમના પતિઓના હક્કો નાબૂદ કરી નાખ્યા.

**૨.** બાળકોમાં એ ખયાલ પેદા કર્યો કે તેઓ પોતાનાં મા બાપ વિરુધ્ધ ગવર્નમેન્ટના માટે જાસૂસી કરે.

**૩.** પ્રથમ દરેક પુરૂષ તથા સ્ત્રી પર એ અનિવાર્ય કરવામાં આવ્યું કે જે કામ તેને આપવામાં આવે તે ગમે તેમ કરીને તેણે પૂર્ણ કરવું પડશે. પછી એવું કરવામાં આવ્યું કે પતિને જો એક શહેરમાં કામ આપવામાં આવતું તો પત્નીને કોઈ અન્ય શહેરમાં કામ પર લગાડવામાં આવતી.

**૪.** આ સંજોગોમાં પતિ પત્નીઓને મુશ્કેલીઓ ઉભી થઈ તો લેબર બોર્ડે એ મુશ્કેલીઓનો હલ એ કાઢયો કે પોતાના ઠેકાણે જેને ચાહે પતિ કે પત્ની બનાવી લે અને સાથોસાથ જાઈઝ તથા નાજાઈઝ (હરામી) બાળકોની તમામ હેસિયતો સમાન કરી દીધી.

**૫.** સ્ત્રીઓની સહુલતના માટે ઠેકઠેકાણે દેશમાં ઠેર ઠેર સરકારી તંત્ર હેઠળ ગર્ભ પાડવા માટેનાં સેન્ટરો ઉભાં કરી દેવામાં આવ્યાં જેથી જે સ્ત્રીઓ પોતાના જાઈઝ કે નાજાઈઝ ગર્ભને પડાવવાની ઈચ્છુક હોય તેમને કોઈ મુશ્કેલી ન નડે.

## ★ ઉપરોક્ત કાયદાનાં પરિણામો ★

ગવર્નમેન્ટની લાવારિસ બાળકોના ઉછેરવાની સંસ્થાઓનાં બાળકો ઉપરાંત પચાસ લાખ બાળકો દર દર ફરતાં ભટકતાં રહે છે જેમને ન તો ખાવા મળે છે ન તો સૂવા માટે છત મળે છે. **૧૧–૧૨ વરસની લાખો છોકરીઓ રૂસી નવયુવાનોની વાસના સંતોષવા માટે વકફ રહે છે. રૂસી ગવર્નમેન્ટ એને પ્રાઈવેટ વ્યાપારમાં ગણે છે અને એની પરમિશન આપીને તેણીઓ પાસેથી પોતાનો નિશ્ચિત ટેક્ષ વસૂલ કરે છે.** લેનીનની પત્નીના અંદાજા પ્રમાણે એવાં બાળકોની સંખ્યા ૭૦ લાખ સુધી પહોંચી ગઈ હતી. બાળકોની ગુનાખોરી એટલી હદે વધી ગઈ કે ૭/૪/૧૯૩૫માં કેન્દ્રિય વ્યવસ્થાપક કમિટી તથા સરકારી ખાતાના ઉચ્ચ અધિકારીઓની કાઉન્સિલે સર્વ સમંતિએ એવું ઠરાવ્યું કે ૧૨ વરસથી અધિક વયના બાળકોને પૂરેપૂરી એટલે કે પુખ્ત વયની વ્યક્તિઓ સમાન સજા આપવામાં આવે.

ઈ.સ. ૧૯૩૪ની ગણત્રીના મુજબ કેવળ **મોસ્કોમાં ૫૭,૦૦૦ જન્મોના મુકાબલામાં ૧,૫૪,૦૦૦ ગર્ભ પાડી નાખવામાં આવ્યા અને ગામડાઓમાં ૨,૪૨૯૭૯ જન્મોના મુકાબલામાં ૩,૨૪,૧૯૪ ગર્ભપાત કરવામાં આવ્યા. જાણે શહેરોમાં પેદા થનાર દર ચાર બાળકોમાંથી ત્રણને માતાના ગર્ભમાં જ મૌતને ઘાત ઉતારી દેવામાં આવ્યાં. તલાકોની સંખ્યા પણ ૪૪% થઈ ગઈ.**

## ★ હવે આંખો ખુલે છે ! ★

જયારે સ્ત્રી આઝાદી તથા પુરૂષ સમોવડી બનાવવાનાં આવાં શાનદાર પરિણામો સામે આવ્યાં ત્યારે સામ્યાવાદીઓની આંખો ખુલી. પ્રખ્યાત વર્તમાન પત્ર Izvestiaએ પોતાની ૧૪–૭–૧૯૩૫ની આવૃત્તિમાં આ વાત પર મૂક્યો કે :–

"સમય આવી ગયો છે કે દાંપત્યજીવનમાં ખયાનતને કાનૂની જુર્મ ઠરાવવામાં આવે અને લોકોના સમક્ષ જાહેર કરવામાં આવે કે પતિ પત્નીના સંબંધોમાં બેવફાઈ સંયુક્ત સામાજિક અખ્લાકી રૂએ સખ્ત અયબદાર તથા પકડને પાત્ર છે."

અત્યાર સુધી ગવર્નમેન્ટનાં સર્વ પ્રચાર માધ્યમો (Media) પોતાનું સઘળુ જોર ગર્ભભાત, તલાક તથા આઝાદીની રીતે ઈશ્કબાઝીની તબ્લીગ તથા ઉત્તેજન પર ખર્ચતુ હતું અને હવે એનાથી કેટલાયે અંશે અધિક ભારપૂર્વક એ ચીજોની બુરાઈ વર્ણન કરવામાં ખર્ચવા લાગ્યાં, મા બાપના હક્કો અને મર્તબાનો સ્વીકાર થવા લાગ્યો. બાળકોનો ઉછેર તથા કેળવણીની જિમ્મેદારી ફરી માં બાપના માથાં પર નાખવા લાગ્યા, પુષ્કળ પ્રમાણમાં એવું સાહિત્ય પ્રસિદ્ધ થવા લાગ્યું જેમાં તલાક તથા ગર્ભપાતની ભયાનક્તાઓ અને તેનાં ધૃણાસ્પદ પરિણામો દર્શાવવાનું શરૂ થયું. બાપની મહોબ્બત તથા માંના હેતનાં ગુણો ગવાવા માંડયાં, કૌટુંબિક જીવન વ્યવસ્થાની ખૂબીઓ તેના ફાયદા તથા તેની બરકતો દિલોમાં બેસાડવાનું કામ થવા માંડયું. રૂસી ગવર્નમેન્ટ તરફથી ઘર તથા ખાનદાન (કૌટુંબિક જીવન બંધારણ)ની ખૂબીઓ લોકોના દિમાગોમાં બેસાડવા માટે ઠેર ઠેર કોન્ફરન્સો ગોઠવવાના હુકમો બહાર પાડવામાં આવ્યા...વગેરે.

આ ઉપરાંત આ પ્રકારની ઘણી કાર્યવાહીઓ સામ્યવાદીઓ થકી થતી રહી પણ મૂળ ગલતી જેમની તેમ બાકી રહી અને સ્ત્રીને ઘરની જિમ્મેદારીઓથી અલગ કરી પુરૂષોની જેમ કામ કરવાની જિમ્મેદારી બાકી રાખી એટલા માટે સર્વ સુધારણાના પ્રયત્નો છતાં હાલત સુધરી ન શકી.

### ★ ગોર્બાચોવનો એકરાર ! ★

સોવિયેટ યુનિયન (રશિયા)નો અંતિમ હાકિમ ગોર્બાચોવ પોતાના પુસ્તક **Perstrika**માં લખે છે :–

"પશ્ચિમી સમાજમાં સ્ત્રીને ઘરથી બહાર કાઢવામાં આવી, તેણીને આઝાદી આપવાના પરિણામે યકીનન ! આપણને આર્થિક લાભો હાંસલ થયા અને ઉત્પાદનમાં કાંઈક ઉમેરો થયો, કેમ કે પુરૂષ પણ કામ કરી રહ્યા છે તો સ્ત્રીઓ પણ કામ કરી રહી છે. પણ સ્ત્રી આઝાદીનું જે અનિવાર્ય પરિણામ ઉપસ્થિત થયું તે એ કે આપણી કૌટુંબિક જીવન વ્યવસ્થા (Family system) ખલાસ થઈ ગઈ અને એના ફળ રૂપે આપણને જે નુકસાન પહોંચ્યું છે તે એના ફાયદાઓથી વિશેષ છે. એટલા માટે હું મારા દેશમાં 'પ્રોસ્ટ્રાઈકા' નામથી એક ચળવળ શરૂ કરી રહ્યો છું એનાથી મારો પાયાનો હેતુ એ છે કે, **"સ્ત્રી જે ઘરેથી બહાર નીકળી છે તેને ફરી ઘરે પાછી લાવવામાં આવે."** એના માટે આપણે પ્લાન વિચારવા પડશે જેથી આપણી કૌટુંબિક જીવન વ્યવસ્થાની તબાહીથી ક્યાંક આપણી પૂરી કૌમ તબાહ ન થઈ જાય."

પણ વાત એ છે કે તીર કમાનથી નીકળી ચૂક્યું છે ! એને વાળવું મુશ્કેલ છે, તેમ જે કૌમમાં સ્ત્રીઓ આઝાદીથી ફરતી થઈ, પુરૂષો સાથે નોકરી, ધંધા કરતી થઈ, ક્યાંક પ્રાઈવેટ સેક્રેટરી તો ક્યાંક બોસની સ્ટેનો વગેરે બનતી ગઈ, સ્ત્રી પુરૂષ સાથે ભેગી મળી જોબ કરવા લાગી તો આગ અને પેટ્રોલના ભેગા થવાથી જે સ્વભાવિક પરિણામ આવે એવાં જ પરિણામો આજે દરેક દિમાગવાળો આંખવાળો અનુભવી રહ્યો છે અને એની પીડાથી ઘણા સમાજ કણસી રહ્યા છે પણ કહે કોને ?! હાથનાં કર્યાં હૈયે વાગ્યાં !

એટલા જ માટે અલ્લાહના રસૂલ ﷺ એ સ્ત્રીને એની મર્યાદામાં રાખીને તથા રહીને જીવન જીવવનો આદેશ આપ્યો છે, તેના લાભો હવે પશ્ચિમીઓને સમજાય રહ્યા છે, પણ તેમની સામાજિક બીમારીઓ કેન્સર જેવી થઈ ગઈ જેથી ઈસ્લામની વાતોથી ચિડાયને ઈસ્લામ વિરુધ્ધ તથા નબી કરીમ ﷺ વિરૂધ્ધ શોર ખડો કરી રહ્યા છે. હે લોકો ! અલ્લાહે અક્કલ આપી, આંખો આપી તો જુઓ અને સમજો કે કહેવાતી સ્ત્રી આઝાદીનાં આ અસહ્ય પરિણામો છે જેથી તમે એ માર્ગે કદાપિ ન જશો ! અને ઈસ્લામના કહ્યામાં રહેશો એમાં જ તમારી ભલાઈ છે.

# દરેક મુસ્લિમે જાણવો જરૂરી ઈલ્મ
## એટલે
# કાનૂને શરીઅત

**લેખક : અલ્લામા શમ્સુદ્દીન જોનપૂરી** رحمۃ اللہ علیہ
**અનુવાદક : જનાબ હાફેઝ મૂસા ઝંઘારવી**

## નાપાકીઓનું વર્ણન

નાપાકી બે પ્રકારની છે : એક ગલીઝહ્, બીજી ખફીફહ્.

ગલીઝહ્ નાપાકી જો કપડાં પર કે શરીર પર એક દિરહમથી વધુ લાગી જાય તો તેનું પાક કરવું (**ફર્ઝ** છે) પાક કર્યા વિના નમાઝ નહીં થાય અને જો દિરહમની જેટલી છે તો પાક કરવું **વાજિબ** છે જો પાક કર્યા વિના નમાઝ પઢશે તો તે મકરૂહે તહરીમી થઈ અને ફરીથી બીજીવાર પઢવી વાજિબ છે. જો દિરહમથી ઓછી છે તો પાક કરવું **સુન્નત** છે કે પાક કર્યા વિના નમાઝ થઈ જશે, પરંતુ સુન્નતની ખિલાફ છે અને ફરીથી પઢવી બહેતર છે.

**મસ્અલો** : જો નાપાકી જાડી છે (પ્રવાહી નથી) જેમ કે લીંડ, છાણ તો તે દિરહમની બરાબર છે કે ઓછી, ઓછીનો મતલબ એ કે વજનમાં એટલી હોય અને જો નાપાકી પ્રવાહી રૂપમાં હોય જેમ કે શરાબ, દારૂ તાડી, પેશાબ, તો દિરહમથી બરાબર કે ઓછીનો મતલબ એની લંબાઈ પહોળાઈ છે. દિરહમનું વજન શરીઅતમાં આ મસાઈલમાં સાડા ચાર માશા છે. અને ઝકાતમાં ૩ માશા દોઢ રતી છે. દિરહમની લંબાઈ પહોળાઈનો મતલબ હથેળીની ઊંડાઈ બરાબરની જગ્યા છે જે લગભગ જૂના એક રૂપિયાના સિક્કા જેટલો આકાર થાય છે. *(દુર્રે મુખ્તાર, બહારે શરીઅત)*

ખફીફહ્ નાપાકી કપડાના જે ભાગની ઉપર પડે દા.ત. બાંય, પહેરણ, કૂરતાનો છેડો, કળી, કોલર ઉપર અથવા શરીરનો જે ભાગ (દા.ત. હાથ–પગ માથું) ઉપર લાગી ગઈ હોય, અને એના ચોથા ભાગથી ઓછી હોય તો માફ છે. એટલે કે નમાઝ થઈ જશે, પરંતુ પૂરા ચોથા ભાગમાં લાગી હોય તો ધોયા વિના નમાઝ થશે નહીં. *(આલમગીરી વગેરે)*

**મસ્અલો** : ગલીઝહ્ અને ખફીફહ્ નાપાકીનો તફાવત મસ્અલાની રીતે ફક્ત શરીર કે કપડા પર લાગવામાં જ છે. બાકી જો કોઈ પાતળી–પ્રવાહી રૂપ ચીજ જેમ કે સરકો, પાણી, દૂધ વગેરેમાં બંનેમાંથી ગમે તે નાપાકીનું એક ટીપું પણ પડી જાય તો બધું જ નાપાક કરી દેશે. જ્યાં સુધી કે તે ચીઝ દહદરદહ્ ન હોય. (વહેતા પાણીના હુકમમાં ન હોય) *(ફતાવા હિંદયા વગેરે)*

## ★ ગલીઝહ્ (ભારે) નાપાકી ★

માણસના શરીરમાંથી કોઈ એવી ચીજ નીકળે કે જેનાથી વુઝૂ કે ગુસલ જતું રહે તે નાપાકીને ગલીઝહ્ કહે છે. જેમ કે પેશાબ, ઝાડો (મળ), વહેતું લોહી, પરું, મોં ભરીને ઊલ્ટી, હૈઝ, નિફાસ, ઈસ્તેહાઝાનું લોહી, વિર્ય, મઝી, વદી, દુ:ખતી આંખમાંથી નીકળતું પાણી, દુંટી કે ઔરતોની છાતીમાંથી દર્દને કારણે જે પાણી નીકળે છે તે અને જમીનના દરેક જાનવરનું વહેતું લોહી, પછી ભલે તે હલાલ હોય કે હરામ, ત્યાં સુધી કે કાચંડા, સબકલીનું લોહી હોય તો પણ, મરેલા જાનવરની ચરબી, મરેલા જાનવરનો ગોશ્ત (માંસ), અને હરામ ચોપગાં જાનવરો જેમ કે કૂતરું, બિલાડી, વાઘ, ચિત્તો, શિયાળ, વરૂ, ગીધ, ગધેડું, ખચ્ચર, હાથી, સુવ્વર એ બધાનાં મળ મૂત્ર અને ઘોડાની લીંડ અને હલાલ ચોપગાં જાનવરોનો મળ જેમ કે ગાય, ભેંસનું છાણ (ગોબર), બકરી, ઊંટ, નીલગાય, સાબર, હરણની લીંડીઓ અને તે પક્ષીઓ કે જે ઊંચે ન ઉડી શક્તાં હોય મરઘી, બતક મોટી હોય કે નાની એ બધાંની અઘાર અને દરેક પ્રકારનો દારૂ અને નશો કેફ લાવનારી તાડી અને સેંધી તથા સાપની અઘાર–મૂત્ર અને તે જંગલી સાપ અને દેડકાનો ગોશ્ત (માંસ) જેમાં વહેતું લોહી હોય છે, ભલે પછી તેને કાપવામાં આવી હોય. (ચામડું પકવવાથી મતલબ એ છે કે ચામડાને એવી રીતે બનાવી લેવામાં આવે કે એનામાં નાપાક પાણી કે ભીનાશ ન રહે અને સડવા, બગડવાની બીક ન રહે. જેને અરબી ભાષામાં "દબાગત" કહે છે. આ કિતાબમાં જ્યાં પણ ચામડાને પકવવાની વાત લખી હોય ત્યાં 'દબાગત' મતલબ છે.

આગમાં પકાવવાનો મતલબ નથી.) સુવ્વરનું માંસ, હાડકાં, ચામડું, વાળ આ બધું ગલીઝાહ નાપાકી છે. *(આલમગીરી)*

**મસ્અલો** : દૂધ પીતાં છોકરા, છોકરીનો પેશાબ ગલીઝહ્ નાપાકી ગણાય છે. કેટલાક લોકો કહે છે કે દૂધ પીતાં બાળકોનો પેશાબ પાક છે આ વાત તદ્દન જૂઠી છે. *(ફતાવા કાઝીખાન, દુર્રે મુખ્તાર)*

**મસ્અલો** : દૂધ પીતા બાળકે દૂધની ઉલ્ટી કરી તો તે મોં ભરીને હોય તો ગલીઝહ્ નાપાકી છે.

**મસ્અલો** : સબકલી અને કાચંડાનું લોહી ગલીઝહ્ નાપાકી છે.

**મસ્અલો** : હાથીની સૂંઢમાંથી નીકળતુ પાણી તથા વાઘ, કૂતરા, ચિત્તા અને બીજા ફાડી ખાનારા ચોપગાં જાનવરોનું થૂંક લાળ ગલીઝહ નાપાકી છે. *(ફતાવા કાઝીખાન વગેરે)*

**મસ્અલો** : ગલીઝહ્ નાપાકી ખફીફહ્માં મળી જાય તો બધી જ ગલીઝહ્ નાપાકી થઈ જશે.

**મસ્અલો** : કોઈ કપડાં કે શરીર ઉપર અમુક અમુક બે ચાર જગ્યાએ ગલીઝહ્ નાપાકી લાગી છે. પરંતુ કોઈપણ જગ્યાએ દિરહમ જેટલી નથી. પરંતુ ટોટલે દિરહમની બરાબર છે. તો દિરહમની બરાબર ગણાશે અને વધારે છે તો વધારે ગણાશે. ખફીફહ્ નાપાકીમાં પણ બધી જગ્યાના ટોટલને જ ગણીને હુકમ આપવામાં આવશે.

## ★ ખફીફહ્ (હલકી) નાપાકી ★

જે જાનવરોનું ગોશ્ત હલાલ છે જેમ કે બળદ, ગાય, ભેંસ, ઘેટું, બકરી, ઊંટ, નીલગાય.... વગેરે એમનો પેશાબ અને ઘોડાનો પેશાબ પણ અને જે પક્ષીનું માંસ હરામ હોય પછી તે શિકારી હોય કે ન હોય જેમ કે કાગડો, સમડી, શકરો, બાઝ, બહરી એમની અઘાર ખફીફહ્ નાપાકી છે. *(હિંદીયા વગેરે)*

**મસ્અલો** : હરામ જાનવરોનું દૂધ નાપાક છે પરંતુ ઘોડીનું દૂધ પાક છે. પણ ખાવું જાઈઝ નથી. *(બહારે શરીઅત)*

**મસ્અલો** : જે હલાલ પક્ષીઓ ઊંચે ઉડે છે જેમ કે કબૂતર, ફાખતા, મૈના, મુરબાગી, કાઝ એમની અઘાર પાક છે.

**મસ્અલો** : ચામાચીડીયાની અઘાર અને પેશાબ બંને પાક છે. *(રદ્દુલ મુહતાર)*

**મસ્અલો** : માછલી તેમજ પાણીના બીજાં જાનવરો અને માંકડ મચ્છરનું લોહી પાક છે. *(હિંદીયા વગેરે)*

**મસ્અલો** : પેશાબના ઘણા જ બારિક છાંટા સોયની અણી બરાબરના શરીર કે કપડાં ઉપર પડે તો કપડાં અને શરીર પાક ગણાશે. *(કાઝીખાન)*

**મસ્અલો** : જે કપડાં ઉપર પેશાબના એવા બારીક છાંટા પડી ગયા અને કપડું પાણીમાં પડી ગયું તો પાણી પણ નાપાક થએલું ગણાશે નહીં. *(બહારે શરીઅત)*

**મસ્અલો** : જે લોહી ઘામાંથી વહ્યું ન હોય તો તે પાક છે. *(બઝાઝિયહ્ અને કાઝીખાન)*

**મસ્અલો** : માંસ, તલી, કલેજામાં જે લોહી રહી ગયું હોય છે તે પાક છે. પરંતુ આ ચીજો વહેતા લોહીમાં બોળાઈ જાય તો પછી નાપાક ગણાશે. ધોયા વિના પાક થશે નહીં. *(હિંદીયા, બઝાઝિયહ્ મુનિયા)*

**મસ્અલો** : નમાઝ પઢી અને ખિસ્સા વગેરેમાં શીશી છે કે જેમાં પેશાબ, લોહી કે દારૂ છે તો નમાઝ ન થઈ. *(મુનિયા વગેરે)*

**મસ્અલો** : ખિસ્સામાં ઈંડુ છે અને તેની પીળી દાળ લોહી બની ગઈ છે તો પણ નમાઝ થઈ જશે. *(ગુનિયા વગેરે)*

**મસ્અલો** : પેશાબ, મળ (ઝાડો) કર્યા પછી માટી વડે ઈસ્તેન્જા કરી લીધો, પછી એ જગ્યાએથી પરસેવો નીકળી શરીર અને કપડાં પર લાગ્યો તો શરીર અને કપડાં નાપાક થશે નહીં. *(બહારે શરીઅત)*

**મસ્અલો** : નાપાક ચીજોના ધુમાડા જો કપડાં અને શરીર ઉપર લાગે તો શરીર અને કપડાં નાપાક થશે નહીં. *(આલમગીરી, રદ્દુલ મુહ્તાર)*

**મસ્અલો** : રસ્તાનો કાદવ કીચડ પાક છે જ્યાં સુધી કે એના નાપાક હોવાની ખાત્રી ન હોય, એવા કાદવવાળાં કપડાંથી ધોયા વિના નમાઝ પઢી લીધી તો નમાઝ થઈ ગઈ, પરંતુ ધોઈ લેવું સારું છે. *(બહારે શરીઅત)*

**મસ્અલો** : સડક ઉપર પાણી છંટાઈ રહ્યું હતું તે જમીન પર પડી પછી તે છાંટા કપડાં ઉપર પડયા તો કપડાં નાપાક ન થયાં પરંતુ ધોઈ લેવું બહેતર છે. *(બહારે શરીઅત)*

# કુર્આન તથા વિજ્ઞાન અને આપણી જવાબદારીઓ

રજૂકર્તા : **મુહમ્મદ ઝહીર દહેગામી**, મુતઅલ્લિમ
અલ્જામિઅતુલ અશ્રફિયહ્, મુબારકપુર (યુ.પી.)

બિહમ્દિલ્લાહિ તઆલા આજે હું એક એવા વિષય પર કલમ ઉઠાવવાનો શરફ હાંસલ કરી રહ્યો છું જે એહલુલ્લાહ અને શમ્એ નબુવ્વતના પરવાનાઓ માટે ઈશ્ક અને મહોબ્બતના વધારાનો સબબ અને કુફ્રના અંધારામાં જગા જગા ઠોકરો ખાવાવાળા માટે ઈસ્લામ અને ઈશ્કે મુસ્તફાની હકીકી પેહચાનનો સબબ બનશે.

દોસ્તો ! એ વિષય ''કુર્આન અને વિજ્ઞાન'' છે એટલે કે વર્તમાનકાળમાં વિજ્ઞાને એવાં કારનામાં અંજામ આપ્યાં કે જોવાવાળાઓની આંખો અંજાય જાય છે. પહેલાંના જમાનામાં જે સફર વરસો અને મહિનામાં પૂરો ન થતો તે આજે કલાકો અને મિનિટોમાં પૂર્ણ થાય છે, હજારો માઈલનાં અંતરો સમેટાઈ ગયાં છે. એક માણસ પોતાના ઘરમાં બેસીને ઈન્ટરનેટના ઝરીયે પૂરી દુનિયાને જોઈ રહ્યો છે એટલે કે લાખો માઈલના અંતરમાં ફેલાયેલી માણસોની આબાદી **Global Village** (વિશ્વ ગામડુ) બની ગઈ છે.

વૈજ્ઞાનિક શોધોના થકી જંગલો આબાદીયોમાં તબદીલ થઈ રહ્યાં છે અને જમીનના નીચે છુપાયેલા ખજાના ઈન્સાનના કદમોમાં ઢગલા વળી રહ્યા છે :

એક તરફ અવનવી શોધો થઈ રહી છે તો સાથોસાથ એ વાત પણ મુસલમાનો માટે સોચવા લાયક છે કે સાઈન્સે અમુક એવી માન્યતાઓ **(Theories)** પણ કાઢેલી છે જે મુસલમાનોની બુનિયાદ એટલે કે કુર્આનના ખિલાફ છે. એ માન્યતાઓ **(Theories)**માંથી એક માન્યતા એ પણ છે કે કોપરેશને ત્રણ વર્ષ સંશોધન **(Research)** કર્યા પછી કહ્યું કે, ''પૃથ્વી ફરે છે અને સૂરજ તેની જગા પર સ્થિર છે.'' એના થોડા ટાઈમ પછી ગેલેલિયો (વિજ્ઞાન) એ ખગોળવિદ્યાનો અભ્યાસ (Study) કર્યો અને એક દૂરબીનની શોધ કરી અને તેની મદદથી તેણે કોપરેશન (વિજ્ઞાન)ની માન્યતાને સમર્થન કર્યું. આ બધી વાતોથી સાબિત થયું કે સાઈન્સે દુનિયાના સામે એ માન્યતા રજૂ કરી છે કે, ''પૃથ્વી ફરે છે અને સૂરજ તેની જગા પર સ્થિર છે.''

હવે જરા અલ્લાહની કિતાબ ઉઠાવીને જોઈએ કે તે આખરી કિતાબ આ માન્યતા વિશે શું કહે છે ?!

અલ્લાહ તઆલા ફર્માવે છે કે :–

**وَالشَّمْسُ تَجْرِىْ لِمُسْتَقَرٍّ لَّهَا ط** ''સૂરજ નિશ્ચિત જગા પર ચાલે છે.'' *(સૂરએ યાસીન, આ. ૩૮)*

**وَسَخَّرَ لَكُمُ الشَّمْسَ وَالْقَمَرَ دَآئِبَيْنِ ج** ''ચાંદ અને સૂરજને તમારા ફર્માંબરદાર કર્યા જે બંનેવ બાકાયદા ચાલી રહ્યાં છે.'' *(સૂ. ઈબ્રાહીમ, આ.૩૩)*

**وَسَخَّرَ الشَّمْسَ وَالْقَمَرَ ط كُلٌّ يَّجْرِىْ لِاَجَلٍ مُّسَمًّى ط**

''અલ્લાહે ચાંદ અને સૂરજને ફર્માંબરદાર કર્યા જે મુકર્રર ટાઈમ પર ચાલે છે.'' *(સૂ. રઅદ, આયત–૨)*

**اَلشَّمْسُ وَالْقَمَرُ بِحُسْبَانٍ ٥** ''સૂરજ અને ચાંદની ચાલ હિસાબથી છે.'' *(સૂ. રહ્માન, આ. ૫)*

**وَكُلٌّ فِىْ فَلَكٍ يَّسْبَحُوْنَ ٥** ''અને દરેક એક ઘેરાવમાં તરી રહેલ છે.'' (સૂ. યાસીન, આ. ૪૦)

**وَسَخَّرَ الشَّمْسَ وَالْقَمَرَ ز كُلٌّ يَّجْرِىْ اِلٰٓى اَجَلٍ مُّسَمًّى ط**

''ચાંદ અને સૂરજ એક ઘેરાવા (ધરી)માં તરે છે.'' *(સૂ. લુકમાન, આ. ૨૯)*

**وَسَخَّرَ الشَّمْسَ وَالْقَمَرَ ط كُلٌّ يَّجْرِىْ لِاَجَلٍ مُّسَمًّى ط**

''અલ્લાહે સૂરજ અને ચાંદને ફર્માંબરદાર કર્યા જે મુકર્રર ટાઈમ પર ચાલે છે.'' *(સૂ. ઝુમર, આ. ૫)*

અને જમીનના વિશે અલ્લાહ તઆલાએ ફર્માવ્યું કે ; اَللّٰهُ الَّذِیْ جَعَلَ لَكُمُ الْاَرْضَ قَرَارًا ''અલ્લાહ તઆલા એ જમીનને સાબિત (સ્થિર) બનાવી છે.'' *(સૂ. મુ'મિન, આ. ૬૪)*

ઉપરોક્ત આયતોથી સ્પષ્ટ થયું કે સૂરજ ફરે છે ન કે જમીન ફરે છે, જેવો કે કોપરેશન અને ગલેલિયોએ ખયાલ પ્રદશિત કર્યો. અને પારા ૨૪ સૂરએ મો'મિનની આયત ૬૪થી સાબિત થયુ કે જમીન (પૃથ્વી) સ્થિર છે.

તે ઉપરાંત સાયન્સની માન્યતા છે કે, **''માણસ વાનરમાંથી માણસ બન્યો છે.''** જેમ કે ડાર્વિનના ઉત્ક્રાંતિવાદમાં છે કે, ''માણસ પહેલાં વાનર હતો પછી તેની પૂછડી ક્રમે ક્રમે ઘસાઈ ગઈ અને માનવ સ્વરૂપમાં આવી ગયો !'' આ પણ સરાસર ઈસ્લામી માન્યતા વિરુધ્ધ છે અને બુદ્ધિમાં પણ ન સમાય તેવી માન્યતા છે. નબી કરીમ ﷺ ફર્માવે છે :–

كلكم من آدم و آدم من تراب ''તમો સૌ આદમના પુત્રો છો અને આદમ, માટીથી પેદા કરવામાં આવ્યા.''

સર્વ માણસો આદમની ઔલાદ છે અને હઝરત આદમ علیہ السلام ને માટીમાંથી બનાવવામાં આવ્યા એના વિશે નીચે પ્રમાણે કુર્આનમાં છે :–

૧. ''અને યાદ કરો ! જ્યારે રબે ફરિશ્તાઓને કહ્યું, હું જમીનમાં મારો નાયબ બનાવનાર છું...'' *(સૂરએ બકરહ્, આયત–૩૦)*
૨. ''હે લોકો ! જો તમને કયામતના દિવસે જીવંત થવામાં કાંઈ શક હોય તો એ વિચાર કરો કે અમે તમને માટી વડે પેદા કર્યા (એટલે કે હઝરત આદમને)'' *(સૂરએ હજ્જ, આયત–૫)*
૩. ''જ્યારે તમારા રબે ફરિશ્તાઓને ફર્માવ્યું કે હું માટીથી ઈન્સાન બનાવીશ.'' *(સૂરએ ص, આયત–૭૧)*
૪. ''બેશક ! અમે તેમને ચીકણી માટી વડે બનાવ્યા'' *(સૂ. સાફ્ફાત, આયત–૧૧)*
૫. ''અને બેશક ! અમે માણસ ખખડતી માટી વડે બનાવ્યો...'' *(સૂરએ હિજર, આયત–૨૬)*
૬. ''એણે માણસને બનાવ્યો ખખડતી માટી વડે જેમ કે ઠીકડુ...'' *(સૂરએ રહ્માન, આ. ૧૪)*

## ચિંતનની પળ !

એક બાજુ વિજ્ઞાન કહે છે કે સૂરજ તેની જગા પર સ્થિર છે અને બીજી બાજુ કુર્આન કહે છે કે સૂરજ ફરે છે. એક બાજુ સાઈન્સે કહ્યું કે પૃથ્વી ફરે છે અને બીજી બાજુ કુર્આન કહે છે કે પૃથ્વી પોતાની સ્થિતિ પર (સ્થિર) છે. તેમજ માનવના અસ્તિત્વના વિશે પણ વિરોધાભાસી ખયાલ વિજ્ઞાનમાં પ્રવર્તે છે.

આવી ખતરનાક હાલતમાં જે લોકો દીનની માલૂમાત નથી ધરાવતા, કુર્આનના તર્જુમાથી વાકેફ નથી હોતા, અને સતત કોલેજો અને યુનિવર્સિટીઓનો સફર કરે છે તે લોકોનો આ પૃથ્વી ફરે છે અને સૂરજ તેની જગા પર સ્થિર છે એ વાત અકીદો બની જાય છે જે કુર્આનની આયતના બિલ્કુલ વિરુધ્ધ છે. તથા એ પોતાને વાનરનો વશંજ સમજે છે ! એ પણ કુર્આન વિરુધ્ધ છે.

મુસલમાનો ! આવી હાલતમાં જયારે કે મુસલમાનોને બૌદ્ધિક દષ્ટિએ કમજોર કરવામાં આવી રહ્યા છે, મઆશી (આર્થિક) એતેબારથી દબાવવામાં આવે છે અને સાઈન્સી એઅ્તેબારથી પણ ઉપરોક્ત માન્યતા જેવી માન્યતાઓ ઉભી કરીને મુસ્લિમ નવજવાન વિદ્યાર્થીઓને કુર્આનના બતાવેલા રસ્તાથી હટાવવાની નાપાક કોશિશ થઈ રહી છે.

શું આવા દૌરમાં આપણા માટે જરૂરી નથી કે કુર્આનને સમજ્યા વિના મદ્રસામાં કેવળ નાઝરા (પોપટ જેમ) કરી લેવામાં પર બસ ન કરીએ, બલ્કે ઈન્સાનની પૈદાઈશ અને પ્રગતિ (Development) વગેરેને કુર્આનમાં તલાશ કરીએ અને افلا تتفكرون ના સાચા હક્કદાર બની જઈએ.

શું આપણે એ વાત પર કોઈ દિવસ વિચાર કર્યો કે આપણે સૂરજની હરકત અને પૃથ્વીની સ્થિર સ્થિતિ વિશે વૈજ્ઞાનિકોને શા માટે પૂછીએ ?! જ્યારે કે આપણી પાસે અલ્લાહની એક એવી કિતાબ છે જેના અંદર એ પણ છે કે જે આ દુનિયામાં છે અને એ પણ છે જે આ દુનિયામાં નથી.

શું તમોને ખબર નથી કે ઈસ્લામ એક મુકમ્મલ જીવનશૈલી (**Complete code of life**) છે.

શું તમોને ખબર નથી કે કુર્આનમાં જીવવિજ્ઞાન (**Biology**), પદાર્થ વિજ્ઞાન (**Physics**), રસાયણશાસ્ત્ર (**Chemistry**), કાયદાશાસ્ત્ર (**Law**), અર્થશાસ્ત્ર (**Economics**), ઈતિહાસ (**History**), વાણિજ્યશાસ્ત્ર (**Commerce**) અને બીજા ઈલ્મો પણ છે.

શું ઉપરોક્ત વિદ્યાઓની તમોએ કુર્આનમાં તલાશ કરી ?! ખુદાની કસમ ! ઉપરોક્ત ઈલ્મો અને તેના ઉપરાંત કુર્આનમાં તો એવી માહિતી હાંસલ થશે જે દુનિયાની કોઈ પણ કિતાબથી હાંસલ નહીં થાય, કેમ કે બીજી બધી કિતાબો ઈન્સાનોની લખેલી છે અને કુર્આન ખાલિકે ઈન્સાનની કિતાબ છે.

## હે ઉમ્મતે મુસ્લિમા ! સાવધાન !

આજે દુનિયાની જાલિમ તાકાતો શું નથી કરી રહી ?! અફઘાનિસ્તાનને તબાહ કરી દીધું, ચેચનીયાને બરબાદ કરી દીધું, ઈરાકથી આજે પણ નિર્દોષ બાળકો અને બેવાઓની આહો બુલંદ થઈ રહી છે, પેલેસ્ટાઈનમાં હજારો મુસલમાનોને હમેશાંની નીંદ સૂવડાવી દીધા, અને વધારે દૂર જવાની જરૂરત નથી ! શું તમોને ખબર નથી કે આપણા ગુજરાતમાં મુસલમાનો સાથે ૨૦૦૨માં કેવો વર્તાવ થયો ?! શું તમે એ ટાઈમ ભૂલી ગયા જ્યારે ચારેવ તરફથી મુસલમાનોને સળગતી આગમાં નાખી દેવામાં આવ્યા ?! અને આપણી માંઓ અને બહેનોની ઈજ્જત પર હાથ ઉઠાવવામાં આવ્યો ?! શું તમે ઈતિહાસની એ કળી ભૂલી ગયા જ્યારે હિંદુસ્તાન અને પાકિસ્તાનના ભાગલા પડયા ત્યારે હજારો મુસ્લિમોનું ખૂન વહી ગયું. શું હિંદુસ્તાનમાં અલ્લામા ફઝલે હક્ક ખૈરાબાદી અને ઈનાયત અહમદ કાકોરવી જેવા બુઝુર્ગોને કાળા પાણીની સજા નથી થઈ ! શું મુસલમાનોને સૂળી પર લટકાવવામાં નથી આવ્યા ?!

આ તમામ હાલાત તમારા સામે છે પણ તેમ છતાંય તમારી રગોમાં ઈમાની ખૂન કેમ જામી ગયું છે ?! તમારી રગોમાં ઈમાની ખૂન ઠંડુ કેપ પડી ગયું છે ?! અરે ! મુસલમાનો ! જે ઈમાની ગરમીને ઠંડી કરવા માટે એક જમાનામાં મિસરની ખૂબસૂરત છોકરીઓ મુસલમાનો સામે અર્ધ નગ્ન દશામાં થઈ ગઈ પણ મુસલમાનોએ તેમની બાજુ નિગાહ ઉઠાવીને જોયું પણ નહીં !

અરે ! જે વસ્તુને તમારા બુઝુર્ગોએ ઠોકર મારી દીધી અને જેને તમારા બાપ દાદાઓએ પોતાની બેઈજ્જતી સમજી, તેને તમે પોતાની ઈજ્જત સમજો છો ! હે ઉમ્મતે મુસ્લિમા ! તમે શું હતા અને શું થઈ ગયા !!!

ઉપરોક્ત બધી વાતો (અફઘાનિસ્તાન, ઈરાક વગેરેની તબાહી) **ભૌતિક જંગ** હતી અને સાઈન્સી માન્યતાઓ ઉભી કરી મુસલમાનોના અકીદા ખરાબ કરવા એ **ફિક્રી જંગ** ("વૈચારિક જંગ") છે અને ફિક્રી જંગ ભૌતિક જંગથી પણ ખતરનાક હોય છે. દા.ત. સૂરજનું સ્થિર રહેવું અને જમીન ગતિમય હોવાનો ખયાલએ ફિક્રી જંગ છે.

અહીં એક સવાલ પૈદા થાય છે કે જો આપણા ઘરમાં કોઈ ચીજ ન હોય તો આપણે તેને પ્રાપ્ત કરવા માટે મેહનત અને મજદૂરી કરીએ છીએ, જો આપણી પાસે દૌલત (ધન) ન હોય તો આપણે દૌલત કમાવા માટે બીજાની મજદૂરી અને ગાળો પણ સહન કરીએ છે. જ્યારે આપણા પોતાના પેટ માટે મહેનત અને મજદૂરી કરીએ છીએ તો શું

આપણે દીન સમજવા માટે પણ મહેનત કરી ?! દૌલત કમાવા માટે આપણે બીજાની મજદૂરી અને ગાળો પણ વેઠી લઈએ છે એ તો શું આપણે દીનની રાહમાં ગાળો બરદાશ્ત કરી ? નહીં !!!

આશ્ચર્યની વાત છે કે તમે દુનિયા માટે મહેનત મજદૂરી અને બીજાની ગાળો પણ બરદાશ્ત કરી લો પણ દીન માટે કશું જ નહીં ?!

## મુસ્લિમ મદ્રસાના વિદ્યાર્થીઓને સંદેશ

આજે અને હમણા એ ફૈસલો અને પાકો ઈરાદો કરી લો કે અમે જીવતા રહીશું તો પણ દીન માટે અને મરીશું તો પણ દીન માટે ! અમારો એક એક શ્વાસ મુસ્તફા જાને રહમતના મિશનની પ્રગતિ માટે નીકળશે, અમે દીનની તા'લીમ હાંસલ કરીશું અને યહૂદી તથા નસારા કુર્આન અને હદીષ પર જે વાંધાઓ ઉઠાવી રહ્યા છે એ બધાનો જવાબ આપીશું. ઈન્શાઅલ્લાહ !

ખાસ કરી મદ્રસાએ ઈસ્લામિય્યહ્‌માં તા'લીમ મેળવવાવાળા તલબા અને તાલિબાત સુધી હું મારી આ વાત **''બરકાતે ખ્વાજા''** (માસિક)ના થકી પહેચાડું છું કે એઓ કેવળ નહ્‌વ, સરફ, મંતિક અને ફલસફા પર બસ ન કરે ! બલ્કે દુનિયાના મિજાઝને પણ પારખે અને જે બાજુથી મુસલમાનો ઉપર હુમલા થાય તે બાજુએ એ હુમલાનો જવાબ આપી શકે એવો ઈલ્મ હાંસલ કરે, ખૂબ મહેનત કરે.

શું તમોને ખબર નથી કે જ્યારે યુનાનની ધરતી પર ‘ઈલ્મે ફલસફા’ની બુનિયાદ નંખાઈ અને મુસલમાનોને પોતાના અકાઈદથી ફેરવવાની નાપાક કોશિશ થઈ તે સમયે ઈમામ ગિઝાલી તથા અન્ય બુઝુર્ગોએ એ જ ઈલ્મે ફલસફાથી લોકોને ઈસ્લામમાં દાખલ કરી દીધા. આજે પણ સાઈન્સે માથુ ઉઠાવ્યું છે તો આપણા માટે જરૂરી છે કે ઈમામ ગિઝાલીના તરીકા પર ચાલીને ઈસ્લામી કાનૂનો સાઈન્સની રોશનીમાં લોકોને સમજાવીએ. પણ તેના માટે પહેલાં તૈયારી જરૂરી છે અગર મિલ્લતનું દર્દ અને મુસ્તફાની મહોબ્બતના ચિરાગથી દુનિયાને રોશન કરવા ચાહો છો તો આજે જ તૈયાર થઈ જાવ !

કાર્યાલય

## ભારતમાં ઈસ્લામના પ્રવેશની ખુશખબરી

હુઝૂર અકદસ صلی اللہ تعالیٰ علیہ وسلم એ ફર્માવ્યું કે : ''મારી ઉમ્મતના બે જૂથો એવા છે કે અલ્લાહ તઆલાએ બંને જૂથોને જહન્નમથી મુક્ત ફર્માવ્યાં છે, એક એ જૂથ જે ભારતમાં જેહાદ કરશે અને એક એ જૂથ જે હઝરત ઈસા બિન મરયમ علیہ السلام ની સાથે હશે.''

હઝરત અબૂ હુરૈરહ્‌ رضی اللہ عنہ કહ્યા કરતા કે રસૂલુલ્લાહ صلی اللہ تعالیٰ علیہ وسلم એ અમારા (મુસલમાનો)થી ભારતમાં જિહાદ કરવાનો વાયદો ફર્માવ્યો હતો, તો જ્યારે મેં એ સમય મેળવીશ ત્યારે તો હું એના માર્ગમાં મારા જાન માલને ન્યોછાવર કરી દઈશ અને જો હું એ જેહાદમાં શહીદ થઈ જઈશ તો હું શ્રેષ્ઠ શહીદ ઠરીશ અને જો હું જીવતો પાછો ફરીશ તો હું દોઝખથી મુક્ત થનારો અબૂ હુરૈરહ્‌ હોઈશ.

ઈમામ નસાઈએ હિજરી ૩૦૨માં ઈન્તેકાલ ફર્માવ્યો અને તેમણે તેમના પુસ્તક સુલતાન મેહમૂદ ગઝનવીના ભારત પરના હુમલા હિજરી ૩૯૨ થી લગભગ સો વર્ષ પહેલાં લખ્યું હતું.

સમગ્ર જગતના ઈતિહાસકારો સાક્ષી છે કે ગૈબનું જ્ઞાન ધરાવતા નબીએ પોતાની મુબારક વાણીમાં ભારત બાબતે સેંકડો વર્ષ પહેલાં જ ગૈબની ખબરનું એલાન ફર્માવ્યું હતું તે શબ્દશઃ પૂરું થઈને જ રહ્યું કે મુહમ્મદ બિન કાસિમે સિન્ધ અને મકરાનની ધરતી પર જેહાદ ફર્માવ્યું અને મહમૂદ ગઝનવી તથા શહાબુદ્દીન ઘોરીએ ભારતના સોમનાથ તેમજ અજમેર વિગેરે પર જેહાદ કરીને આ દેશમાં ઈસ્લામનો ધ્વજ ફરકાવ્યો હતો, એટલે સુધી કે ભારતની ભૂમિ પર નાગાલેન્ડની પહાડીઓથી શરૂ કરીને હિંદુકુશ પર્વત સુધી અને કન્યાકુમારીથી હિમાલયના શિખરો સુધી ઈસ્લામનો ધ્વજ લહેરાવ્યો. *(સીરતે મુસ્તફા)*

**ઈસાઈ-યહૂદીની બદ્તરીન સાઝિશ ! ધોકો આપતી કિતાબ !**



# "અલ્ ફુર્કાનુલ્ હક્ક઼"ના આઘાત પ્રત્યાઘાત તથા તેનો પ્રતિકાર

કાર્યાલય

**ઈ**સ્લામ વિરુધ્ધ યહૂદિયત તથા ઈસાઈયતની અત્યંત બદ્તરીન સાઝિશના પરિણામે કુર્આનના (સ્થાને એના) બદલ રૂપે "અલ્ ફુર્કાનુલ હક્ક઼"ની ઓળખ કરવામાં આવી રહી છે અને એના નુસ્ખા ઈસ્લામી જગતમાં મફત પહોંચાડવામાં આવી રહ્યા છે. એને ઈન્ટરનેટ પર પણ વાંચી શકાય છે. ખબર મળી છે કે સંયુક્ત અરબ અમિરાત અને મિસર વગેરે દેશોની કેટલીક સ્કૂલોમાં કુર્આનના સ્થાને એને કોર્સમાં દાખલ પણ કરવામાં આવી રહી છે. એના અનુસંધાનમાં કેટલાક પ્રશ્નો રજૂ કરીએ છીએ :-

**(अ) આ બદ્તરીન સાઝિશની વિરુધ્ધ ઈસ્લામના ઉલમાના શું પ્રત્યાઘાતો રહ્યા છે ?**

**(ब) તમારી દષ્ટિએ ઈસ્લામી જગતમાં એની શું અસરો ઉપસ્થિત થઈ શકે છે ?**

**(क) ઉલમા તથા લીડરોએ આ ફિત્નાના પ્રતિકાર માટે શું તદબીરો અપનાવવી જોઈએ ?**

આ પ્રશ્નો 'અશરફિયહ્' મંથલી (નવે. ૨૦૦૬, મુબારકપુર : યુ.પી.)માં રજૂ થયા તેના બે જવાબો નીચે પ્રમાણે આપવામાં આવ્યા છે જે વાંચકોની જાણકારીમાં વધારો કરવા અમે રજૂ કરીએ છીએ.

*તંત્રી : બરકાતે ખ્વાજા (માસિક)*

## ઈસ્લામી જગત પર "અલ્ ફુર્કાનુલ હક્ક઼"ની કોઈ અસર થશે નહીં

**(અઝ : નૌશાદ આલમ ચિશ્તી અલીગ, અલીગઢ મુસ્લિમ યુનિવર્સિટી-અલીગઢ)**

આ બદ્તરીન સાઝિશના સંબંધે ઉલમાએ ઈસ્લામે વિવિધ દેશોમાં પોતાના અસરકારક પ્રવચનો થકી પબ્લિકને સાવચેત કરી છે. ઈન્ટરનેટની વિવિધ વેબસાઈટો પર લોકોને સાચી જાણકારી પૂરી પાડવા માટે કોશિશ કરવામાં આવી. ખાનકાહે મારહરા (જિ. એટા)એ "અહલે સુન્નત કી આવાઝ" નંબર ઈ.સ. ૨૦૦૫માં આ વિષય પર મારો એક લેખ પણ સામેલ કર્યો. એ લેખને ત્રિમાસિક અંક "ઈફકારે રઝા" મુંબઈએ ઓકટોબરથી ડિસેમ્બર ઈ.સ. ૨૦૦૫ના અંકોમાં સામેલ કર્યો. "નૂરુલ હબીબ" મંથલી ઓકાળા પાકિસ્તાને પણ આ વિષય પર એક લેખ પ્રસિદ્ધ કર્યો. સઊદી અરબનું ધાર્મિક બાબતોનું તંત્ર આ પ્રકારની ઈસ્લામ વિરોધી પ્રવૃત્તિઓના ખાત્માના માટે ઈન્ટરનેટ પર એક આયોજીત પ્રોગ્રામ ચલાવે છે. આ વેબસાઈટે પણ પબ્લિકની જાગૃતિ માટે રોલ ભજવ્યો છે. જામેઅ અઝહર મિસરમાં પણ ઈસ્લામ વિરોધી પ્રવૃત્તિઓના પ્રતિકાર (રોકથામ)ના માટે એક અલગ વિભાગ છે અને અઝહરના ઉલમાએ પણ એની વિરુધ્ધ પોતાનો મો'મિનાના કિરદાર પ્રદર્શિત કર્યો છે. શક્તિ અનુસાર લોકોએ એના પ્રતિકાર માટે પ્રયત્નો કર્યા છે. "અશરફિયહ્" માસિક પણ ખૂદ એના પર ચર્ચાઓ કરી રહેલ છે. અલ્લાહ તઆલા આ નિખાલસ કોશિશોને કબૂલ ફર્માવે.

મારી દષ્ટિએ ઈસ્લામી જગત પર એની કોઈ બુરી અસર પડશે નહીં, કેમ કે કુર્આન ન કેવળ લેખિત રૂપે છે બલ્કે મૌખિક રૂપે પુષ્કળ સંખ્યામાં

લોકોને યાદ પણ છે જેથી એમાં તેહરીફ (ફેરફાર) કરવાનો તો કોઈ પ્રશ્ન જ ઉપસ્થિત નથી થતો. આમ પણ આ કિતાબ કુર્આનનો મુહાફિઝ અલ્લાહ છે. હા ! આ પ્રપંચી ષડયંત્ર (સાઝિશ)ની અસર પડશે તો કેવળ એ લોકો પર જેઓ નવ મુસ્લિમ છે અને તેઓને જેમને કુર્આનનો સહીહ ઈલ્મ નથી. અને એ સાઝિશ એવા લોકોના માટે જ કરવામાં આવી છે જેઓ ઈસ્લામી વર્તુળમાં સ્વચ્છાએ (અભ્યાસ કરીને) આકર્ષાયને સામેલ થઈ રહ્યા છે, ખાસ કરીને યૂરોપના તે લોકો જેઓ હક્કની તલાશમાં ઈન્ટરનેટનો ઉપયોગ કરી રહ્યા છે. એટલા માટે અરબીની સાથે સમાંતર ધોરણે અંગ્રેજી તર્જુમો પણ આ નામ માત્રના ''અલ્ ફુર્કાનુલ હક્ક''માં પ્રસિદ્ધ કર્યો છે. કેટલાક અરબ દેશોના બારામાં સાંભળવા મળે છે કે એને સ્કૂલમાં દાખલ કરવામાં આવેલ છે, જો આ વાત સાચી છે તો ચોક્કસ તે શિક્ષણ કેન્દ્રો ઈસાઈઓનાં હશે. એટલા માટે મુસલમાન બાળકોના વાલીઓ ઉપરાંત દેશોના વડાઓએ અને સત્તાધારી વ્યક્તિઓએ એના પ્રતિ ખાસ ધ્યાન કરવું જોઈએ જેથી આ ફિત્નો નાબૂદ થઈ જાય.

ઉલમા તથા લીડરોએ આ પ્રકારની સર્વ સમસ્યાઓના પ્રતિકાર માટે પોતાના વર્ચસ્વ હેઠળ ના વર્તુળમાં આધુનિક સહૂલતોથી સજ્જ ''ઈનફોર્મેશન સેન્ટર'' સ્થાપવાં જોઈએ. સંપૂર્ણ સક્રિયપણે એક ગૃપ આધુનિક ટેક્નોલોજી થકી આ પ્રકારની સર્વ ઈસ્લામ વિરોધી પ્રવૃત્તિઓની છાનબીન કરીને સહીહ માહિતી એકત્ર કરીને પોતાના પ્રોગ્રામ થકી એ યોગ્ય જાણકારી લોકો સુધી ઝડપભેર પહોંચાડે. પરંતુ એના માટે ન કેવળ વર્તમાનકાળની આધુનિક ટેક્નોલોજીથી વાકેફ હોવું જરૂરી છે બલ્કે દીનની સાચી સમજ પણ રાખવી અનિવાર્ય છે. અર્વાચીન તકાઝાઓથી અજાણ રહેવું એ હકીકતમાં જીવતા દટાવા સમાન છે, જેથી ઉલમા તથા લીડરોની જિમ્મેદારીઓ વર્તમાનકાળમાં ખૂબ જ વધી ગઈ છે.

## ''અલ્ ફુર્કાનુલ હક્ક''એ ઈસ્લામ વિરુધ્ધ કાવત્રામય યોજનાઓની એક કડી

**(અઝ : મૌલાના મુહમ્મદ સજ્જાદ આલમ મિસ્બાહી, રિસર્ચ સ્કોલર જામિઆ મિલ્લિયા ઈસ્લામિયા, ન્યૂ દિલ્હી)**

પશ્ચિમીઓ તથા ઈસ્લામ દુશ્મન તત્વો ભોળાભાળા માણસોને ઈસ્લામી કેળવણીથી દૂર કરવાના માટે વિવિધ હથિયારોનો ઉપયોગ કરી રહ્યા છે, પ્રચાર તથા પ્રસારણના પ્રિન્ટ તથા ઈલેક્ટ્રોનિક માધ્યમોના થકી પાયાહિન પ્રોપેગન્ડાઓ તથા આયોજીત કાવત્રાંઓનો સહારો લઈ રહ્યા છે. આ કાવત્રામય પ્લાનોને અમલી સ્વરૂપ આપવાના માટે લોકશાહી તથા સેક્યુલરિઝમ (બિન સાંપ્રદાયિક્તા) જેવા લોભામણા તથા સુંદર લાગતાં ટાઈટલોનો સહારો લઈને ઈસ્લામી તા'લીમાતની ખૂબ મઝાક ઉડાડી રહ્યા છે. આર્થિક લાભ અને ભૌતિક ફાયદાઓનો લોભ લાલચ આપીને લોકોને પ્રપંચ જાળમાં ફસાવે છે. દુનિયાવી પ્રગતિનો લીલોછમ બાગ દેખાડે છે અને તેમને અધર્મીપણા પ્રતિ ઉશ્કેરે છે, બલ્કે તેમની બેશર્મી એટલી હદે પહોંચી ચૂકી છે કે તેઓ આ નાપાક યોજનાઓની પૂર્ણતાના માટે જાતીય (Sexy) અનૈતિક વ્યવહારની છૂટનો પણ સહારો લે છે !

કુફ્રી તાકતોએ પોતાના પરીક્ષણમય અભ્યાસો પરથી એ સમજી લીધું છે કે (આ અધોગતિના દૌરમાં પણ) મુસલમાનો અને ઈસ્લામની શક્તિ તથા પાવરનું મૂળ ઉદ્ભવસ્થાન **''કુર્આને અઝીમ''**ની જીવતી જાગતી તા'લીમાત (કેળવણી) તથા હુઝૂરે અકરમ ﷺની **''સીરતે પાક''** (પવિત્ર જિંદગી) ઉજ્જવળ નમૂનો છે જેથી એ લોકોએ આ બંનેવને પોતાની અયોગ્ય તથા પાયા વિનાની ટીકાનું નિશાન બનાવવાનું શરૂ કરી આપ્યું છે. અપમાનજનક કાર્ટૂન હોય અથવા બનાવટી કુર્આન, ફ્રાંસના વર્તમાનપત્રોમાં ઈસ્લામ પર

નિરર્થક ટીકાઓ હોય કે પોપનું હાલનું વિવાદાસ્પદ નિવેદન, આ સર્વ એ બંનેને લક્ષમાં રાખીને કરવામાં આવી રહેલ છે.

પણ આ પણ એક અટલ હકીકત છે કે બાતિલ કુવ્વતો થકી ઈસ્લામનો મુકાબલો એ કોઈ નવી વાત નથી બલ્કે ઈસ્લામના પ્રારંભથી કાફિરો તથા મુશ્રિકો અને મદીનાના યહૂદીઓ કુર્આન, ઈસ્લામ તથા ઈસ્લામના મહાપુરૂષોની વિરુધ્ધ બકવાસ કરતા રહ્યા અને લોકોને ઈસ્લામી સર્વ ક્ષેત્રિય તા'લીમથી દૂર રાખવાના માટે ભરપૂર જદ્દોજેહદ કરતા રહ્યા પણ ઈસ્લામની હક્કાનિયતની સામે બાતિલને હમેશાં નિષ્ફળતા જ નસીબ થઈ. ઈસ્લામના ઈતિહાસના અભ્યાસથી એવું જણાય છે કે દરેક યુગમાં ઈસ્લામે નવી નવી ચેલેન્જોનો સામનો કરવો પડયો છે અને મુસલમાન અહલે ઈલ્મ (ઉલમા)એ તેનો જડબાતોડ જવાબ પણ આપ્યો છે, જેથી ''અલ્ ફુર્કાનુલ્ હક્ક'' કોઈ નવો ફિત્નો નથી બલ્કે સુનિયોજીત કાવત્રાંઓના ક્રમની એક કડી છે અને એનો અંજામ પણ એ જ થયો જે અન્ય ફિત્નાઓનો થયો હતો.

હવે નીચેના લખાણમાં અમે ''અલ્ ફુર્કાનુલ્ હક્ક''ની ટૂંકમાં ઓળખ આપીએ છીએ જેથી આ પ્રકારના ફિત્નાના પ્રતિકારના માટે યોગ્ય બંધારણ નિશ્ચિત કરી શકાય. આ ઓળખ **C.S. Arthur**ની નામના એક વ્યક્તિના લખાણ પર આધારિત છે જે ૨૮ મે ઈ.સ. ૧૯૯૯થી **Baptist News**ના હવાલાથી ઈન્ટનેટ પર મૌજૂદ છે. આર્થર આ કિતાબના સમર્થકોમાંથી એક છે, તે લખે છે :–

''હવે ઈસ્લામની પવિત્ર કિતાબને એક નવી ચેલેન્જનો સામનો કરવાનો છે. આ ૩૬૮ પેજીસ પર આધારિત **The True Furqan** એટલે ''અલ્ ફુર્કાનુલ્ હક્ક'' નામની એક કિતાબ છે જે ભાષા તથા શૈલીમાં કુર્આનનું પ્રતિબિંબ છે પણ એ તેની (કુર્આનની) તા'લીમાત તથા આસ્માની સનદોને ચેલેંજ કરે છે. કુર્આનના જવાબમાં ''અલ્ ફુર્કાનુલ્ હક્ક''ને કુર્આનની જેમ ગદ્ય તથા પદ્ય બંનેમાં લખવામાં આવેલ છે. એને સૂરતોમાં વહેંચવામાં આવી છે જેમાં અસ્સલામ, અલ્ મસીહ, અષ્ષાલૂષ, અસ્સલબ, અન્નિસાઅ, અસ્સિયામ, અસ્સલાત જેવા દીનિયાતથી સંબંધિત ૭૭ વિષયો પર ચર્ચા કરવામાં આવી છે. એ હકીકતમાં કુર્આનની તા'લીમાતને ચેલેંજ કરે છે અને ઈન્જીલને રજૂ કરે છે. કેટલાક ઈસાઈ પ્રચારકો પોતાના ધર્મ તથા (હઝરત) ઈસાની તા'લીમાતને મુસલમાનો સુધી લઈ જવા ચાહે છે. ઈ.સ. ૧૯૯૯માં બે નકલી (કાલ્પનિક) નામવાળા અરબ ઈસાઈ લેખકો (અલમહદી અને અસ્સફી)એ ''અલ્ ફુર્કાનુલ્ હક્ક'' નામની કિતાબ લખી છે. આ કિતાબ કલાસિકલ અરબી ભાષામાં લખવામાં આવી છે જેથી ખાસ કરીને અરબોને અને સામાન્યતઃ મુસલમાનોને ઈસાઈ બનાવવામાં આવી શકે. એમાં કુર્આની શૈલીમાં શેઅરોની જેમ આયતો લખવામાં આવી છે. અરબી આયતોની સાથે સાથે અંગ્રેજી અનુવાદ પણ છે.''

આર્થર વધુમાં લખે છે : ''અમારો ખયાલ છે કે અમારા મુસ્લિમ ભાઈઓ (જેમની સંખ્યા ૩૯ દેશોમાં એક અબજથી અધિક છે) સુધી ઈન્જીલનો પૈગામ નથી પહોંચી શક્યો.''

આ વાત મેહદીએ કહી જે એ **Project Omega 2001**ની વ્યવસ્થાપક કમિટીનો સભ્ય છે જેણે એપ્રિલમાં ''અલ્ ફુર્કાનુલ્ હક્ક''ને પ્રસિદ્ધ કરી. ''અલ્ ફુર્કાન'' કુર્આનની વિરોધાભાસી કિતાબ છે. .......આ પાકા બાઈન્ડિંગવાળી કિતાબ ૧૭ એપ્રિલે પ્રેસમાં મુસ્લિમ દેશોની એલચી કચેરીઓને, ૨૦ એપ્રિલે **BBC** જેવી સંસ્થાઓને આપવામાં આવી, ૧૫ મે ના રોજ યેરુશલેમમાં અરબી, ઈબ્રાની તથા અંગ્રેજી વર્તમાન પત્રો તથા મેગેઝિનોને અને ૧૭ મેના અઠવાડિયામાં લંડનમાં અરબી વર્તમાન પત્રો તથા મેગેઝિનોને આપવામાં આવી.

''અલ્ ફુર્કાનુલ્ હક્ક''નો મકસદ પ્રચાર તથા વિવરણ કરવું છે, કેમ કે અત્યાર સુધી (હઝરત) ઈસાની પાસે મુસ્લિમ દુનિયા સુધી પહોંચવાના માટે કોઈ માર્ગ ન હતો, મહદીના કથનાનુસાર અમો દર્સગાહો, સ્કૂલો, કિતાબો, ફિલ્મો અને અન્ય ઘણા માધ્યમોને ઉપયોગમાં લઈ લીધાં છે......હવે ''અલ્ ફુર્કાનુલ્ હક્ક'' ન કેવળ એ કે ઈન્જીલના પૈગામને કલાસિકલ અરબી ભાષામાં પેશ કરશે બલ્કે ચૌદસો વરસની ચેલેંજનો જવાબ આપીને (હઝરત) ઈસાના માટે મુસ્લિમ જગત સુધી પહોંચવાની એક ચાવી પણ બની જશે.''

કિતાબ તૈયાર કરનારાઓની જીભેથી સંક્ષિપ્ત ઓળખ અને તેના પ્રચારના હેતુની સ્પષ્ટતા બાદ આ કિતાબ પર થનારા પ્રત્યાઘાતોને પણ જુઓ. સામાન્યતઃ એ સમજવામાં આવ્યું છે કે આ કિતાબના જવાબમાં મુસલમાનોનો પ્રતિભાવ જણાય આવે એવો તથા અસરકારક નથી રહ્યો, પણ એ સહીહ નથી બલ્કે એ જ ઈન્ટરનેટ પર એ કિતાબના સંબંધે સેંકડો લોકોના પ્રતિભાવો તથા વિવરણો જોવા મળે છે જેની ઝલકો કાંઈક આ પ્રમાણે છે :–

''જો તમે આ કિતાબ પર કોઈ વિવરણ (અવલોકન) જોવા ચાહો તો તમો **read my other reviews** પર ક્લિક કરો. જાહેર છે કે એ એવા લોકો થકી લખવામાં આવેલ છે જેઓ આ પ્રચાર સંસ્થા માટે કામ કરી રહ્યા છે. કેમ કે તેમને અસલી ઠોસ વિવરણો નથી મળી રહ્યાં એટલા માટે એ લોકો કાલ્પનિક મુસ્લિમ નામોને ઉપયોગમાં લે છે જેથી એ અસર ઉપજાવી શકે કે મુસલમાન આ પુસ્તકને પસંદ કરે છે.

જો તમે આ કિતાબને વાંચશો તો જાહેર થઈ જશે કે હકીકતમાં એ ઈસાઈયત અને ઈસ્લામને એક સાથે એ રીતે ભેળસેળ કરીને રજૂ કરવાની કોશિશ છે જેનાથી કેવળ ઈસાઈઓને તેમના પોતાના મઝહબના પ્રચાર માટે દલીલોથી સજ્જ કરી શકે. એવું શા માટે છે ? એટલા માટે છે કે **અધિકથી અધિક લોકોને હવે એહસાસ થવા લાગ્યો છે કે ''અકીદાએ તશ્લીષ'' (ઈસાઈઓનો ત્રણ ખુદા માનવાનો અકીદો) માણસોનો બનાવેલો એક ધોકો છે જેની સ્પષ્ટતા ઈસાઈઓના સૌથી મહાન આલિમ પણ નથી કરી શક્તા.**

''અલ્ ફુર્કાનુલ્ હક્ક''માં રજૂ કરવામાં આવેલી માહિતી જૂઠ તથા ફરેબ (પ્રપંચ)નું પોટલુ છે. એ કુર્આને અઝીમની સચ્ચાઈ પર આધારિત તા'લીમાતનો ખુલાસો હરગિઝ નથી.

એ ઉપરાંત અરબ જગતમાં પણ એના સામે પ્રત્યાઘાતો પ્રદર્શિત કરવામાં આવ્યા છે. મસ્જિદે અક્સાના ખતીબ તથા યેરુશલમના મુફતીએ આ'ઝમે અને મિસ્રમાં ''અલ્ અસ્બા'' વર્તમાન પત્રના તંત્રી મુસ્તફા બિક્રીએ કહ્યું છે કે **આ કિતાબ અમેરિકી તથા ઈઝરાઈલી સાંઠગાંઠ અને જ્યોર્જ બુશના ઈશારા પર લખવામાં આવી છે. હિંદુસ્તાનમાં પણ એના પ્રવેશ તથા પ્રચાર પર પાબંદી લગાડી દેવામાં આવી છે.** બીજી બાજુ સઊદી શાહઝાદા અલવલીદે હાર્વર્ડ યુનિવર્સિટી તથા જ્યોર્જ ટાઉન યુનિવર્સિટીને મુસ્લિમ દુનિયા તથા પશ્ચિમની વચ્ચે આપસમાં સમજૂતીને ઉત્તેજન આપવાના માટે ચાલીસ મિલિયન ડોલરો આપ્યા છે.

આ પ્રકારના ફિત્નાઓના પ્રતિકારને માટે દીનના ઉલમા તથા મુસ્લિમ ચિંતકોએ જે તદબીરો અપનાવવી જોઈએ તે વર્ણનની મોહતાજ નથી. આવા પ્રસંગો જ્યારે પણ ઉપસ્થિત થાય છે તો મુસ્લિમ દેશોમાં સામાન્યતઃ વિરોધ પ્રદર્શનો તથા સરઘસો જલસાઓનું આયોજન કરવામાં આવે છે, એના મહત્વથી પણ ઈન્કાર નથી, પરંતુ એની સાથોસાથ અન્ય તરીકાઓ પર પણ અમલ થવો

જોઈએ. વર્તમાન ફિત્ના ''અલ્ ફુર્કાનુલ હક્ક઼''ને લક્ષમાં રાખીને નીચે પ્રમાણેની તજવીઝો પર અમલ કરવો યોગ્ય ગણાશે :–

૧. મુસ્લિમ બાળકો તથા બાળકીઓ માટે મસ્જિદો તથા મકતબો (મદ્રસાઓ)માં કુર્આને કરીમની તા'લીમની યોગ્ય વ્યવસ્થા કરવામાં આવે.

૨. મસ્જિદના ઈમામોની તકરીરો તથા મેહફિલોમાં કુર્આનની અઝમત તથા કુર્આની તા'લીમાતના વિવિધ પાસાંઓને જાહેર કરવામાં આવે.

૩. અઠવાડિયે કે મહિને કોઈ નિશ્ચિત દિવસે ''દર્સે કુર્આન'નું આયોજન થવું જોઈએ.

૪. કોલેજો અને સ્કૂલોના વિદ્યાર્થીઓને માટે કુર્આન સંબંધી ઉલમા તથા સ્કોલર્સ થકી ખાસ લેકચરો અપાવવામાં આવે.

૫. એવા સેમીનાર તથા જલ્સાઓનું આયોજન કરવામાં આવે જેમાં ગૈર મુસ્લિમોના માટે કુર્આન વિશે સમજવાના મોકો મયસ્સર હોય.

૬. ઈસ્લામી મદ્રસાઓમાં તલબા પાસે કુર્આની ઈલ્મો તથા સીરતે નબી પાક ﷺ પર ખાસ લેખો લખવામાં આવે.

૭. ઈસ્લામી મદ્રસાઓના દઅવત વિભાગ તથા પ્રચાર વિભાગોને કાગળની દુનિયામાંથી અમલીના મેદાનમાં ઉતારવામાં આવે.

૮. દઅવત તથા તબ્લીગના અનુસંધાનમાં પૂરાની ખાનકાહી વ્યવસ્થાને અસરકારક તથા સક્રિય બનાવવામાં આવે.

આ તજવીઝો પર અમલથી જેવી રીતે એક તરફ ખૂદ મુસલમાનોને કુર્આનની અઝમત તથા કુર્આની તા'લીમાતથી વાકેફિયત હાંસલ થશે તેવી જ રીતે બીજી બાજુ ગૈર મુસ્લિમોમાં કુર્આનના હવાલાથી જે બદગુમાનીઓ ફેલાઈ ગઈ છે તે પણ દૂર થશે. આજે જરૂરત એ વાતની છે કે દુનિયાની સમક્ષ કુર્આને અઝીમને હિદાયતની કિતાબના રૂપમાં પેશ કરવામાં આવે, કેમ કે દુનિયાને જે હિદાયત તથા માર્ગદર્શનની જરૂરત છે એ કુર્આન અઝીમની તા'લીમાતમાં મૌજૂદ છે.

*(અશરફિયહ્, નવેમ્બર–૨૦૦૬, મુબારકપુર, યુ.પી.)*

## કાર્યાલય — નૂરાની શરીરનો પડછાયો ન હતો !

આપ ﷺના મુબારક કદનો પડછાયો પડતો ન હતો. હકીમ તિર્મિઝી (વફાત : હિ.સ. ૨૫૫)એ તેમના પુસ્તક ''નવાદિરુલ્ ઉસૂલ''માં હઝરત ઝકવાન તાબઈથી આ હદીષ વર્ણવી છે કે સૂર્યના પ્રકાશ અને ચંદ્રની રોશનીમાં રસૂલુલ્લાહ صلی اللہ تعالیٰ علیہ وسلم નો પડછાયો પડતો ન હતો ! ઈમામ ઈબ્ને સબ્અનું કથન છે કે આ આપની વિશિષ્ટતાઓમાંથી છે કે આપનો પડછાયો જમીન પર પડતો ન હતો. અને આપ નૂર હતા એટલા માટે જ્યારે આપ તડકા અને ચાંદનીમાં ચાલતા ત્યારે આપનો પડછાયો નજર આવતો ન હતો. અને અન્ય કેટલાકનું કથન છે કે એની સાક્ષી એ હદીષ છે કે જેમાં આપની એ દુઆનું વર્ણન છે કે આપે એ દુઆ માંગી કે ખુદાવંદ ! તું મારા સમગ્ર અંગોને નૂર બનાવી દે ! અને આપે પોતાની આ દુઆને આ વાત ઉપર ખતમ કરી કે, વજઅલ્ની નૂરન. અર્થાત : હે અલ્લાહ ! તું મને સાંગોપાંગ નૂર બનાવી દે ! જાહેર છે કે જ્યારે આપ સાંગોપાંગ નૂર હતા તો આપનો પડછાયો ક્યાંથી પડત ?!

એ જ રીતે અબ્દુલ્લાહ બિન મુબારક અને ઈબ્ને જૌઝીએ પણ હઝરત અબ્દુલ્લાહ બિન અબ્બાસ رضی اللہ عنہما થી રિવાયત કરી છે કે હુઝૂર صلی اللہ تعالیٰ علیہ وسلمનો પડછાયો ન હતો.

*(ઝુર્કાની, ભાગ–૫, પેજ–૨૪૯)*




અઝ : મુફક્કિરે ઈસ્લામ હઝરત અલ્લામા મૌલાના
**કમરુઝ્ઝમાંખાં આ'ઝમી** مدظلہ العالی
(સેકે. વર્લ્ડ ઈસ્લામિક મિશન, યુ.કે.)

અગર આપ **યહૂદીયત** કો પૂરી દુન્યા કા મઝહબ માન લેં, યહૂદી હઝરત ઈસા علیہ السلام કો નબી નહીં માનતે, ઉનકી હુરમત (ઈજ્જત)સે ખેલતે હૈં, ઉનકી મુકદસ માં પર ઈલ્ઝામ આઈદ કરતે હૈં. અગર આપ **ઈસાઈયત** કો પૂરી દુન્યા કા દીન માન લેં યા પૂરી દુન્યામેં ઉસકો આમ કરના ચાહેં તો વો સરવરે કાએનાત ﷺ કો કુબૂલ નહીં કરતે, ઔર યહ કૈસે મુમ્કિન હૈ કે દુન્યા કા હર પાંચવાં આદમી કિસી ઐસે મઝહબ કો કબૂલ કર લે જો ઉનકે નબી કો ન માનતા હો, જો ઉનકે રસૂલ કો ન માનતા હો, લેકિન અગર **ઈસ્લામ** પૂરી દુન્યા કા મઝહબ હો જાએ તો હઝરત ઈસા علیہ السلام કી આબરૂ ભી મહફૂઝ હૈ ઔર હઝરત મૂસા કા ઈમાન ભી મહફૂઝ હૈ, તન્હા ઈસ્લામ હૈ જો પૂરી દુન્યા કો મઝહબ કે નામ પર ભી મુત્તહિદ કર સક્તા હૈ.

આપ અંદાઝા કરેં, કુર્આને અઝીમ કે દો ચેપ્ટર (Chapter) દો સૂરતેં હઝરત ઈસા علیہ السلام કે બારેમેં નાઝિલ કી ગઈ. આજ વો જો ભી હમારે સાથ કર રહે હૈં વો ઉનકી પોલીટિક્સ (Politics) યા સિયાસત હોગી. લેકિન જિસ વક્ત વો કુર્આને અઝીમ કો પઢ લેંગે, વો હમસે મહબ્બત કરને પર મજબૂર હોંગે. યા તો હમને કુર્આને અઝીમ કો પેશ નહીં કિયા યા ઉન્હોંને કુર્આને અઝીમ કો હાથ નહીં લગાયા. ઔર જિન લોગોંને કુર્આને અઝીમ સમઝને કી કોશિશ નહીં કી વો કુર્આન કો ફંડામેન્ટલીઝમ (Fundamentalisem) ઔર ટેરરિઝમ (Terrorism) કી કિતાબ ક઼રાર દેકર હમેશા કે લિએ પસે મંઝરમેં ડાલના ચાહતે હૈ. **દો સૂરતેં સૂરએ મરયમ ઔર સૂરએ આલે ઈમરાન, યહ દો સૂરતેં મુકમ્મલ તૌર પે હઝરત ઈસા કે ખાનદાન કે બારેમેં, હઝરત ઈસા** علیہ السلام **કી અઝમત કે બારેમેં, ઉનકે રૂહુલ કુદ્સકી હૈષિયત કો પેશ કરને કે સિલસિલેમેં હૈ.** કુર્આને પાક કા યહ એહસાને અઝીમ હૈ કે ઉસકે અંદર બાઝાબ્તા તૌર પર ઈસાઈયત કે તઅલ્લુક સે આયાત મૌજૂદ હૈં વરના ઈસાઈયોં કો અપની તારીખીયત ષાબિત કરના મુશ્કિલ હો જાતા ! હઝરત ઈસા કી તારીખી હૈષિયત. લેકિન વો કુર્આન હૈ જિસને ઉનકી તારીખીયત કો મહફૂઝ કર લિયા હૈ, ઉનકી આબરૂ કો મહફૂઝ કર લિયા હૈ.

યહી હાલ હઝરત મૂસા علیہ السلام કા હૈ, યહી હાલ દૂસરે પયગંબરાને કિરામમ કા હૈ, અગર કુર્આને પાક કે નિઝામ કો આમ કિયા જાએ તો યક઼ીનન ! મફાહેમત (Metual Understanding)કી સલાહિત પેદા હોગી, લેકિન યહ ઉસી વક્ત હોગા જબ સામને કુર્આન કા નઝરિયા હોગા, કુર્આન કે એલાવા કોઈ ઔર નઝરિયા ન મુત્તહિદ કર સક્તા હૈ ન મુનઝ્ઝમ કર સક્તા હૈ. સૂરએ આલે ઈમરાન ઔર સૂરએ મરયમ દો સૂરતેં જિસમેં હઝરત ઈસા કા ઔર ફેમેલી ઓફ ઈસા કા મુકમ્મલ તઝકેરા કિયા ગયા હૈ.

અઝીઝાને મિલ્લતે ઈસ્લામિયા ! તો મઝહબી એ'તેબારસે ભી અગર દુન્યા કો કોઈ તાક઼ત મુત્તહિદ કર સકતી હૈ તો વો સિર્ફ ઈસ્લામ કર સકતા હૈ. જહાં તક રહા મઈશત ઔર મઆશ કા મામલા, તો હમને આપકો પહલે હી બતા દિયા હૈ કે દુન્યામેં આપ કી

આબાદી બાઈસ ફીસદ (૨૨%) હૈ, આપ કે મહફૂઝ વસાઈલ જો ઝમીનોં ઔર ખઝાનોં કી શકલમેં હૈં વો ચૌબીસ ફીસદ હૈ, સત્તર ફીસદ (૭૦%) તેલ પર કન્ટ્રોલ કરને કી બુનિયાદ પર અપને ઈન વસાઈલ કો સહીહ તૌર પર ઈસ્તેમાલ કરને કા સલીકા અગર કૌમ કો આ જાએ તો દુન્યા કી મઆશી કયાદત (આર્થિક સરદારી) ભી આપ હી કર સકેંગે, આપ કે એલાવા કોઈ ઔર નહીં કર સકેગા.

અઝીઝાને મિલ્લતે ઈસ્લામિયા ! રહી કારોબાર ઔર તિજારત કી બાત જિસ કી બુનિયાદ પર ગ્લોબલાઈઝેશન કે ના'રા કો બહુત આમ કિયા જા રહા હૈ. તહઝીબ, તમદુન, મઝહબ યહ સબ પીછે હૈં, ઈસ વક્ત તો દુન્યા કા તાજિર સિર્ફ દુન્યા કો મુત્તહિદ કરના ચાહતા હૈ, તિજારત કે નામ પર, બિઝનેસ (Business) કે નામ પર, આઈએ, કુર્આને પાક કા નઝરિયા દેખેં. **દુન્યા કે કિસી ભી મઝહબને તિજારત કો ઈબાદત કી હૈષિયત નહીં દી હૈ, મૈં ચેલેંજ કે સાથ કહ સક્તા હૂં. બલ્કે દુનિયા કે બેશતર મઝાહિબને દુન્યા કમાને કો હરામ કરાર દિયા હૈ.** જનાબ ઈસા علیہ السلام કા કૌલ મૌજૂદ હૈ ઈન્જીલકે અંદર કે અગર તુમ આસમાની મલકૂતમેં દાખિલ હોના ચાહતે હો તો દુન્યા સે અપના રિશ્તા તોળ લો ! યહી હાલ દૂસરે મઝાહિબ કા હૈ. મગર **તન્હા ઈસ્લામ હૈ કે જિસને તિજારત કો ઈબાદત કા મકામ દિયા હૈ.** અલ્લાહ કે રસૂલ તાજદારે દો આલમ ﷺ યૂં હી ઝિંદગી ગુઝાર સક્તે થે બગૈર તિજારત કે, લેકિન તિજારત કો અપના નસબુલ અયન બનાના ઔર ઈસ્લામ કી દા'વતસે પહલે નબુવ્વત કે એલાનસે પહલે તિજારત કો બાઝાબ્તા ઈખ્તિયાર કરના યહ ઈસ બાત કા ઈશારા થા કે પૈગંબર કી ઝિંદગી કા હર લમ્હા કાબિલે ઈતાઅત હૈ. વો લોગ બળે નાદાન હૈં જો કહતે હૈં કે ચોવીસ સાલ કે બાદ ઈતાઅત કી જાએગી, ચાલીસ સાલસે પહલે નહીં, તો કયા બચ્ચોં કી ઝિંદગી કે લિએ સરકાર કી હયાત મેં કોઈ કાનૂન નહીં ?! નૌજવાનોં કે લિએ કોઈ કાનૂન નહીં ?! ક્યા સિર્ફ તેઈસ સાલા ઝિંદગી કાબિલે કદર હૈ ?! વો લોગ શાયદ ઈસ્લામ કો સમઝતે નહીં હૈ. મૈં ઉનસે યહ અર્ઝ કરના ચાહતા હૂં કે અગર તુમ્હારા યહ દાવા હૈ કે ચાલીસ સાલ કે બાદ કી ઝિંદગી કાબિલે ઈત્તેબા હૈ તો મુઝે બતાઓ કે પૈદાઈશે રસૂલસે લે કરકે ચાલીસ સાલ તક ક્યા નબી કા કોઈ કદમ કુર્આનસે હટા હુવા તુમ કો નઝર આતા હૈ ? કુર્આન સે અલગ નઝર આતા હૈ ? કુર્આન ચાલીસ સાલ કે બાદ નાઝિલ હો રહા હૈ મગર **નબી કી ઝિંદગી કા એક એક લમ્હા પેદાઈશ સે લેકર ચાલીસ સાલ તક કુર્આન કે મુતાબિક હૈ.** અલ્લાહ કી મરઝી યહી થી કે મેરે મહબૂબ ! ચાલીસ સાલ તક કુર્આન બના કે દિખા દો ઔર ચાલીસ સાલે કે બાદ કુર્આન પળ્હ કે સુના દો, તા કે તુમ્હારી ઝિંદગી ખૂદ તુમ્હારે દાવે કી દલીલ બન જાએ.

ઔર સરકારને કહા ભી હૈ કે તુમ મેરી તકઝીબ ક્યોં કરતે હો ? મુઝે ક્યોં ઝૂઠલાતે હો ? فَقَدْ لَبِثْتُ فِيكُمْ عُمُرًا મૈંને તુમમેં એક તવીલ ઝિંદગી ગુઝારી હૈ, તુમ મેરા માઝી દેખો ઔર મેરે દાવે કી તસ્દીક તુમ મુકમ્મલ તૌરસે કર સકતે હો. તો હુઝૂર કી ઝિંદગી કા હર લમ્હા હમારે લિએ કાબિલે તકલીદ ઔર કાબિલે ઈત્તેબા હૈ, ઉસમેં તિજારત ભી હૈ. **સરકાર પહલા સફર ઈસ દુન્યામેં કરતે હૈં અપની તિજારત કે લિએ કરતે હૈ,** સરકાર ખૂદ તિજારત ફર્માતે હૈં. મૈં અર્ઝ કરના ચાહતા હૂં કે **સરકારને તિજારત ફર્માકર તિજારત કો સુન્નત ઔર ઈબાદત કી હૈષિયત દે દી.** મૌલાના શાકિર નૂરી મૌજૂદ હૈં, અગર હર સુન્નત ઈબાદત હૈ તો તિજારત ભી ઈબાદત હૈ.

સરકારને તિજારત કો બળા અહમ મકામ દિયા હૈ, ઈર્શાદ ફર્માતે હૈં :–

اَلتَّاجِرُ الصَّدُوْقُ الْاَمِيْنُ مَعَ الْاَنْبِيَآءِ وَالصِّدِّيْقِيْنَ وَالصَّالِحِيْنَ

કુર્આને પાકમેં એક મકામ પે ફર્માયા ગયા કે નજાતયાફતા ઔર મો'મિન વો લોગ હૈં :–

أُولَٰئِكَ مَعَ الَّذِينَ أَنْعَمَ اللَّهُ عَلَيْهِم مِّنَ النَّبِيِّينَ وَالصِّدِّيقِينَ وَالشُّهَدَاءِ وَالصَّالِحِينَ وَحَسُنَ أُولَٰئِكَ رَفِيقًا

નેક ઔર કામયાબ લોગ વો હે જો અંબિયા કે સાથ હૈં, સિદ્દીકીન કે સાથ હૈં ઔર સાલેહીન કે સાથ હૈં ઔર શોહદા કે સાથ હૈં. ઔર યહાં અલ્લાહ કે રસૂલ તાજિરોં કે બારેમેં ફર્મા રહે હૈં કે **સચ્ચા ઔર અમાનતાદાર તાજિર અંબિયા, સાલેહીન ઔર સિદ્દીક઼ીન કે સાથ ઉઠાયા જાએગા.** સચ્ચા ઔર અમાનતદાર તાજિર ! જાનતે હૈં કે સચ્ચાઈ ઔર અમાનતદારી કી શર્ત અલ્લાહ કે રસૂલને ક્યૂં રખી ? **એક સચ્ચા ઔર અમાનતદાર તાજિર કભી કિસી પર ઝુલ્મ નહીં કરેગા, કભી કિસી કે માલ કો નાજાઈઝ ઈસ્તેમાલ નહીં કરેગા. અપની તિજારતી પોલીસી (Policy) મુસલ્લત કર કે કિસી કૌમ કા હક્ક઼ ગ઼સબ નહીં કરેગા, વો હર ફર્દ કે હક્ક઼ કો તસ્લીમ કરેગા, અફરાદ કે ભી ઔર કૌમોં કે હુકૂક઼ કો ભી.**

આજ કા તાજિર ઉસ કી કોઈ પરવા નહીં કરતા, આપ કા હાલ જો ભી હો ઉસકા ખઝાના ભરના ચાહિએ ! આપ કે બાઝાર કી મઈશત જૈસી ભી હો, આપ કા ઈકોનોમિક ગ્રાફ (Economic Graph) કિત્ના હી ક્યોં ન ગિર જાએ, ઉસકે ખઝાનામેં કોઈ કભી નહીં આની ચાહિએ ! આજ દુન્યા કા તાજિર યહ સમઝતા હૈ. મગર સદાક઼ત ઔર અમાનત કી ક઼ૈદ લગાકર અલ્લાહ કે રસૂલને ફર્માયા, અગર તુમ આલમી તૌર પે ભી તિજારત કરોગે તો દુસરોં કે હુક઼ૂક઼ કી રિઆયત કરોગો (કાળજી રાખશો) ઔર ગાલિબન્ યહી વજહ થી, મેરે અઝીઝ સાથીયો ! કે અલ્લાહ કે રસૂલ કે દીન કી દા'વત ફેલાનેવાલોં મેં સબસે નુમાયાં રોલ જો હે વો તાજિરોં કા હૈ. મદીના તયબાહ ઔર હિજાઝ મુકદ્દસ સે મુસલમાન માલે તિજારત લે કે નિકલે, **એક હાથમેં તિજારત કા માલ થા ઔર દૂસરે હાથમેં કુર્આન થા. નતીજા યહ હુવા કે ઉનકી સદાક઼ત ઉનકી અમાનત, ઉનકી દિયાનતદારી દેખ કર કે કૌમે ઝુક ગઇં, આજ આફ્રિકા કે જિત્ને ભી સાહિલ હૈં, સમદરોં કે ઈલાકે ઉન તમામ સાહિલોં પર ઈસ્લામ કૈસે મૌજૂદ હે ?** ક્યાં વહાં કોઈ ફાતેહ પહોંચા થા, મુહમ્મદ બિન કાસિમ ?! ઔર ક્યા કોઈ તારિક ઈબ્ને ઝિયાદ પહોંચે થે વહાં ?! નહીં ! **વહાં સિર્ફ તાજિર પહોંચે થે. આજ પૂરા ઈન્ડોનેશિયા મુસલમાન ક્યોં હે ? આપ કો માલૂમ હૈ કે અરબ તાજિરોં કા એક કાફલા કશ્તિયોં પર સવાર હો કરકે કહીં જા રહા થા. ઈન્ડોનેશિયાસે પહલે ચટ્ટાનોંસે ઉનકા જહાઝ ટકરાયા, લોગ ડૂબને લગે, ઉન્હોંને અપને માલ કો સમેટા, છોટી કશ્તિયોં પે લે કર ઈન્ડોનેશિયા કે સાહિલ પર ઉતરે, માલ બેચા ઔર દિલોંમેં ઈમાન કા બીજ બોયા ઔર આજ દુન્યા કી સબસે બળી ઈસ્લામી મમ્લેકત વહાં મૌજૂદ હૈ.** ઈસ્લામ કી ઈશાઅતમેં (પ્રચારમાં) તાજિરોંને જો રોલ અદા કિયા હે કિસી ઔર તબકેને ઈસ તરહ અદા નહીં હૈ. ઈસ લિએ કે તિજારત મોબાઈલ (Mobile) હોતી હૈ, મુવમેન્ટ (Movement) ચાહતી હૈ, આપ અંદાઝા કરેં.... આજ લોગ બાહર નિકલ રહે હૈં, આજ આલમી રાબ્તા ક઼ાઈમ કર રહે હૈં ? આજ લોગ એક્સપોર્ટ ઔર ઈમ્પોર્ટ કે નામ પર દુન્યાભરમેં ફૈલના ચાહતે હૈં, મગર કુર્બાન જાઈએ કે અરબ કા તિજારતી કારોબાર તો ઈન્ડોનેશિયા કે સાહિલસે સ્પેન તક ફેલા હુવા થા, વો મુસલમાન તાજિર થે. આપ અંદાઝા કરેં, મૈં એક મોટીસી મિષાલ દૂં. આજ ઈન્શ્યૂરન્સ (Insurance) વગૈરા કા મામલા હૈ,

જો આપ દેખતે હૈં કે કંપનિયાં, ઈદારે ઈન્સ્યૂર્ડ (**Insured**) કિએ જાતે હૈં, આપ કો માલૂમ હે કે ઉસકી બુનિયાદ ઔર અસાસ કિસને રખી ? હઝરત અમીર મુઆવિયહ્ رضی اللہ عنہ કે ઝમાનેમેં સમંદરો પર કબ્ઝા હુવા ઔર માલ બયક વક્ત હિંદુસ્તાન ઔર દુસરી તરફ સ્પેન તક પહોંચને લગા ઔર કભી કશ્તિયાં ડૂબ જાતીં તો સરમાયાદાર ડૂબ જાતા થા. વો કરતે યહ થે કે હર સાહિલ પર ઉન્હોંને એક મકાન બનવા રખા થા જહાં જાનેવાલે જહાઝોંસે માલ ઉતાર કર વહાં થોળા થોળા રખા જાતા થા, કોઈ જહાઝ ડૂબ જાતા તો ઉસસે ઉસકો પૂર કર દિયા જાતા થા. યહ એક કચ્ચી શકલ થી. આજકે મુનઝ્ઝમ ઈન્સ્યૂરન્સ કી તિજારત હી કી બુનિયાદ થી કે જિસકી બુનિયાદ પર પૂરે એશિયા ઔર અફ્રિકામેં ઈસ્લામ ફૈલા. હિંદુસ્તાનમેં મુહમ્મદ ઈબ્ને કાસિમસે બહુત પહલે માલાબારકે સાહિલ પર મુસલમાન તાજિરોં કા કાફલા આયા થા ઔર ઈસ્લામ વહાં પહોંચ ચૂકા થા. ઈસી તરહસે સિંધ કે સાહિલોં પર વો તિજારતી કાફલા હી થા કે જિસકે ઈન્તેકામ કે લિએ મુહમ્મદ ઈબ્ને કાસિમ કો હજ્જાજને હિંદુસ્તાન ભેજા થા. એક ઝમાના વો થા કે સૈયિદના અમીર મુઆવિયહ્‌ને સબસે પહલે બહરી બેળા (જળ દળ) તૈયાર કિયા ઔર ઉસકે નતીજામેં દુન્યા કે તમામ સમંદરો પર તિજારતી બુનિયાદોં પર મુસલમાનોં કા કબ્ઝા થા, યહ લોગ કમ જાનતે હોંગે કે કોલંબસ કે એક મુસલમાન અમીર અલ બહર કે ઝેરે તર્બિયત એક તિજારત કરનેવાલા કાફલા થા, વો સ્પેની નસલ કા થા. ઈ.સ. ૧૪૯૨મેં સ્પેન કા ઝવાલ હોતા હૈ. હિ.સ. ૧૪૯૨મેં અમેરિકા દર્યાફ્ત (શોધાય) હોતા હૈ. અગર સ્પેન કા ઝવાલ ન હોતા તો આજ અમેરિકા ઈસ્લામ કી દૌલતસે આશના હોતા ઔર વહાં મુસલમાનોં કી હુકૂમત હોતી. મગર સિયાસી ઝવાલને જહાં ઔર જગહોં પર નુકસાન પહોંચાયા હૈ, વહાં ભી યહ નુકસાન હુવા.

તો મૈં યહ અર્ઝ કરના ચાહતા હૂં કે સમંદરોં પર મુદ્દતોં કબ્ઝા રહા. યહી વજહ હૈ કે યૂરપિયન કૌમોંસે મુસલમાનોં કા મુકાબલા હવા તો સમંદરો પર કબ્ઝે કી વજહસે વો કભી કામયાબ નહીં હો સકે. સિસલીકા સાહિલ હો, ઈટલી કે ઈલાકે હોં યા દયાનાકી વાદીયાં હોં, યહ સબકી સબ કંટ્રોલ મેં ઈસ લિએ થીં કે સમંદરો પે કબ્ઝા થા, આજ યહ તાકત હમારે પાસ નહીં હૈ, ઉનકે પાસ હૈ. અલ્લાહ કે રસૂલ તાજદારે દો આલમ ﷺ પે નાઝિલ હોનેવાલે કુર્આન મેં ચૌદહસો સાલ પહલે કશ્તિયોં કે સફર કો બહુત હી મુન્ફઅત બખ્શ (લાભકારક) કરાર દિયા થા. ઈર્શાદ ફર્માયા થા, وَحَمَلْنٰهُ فِى الْبَرِّ وَ الْبَحْرِ **હમને તુમ્હેં સમંદરો ઔર કશ્તિયોં પર સવાર કિયા તા કે તુમ ઝિંદગી કી સારી સહૂલતેં હાસિલ કર સકો.** ઉસ ઝમાનામેં જબ લકળી કી છોટી છોટી કશ્તિયાં હુવા કરતી થીં, પયગમ્બરે આ'ઝમને મઅશિયત કી બુનિયાદ સમંદરો પર રખી હૈ ઔર આજ સિર્ફ વો મુલ્ક કામયાબ હૈં જહાં સમંદર હૈ, સિફ વો શહર આગે બળ્હ રહે હૈં જહાં સમંદર હૈ. આજ સમંદરોં પર કબ્ઝા કરને કે લિએ ભી અફઘાનિસ્તાનમેં ઉતરના ઝરૂરી હૈ તા કે મીઠે પાનીયોં પર દૂસરોં કા કબ્ઝા ન હો સકે. **સમંદર કી અહમિયત કો કુર્આને અઝીમને ચૌદહસો સાલ પહલે બયાન કિયા હૈ ઔર મુસલમાન જબ કુર્આન પળ્હતા થા ઔર કુર્આન કી રૂહ કો સમઝતા થા, ઉસ પર અમલ ભી કરતા થા.** ક્યા ઝરૂરત થી હઝરત અમીર મુઆવિયહ્ કો બહરી બેળે તૈયાર કરને કી ?! ક્યા ઝરૂરત થી ઉન તમામ અમીરુલ બહર મુસલમાનોં કી જિન્હોંને સમંદરોં કે સીનેં ચીરે ઔર તિજારતી કાફલે કો લેકર આગે બળ્હે ઔર હમ્લાઆવર કા જવાબ ભી દિયા, સિર્ફ ઈસ લિએ કે વો જાનતે થે કે સમંદર કી મુન્ફઅત (ફાયદાઓ) બહુત હૈ લેકિન હમારે સિયાસી ઝવાલ કે સાથ સાથ સમંદરોં પે હમારા કન્ટ્રોલ ખતમ હો ગયા ઔર જિસકે નતીજામેં આલમી તિજારત હમારે હાથોંમેં નહીં રહ ગઈ.

મેરે અઝીઝ સાથીઓ ! ઈસી તરીકે સે આપ દુન્યા કી દુસરી બાતોં કા જાઈઝા લેં તો આપકો માલૂમ હોગા. ઝરાઅત (કાશ્તકારી, ખેતીબાળી) યહ ખાલિસ દુન્યાવી મામલા હે, અલ્લાહ કે રસૂલને ઉસે ભી દીન બના દિયા હે ! મેરે આક઼ા ﷺ ફર્માતે હૈં કે, **"એક કાશ્તકાર (ખેડૂત) જો ખેત બોતા હે અગર ઉસમેં એક પરિન્દા ભી કોઈ દાના ખા લેતા હે તો ઉસકા ષવાબ ભી લિખા જાતા હે."** અલ્લાહ કે રસૂલ તાજદારે દો આલમ ﷺને ફર્માયા કે, **"અગર મૈં તુમ્હેં બતા દૂં કે બંજર ઝમીનોં કો આબાદ કરને કા ષવાબ કિતના હે, ષવાબ યાની દુન્યામેં જો ફાઈદા હોગા વો તો હોગા યાની ષવાબ કિતના હે ? તો પૂરી દુન્યા મેં ઝમીન કા એક ઇંચ ભી બંજર ન રહ જાએ."** મેરે આકા ﷺ ફર્માતે હૈં, مَنْ اَحْیٰی اَرْضًا فَهِیَ لَهٗ **"જો કિસી ઝમીન કો ઝિંદા કરેગા વો ઝમીન ઉસકી મિલ્કિયત બના દી જાએગી."** યાની બંજર (ઉજ્જડ) હે ઉસે કાબિલે કાશ્ત (ખેતીલાયક) બના દે તો ઈસ્લામી હુકૂમત હોગી તો જો બંજર કો ક઼ાબિલે કાશ્ત બનાએગા વો ઝમીન ઉસકી મિલ્કિયત કરાર દી જાએગી.

અઝીઝાને મિલ્લતે ઈસ્લામિયા ! કુર્આને અઝીમને બાર બાર કહા હે, "ક્યા તુમ સમઝતે હો કે સબ અપની મેહનતોંસે ગલ્લા (અનાજ) હાસિલ કરતે હો ? હમ ગલ્લા પેદા કરનેવાલે હે." યાની ગલ્લે કી પેદાઈશ કો કુદરત અપની તરફ મન્સૂબ કર કે કિસાન કા મકામ કિત્ના બુલંદ કર દેતી હે, કિત્ની અહમ હૈષિયત દુન્યા કે સામને પેશ ફર્માઈ હે. યહ હાલ હે ઝરાઅત (ખેતી) કા જો આપ કી નિગાહોં કે સામને હે. ઔર જહાં તક મહેનતકશ તબકે કા તઅલ્લુક હે, આપ અંદાઝા ફર્માએં કે અલ્લાહ કે રસૂલ ﷺને ફર્માયા, اَلْکَاسِبُ حَبِیْبُ اللّٰہِ **"હાથસે મેહનત કરનેવાલા અલ્લાહ કા મહબૂબ હે."** દુન્યા કી નિગાહમેં વો કુછ ભી હો, દુનિયા જો ભી ઉસે નામ દેના ચાહે, લૂહાર કહના ચાહે, બનકર કહના ચાહે, ઉસે ચમળા બનાનેવાલા કહના ચાહે, જો ભી કહના ચાહે મગર **હાથસે મેહનત કરનેવાલા અલ્લાહ કા હબીબ હે !** હર તબકા કે અમલ કો અલ્લાહ કે રસૂલને દીન બના દિયા, તિજારત (વેપાર) દીન હે, કાશ્તકારી (ખેતી) દીન હે, મેહનત દીન હે.

આપને સુના હોગા કે એક સાહબ બારગાહે રસૂલ ﷺમેં હાઝિર હૂએ ઔર હાઝિર હોને કે બાદ ઉન્હોંને અલ્લાહ કે રસૂલ તાજદારે દો આલમ ﷺસે અર્ઝ કી, "હુઝૂર ! હમેં કુછ અતા ફર્માએ !" આપને ફર્માયા, "તુમ્હારે પાસ કુછ નહીં હે ?" કહા, "હુઝૂર ! એક પ્યાલા ઔર એક ચાદર હે." કહા, "લે આઓ !" વો લેકર કે આએ ઔર આપને ઉસકો નીલામ ફર્માયા. એક સાહબને તીન દીનારમેં લેના ચાહા, એક સાહબને ચારમેં. ચારમેં આપને દે દિયા ઔર ફિર વો દીનાર આનેવાલે શખ્સ કો દેકર ફર્માયા, "જાઓ ! બાઝાર સે કુલ્હાળી લાઓ મૈં તુમ્હેં કામ બતાતા હૂં." વો ગએ કુલ્હાળી ખરીદ કર લાએ. ઉસ દરમિયાન સરકારને ખૂદ દસ્તા લકળી કા અપને હાથોંસે તૈયાર કર દિયા. આપને ઉસમેં ઠોક દિયા ઔર કહા, "જાઓ ! જંગલસે લકળિયાં કાટો ! બાઝારમેં બેચો !" વો ગએ ઔર એક હફતા તક બેચ કરકે આએ તો ઝરા ખુશહાલ થે, દસ બીસ દીનાર ભી પાસમેં થે, ચેહરા પે ભી રોનક થી. સરકારને પૂછા, "ક્યા હાલ હે ?" કહા, "હુઝૂર ! દસ દીનાર મેરે પાસ હૈં, મૈંને બહુત કમા લિયા હે, બહુત ખૂશ હૂં !" કહા, "કોઈ તકલીફ તો નહીં હૂઈ ?" કહા, "બસ ! વો મેહનત કી આદત નહીં થી, માંગને કી આદત થી. મેહનત કી આદત નહીં થી, દેખીએ ! યહ હાથ પે ઘટ્ટે પળ ગએ હૈં !" સરકાર ﷺને મહતનકશ કે હાથોં કે ઘટ્ટોં કો પસંદ ફર્માયા.

તો આપ અંદાઝા કીજીએ કે ઝિંદગી કા કૌન ઐસા ગોશા હે જિસકે હવાલેસે સરકારને રેહનુમાઈ ન કી હો ! સરકાર ﷺને ફર્માયા, "બહુત બેહતર હે

તુમ્હારે લિએ કે કલ મૈદાને કિ્યામતમેં તુમ્હારે ચહેરા પર ગોશ્ત ન રહે.'' યાની અગર તુમ ભીક માંગોગે તો યહ ગોશ્ત દૂસરોં કા દિયા હુવા હૈ ઉતાર દિયા જાએગા. હડ્ડીયાં રહ જાએંગી, ઔર અગર તુમ અપના કમા કર ખાઓગે, મેહનત કરોંગે તો કલ કિ્યામતમેં તુમ્હારા ચેહરા પૂરનૂર ભી હોગા, ઉસ પર ગોશ્ત ભી હોગા.

આપ અંદાઝા ફર્માએં કે **મેહનતકશ તબકે કો ભી દીનદાર બતાયા, તિજારત કરને કો ભી દીન કરાર દિયા ઔર ઝરાઅત (ખેતી) કો ભી.** અગર ઈન તીન ગોશોં પર હમારા કન્ટ્રોલ હો જાએ તો દુન્યા કી ઈકોનોમી હમારે પાસ હોગી. લેકિન ઉસકે લિએ મેરે સાથીયો ! હમેં દીન કે સાથ દુન્યા મેં ભી બહુત મેહનત કરની પળેગી. હમ બહુત પીછે હૈં.

કભી કભી ઐસા હોતા હૈ કે એક નસલ કામ કરતી હૈ ઔર કઈ નસલેં ઉસસે ફાઈદા ઉઠાતી હૈં. મેરે આકા ﷺને ઝરાઅત કે બારેમેં ફર્માયા કે, **''અગર તુમ કો યકી્ન હો જાએ કે થોળી દેર કે બાદ મૌત આ જાએગી યા કિ્યામત આ જાએગી, કુછ વક્ત બાકી હો ઔર અગર તુમ એક દરખ્ત લગા સકો તો લગાએ બિના મત મરો.'' Don't die before planting the tree at the time of death if you can plant one tree.** મૌત કે વક્ત અગર એક દરખ્ત લગા સકો તો ઉસસે પહલે મત મરો. સરકારને યહ વક્ત ક્યોં મુન્તખબ કિયા ? સરકાર ﷺ જાનતે હૈં કે દરખ્ત લગાને કા ફાઈદા ઉસે નહીં પહોંચેગા, યહ તો મર રહા હૈ. ઔર વો ભી જાનતા હૈ કે મુઝે નહીં પહોંચેગા, લેકિન કિસી કો તો પહોંચેગા ! કોઈ તો ઉસકે સાએમેં આએગા ! કોઈ તો ઉસકા ફલ ખાએગા. તો ગોયા સરકાર યહ ફર્મા રહે હૈં કે હમેશા અપની ઝાત કો દેખકર કામ મત કરો, જો ભી એફોર્ટ (Effort) કરના ચાહો વો દુન્યા ઔર આનેવાલોં કો દેખકર કરો. આજ અગર આપ મહનત કરેંગે, તિજારતમેં, ઝરાઅતમેં, કાશ્તકારી મેં તો અગલી નસલેં ઈન્શાઅલ્લાહ ! બાઈઝ્ઝત ઔર બાવકા્ર હોગી. ઈસ લિએ આજ ગ્લોબલાઈઝેશન કે ઈસ દૌરમેં હમારા મઝહબ બહુત તાકૃતવર હૈ. આપ કો સિર્ફ દાઈયાને દીન (દીનની દા'વત આપનારાઓ) કી મદદ કરની હૈ, દાઈયાને દીન કો સહારા દેના હૈ, અગર ઉન્હોંને ઝમાના કો સમઝ લિયા, હાલાત કો સમઝ લિયા તો ઈન્શાઅલ્લાહ ! ઈસ્લામ કો દુન્યા કી કોઈ તાકત શિકસ્ત નહીં દે સક્તી.

રહ ગઈ હમારી તહઝીબ, જબ ઈસ્લામ હોગા તો તહઝીબ ભી હોગી. અલબત્તા મઆશી એતેબારસે હમ દુન્યામેં ઔર તા'લીમી એ'તેબારસે બહુત પસમાન્દહ (નીચલી કક્ષાએ) હૈં ઔર આજ યહ દોનોં ચીઝેં બહુત જુ઼ળી હૂઈ હૈં. મઆશી એ'તેબારસે પાંચ ફીસદ (૫%) સરમાયા હૈ ઔર ઈસ વક્ત તા'લીમી એ'તેબારસે હમ યહાં પસમાન્દહ તબ્કોસે ભી પંદ્રહ ફીસદ (૧૫%) નીચે હૈં ! કભી મૈં સાત આઠ કહા કરતા થા, મૌજૂદા રિપોર્ટ યહ હૈ કે પંદરહ ફીસદ નીચે હૈં, અગર હમારા યહી હાલ રહા તો યહ મુલ્ક જો ઈન્ડ્રસ્ટ્રીયલ રીવોલ્યૂશન (Industrial Revolution) કી તરફ, સનઅતી (ટેકનોલોઝી) ઈન્કલાબ કી તરફ આગે બાહ રહા હૈ, સનઅતી ઈન્કેલાબમેં દો તબકા હોતા હૈ, એક તબકા માલિક કા હોતા હૈ, એક તબકા મઝદૂર કા હોતા હૈ. પૂરી કૌમ મઝદૂર બન કે રહ જાએગી ઔર હમારે પાસ કુછ નહીં રહેગા. ઈસ લિએ તા'લીમી એ'તેબારસે ભી ઉન્હેં આગે બળ્હના હૈ ઔર મઆશી એ'તેબારસે ભી આપ જો ભી કારોબાર કરતે હોં, જો ભી કામ કરતે હોં ઉસે સુન્નતે રસૂલ સમઝકર કે, ઈબાદત સમઝ કર કે બેપનાહ મેહનત કે સાથે કીજીએ, અલ્લાહ તઆલા ષવાબ ભી દેગા ઔર મઈશતમેં આપ કા એક મકા્મ ભી પેદા હોગા.

وما علينا الا البلاغ المبين

## માનવ અધિકારોના ભંગનો રિપોર્ટ !



# અમેરિકાના મોંઢા પર જોરદાર તમાચો !

કાર્યાલય

ચીનની રાષ્ટ્રીય કાઉન્સિલના માહિતી ખાતાએ અમેરિકી સમાજમાં વધી રહેલા અત્યાચારો તથા ગુનાહોની વૃદ્ધિ સંબંધે જે રિપોર્ટ બહાર પાડયો છે તે માનવ હક્કોના બની બેઠેલા ઝંડાધારીનો અસલ ચહેરો દુનિયા સમક્ષ પ્રદર્શિત કરે છે. જેઓ દુનિયાભરમાં અને ખાસ કરીને ત્રીજા વિશ્વના દેશોમાં માનવ અધિકારોની ઉઘાડી સ્થિતિના ગમમાં દુબળા થઈ રહ્યા છે, અમેરિકાની આ વિષય સંબંધે ચિંતાની વાસ્તવિક્તાને સમજવાના માટે આ રિપોર્ટ તેમની આંખો ખોલનાર છે.

વાસ્તવમાં પરિસ્થિતિ એવી છે કે આજની દુનિયામાં મોટાભાગના દેશોએ અમેરિકી પ્રભાવને એ રીતે સ્વીકારી લીધો છે કે જ્યારે અમેરિકી સંસ્થા કે એજન્સીઓ દુનિયાના કોઈ દેશમાં માનવ અધિકાર સંબંધે કોઈ રિપોર્ટ બહાર પાડે છે તો જે તે દેશ તરત જ તેનો બચાવ કરવાની પોઝિશનમાં આવી જઈને ખુલાસો તથા સફાઈ રજૂ કરવા માંડે છે, પરંતુ ન તો કોઈ દેશમાં એટલી હિંમત છે અને ન એ એહસાસ છે કે અમેરિકી આક્ષેપોના જવાબમાં એવું કહી શકે કે, "અમેરિકાને આ આંત્રિક બાબતોમાં દખલગીરી કરવાનો કોઈ અધિકાર નથી !" અને ખૂદ અમેરિકામાં પણ માનવ અધિકારોની સ્થિતિ કાંઈ ઓછી ખરાબ નથી. હકીકતમાં અમેરિકા થકી દુનિયાભરમાં માનવ અધિકારો સંબંધે હંગામો મચાવવાનો સબબ પણ એ જ છે કે એવું કરીને તે દુનિયાનું ધ્યાન પોતાની ગૃહસ્થી સ્થિતિ પરથી હટાવવા ચાહે છે. પોતાનાં કુકર્મોને ઢાંકપીછોડ કરવાના માટે અમેરિકા અન્યોના કાર્યોને નિશાન બનાવવાનુ મનોવૈજ્ઞાનિક હથિયાર ઉપયોગમાં લે છે એ જ કારણે દુનિયાનો કોઈ અન્ય દેશ એવો નથી કે જ્યાંની એજન્સીઓ કે સંસ્થાઓ માનવ અધિકાર વિશેના આટલા પુષ્કળ પ્રમાણમાં રિપોર્ટો બહાર પાડતી હોય, અથવા જેમને આટલી હદ સુધી બિનજરૂરી ફિકર લાગેલી હોય કે તે પોતાના ઘરની હાલતો ભૂલીને આખા જગતનો ગમ મનાવતી રહેતી હોય.

ખાસ કરીને એવા દેશો જેમની સાથે અમેરિકાને રાજનૈતિક ગરબડ ચાલતી રહે છે અથવા જેમની સાથે એના મિત્રતાભર્યા સંબંધો નથી ત્યાંની હાલતો પર નજર રાખવી અને ત્યાંના સમાજને નિશાન બનાવવામાં અમેરિકી એજન્સીઓ આગળ આગળ રહે છે. ઈરાક, ઈરાન, સીરિયા અને ઉત્તર કોરીયા એવા જ દેશો છે, એ જ યાદીમાં એક મહત્વનું નામ ચીનનું પણ છે જેને અમેરિકા એશિયામાં ચૌધરીપણુ કરવા સામે ખતરો માને છે. હિંદુસ્તાનથી દોસ્તીની પાંખો ફેલાવવામાં અમેરિકાની પ્રવૃત્તિનો ગર્ભિત ઉદ્દેશ પણ અસલમાં એ જ છે કે એશિયાની આ બે મહાન શક્તિઓ એટલે હિંદુસ્તાન તથા ચીનને આપસમાં અધિક નજીક ન આવવા દેવામાં આવે. એ જ હિકમતપૂર્ણ પ્રવૃત્તિ હેઠળ અમેરિકી એજન્સીઓ ચીનમાં માનવ અધિકારની સ્થિતિ, રાજકીય આઝાદી તથા સામાજિક છૂટછાટને મોટા ભાગે ટીકાનું નિશાન બનાવતી રહે છે. નજીકના દિવસોમાં જ અમેરિકાએ દુનિયાભરમાં માનવ અધિકારની સ્થિતિના સંબંધે એક રિપોર્ટ બહાર પાડયો છે જેમાં ચીન સહિત દુનિયાના ૧૯૦ દેશોનો ઉલ્લેખ છે, પરંતુ ચીને અમેરિકી રિપોર્ટ આવ્યા બાદ ખૂદ અમેરિકામાં માનવ અધિકારોની સ્થિતિનો જે રિપોર્ટ બહાર પાડયો છે તે અમેરિકી તંત્રના મોઢા પર એક જબરદસ્ત જવાબી તમાચો છે.

મજબૂત દલીલો તથા સંખ્યા ગણત્રી

પર આધારિત આ રિપોર્ટ સાબિત કરે છે કે માનવ અધિકારોના સંબંધે અમેરિકાની ચિંતા કેવળ નાટક છે અને જે જે ક્ષેત્રોમાં અમેરિકા દુનિયાભરને ટીકાનું નિશાન બનાવે છે એ ક્ષેત્રોમાં ખૂદ અમેરિકાની સ્થિતિ સભ્ય જગતને શર્મિંદા કરનારી અને એક આઝાદ સમાજના પાયાની કલ્પનાથી વિરુધ્ધ છે.

રિપોર્ટ જણાવે છે કે :–

**"અમેરિકામાં દર વર્ષે ૫૦,૦૦૦ (પચાસ હજાર) વ્યક્તિઓ ખૂન તથા આત્મહત્યાનો શિકાર બને છે."** ઉપરોક્ત બંનેવ સ્થિતિઓ સાબિત કરે છે કે અમેરિકામાં અત્યાચારોમાં વૃદ્ધિ થઈ રહી છે અને લોકો સમાજના અન્ય લોકોના સબબે Frustration (નિરાશા)નો શિકાર છે અને આત્મહત્યા કરવા માટે મજબૂર છે.

રિપોર્ટ દર્શાવે છે કે, **"દુનિયામાં સૌથી અધિક પ્રાઈવેટ શસ્ત્રો રાખનારા લોકો અમેરિકામાં વસે છે અને તેઓ તે શસ્ત્રોનો છૂટથી ઉપયોગ કરે છે."** આ સ્થિતિ એ વાતની દલીલ છે કે **અમેરિકી સમાજ અત્યાચારના શિકારની સાથોસાથ અસલામતિની ભાવનાથી પણ પીડાય છે અને પબ્લિકને ગવર્નમેન્ટ તથા વ્યવસ્થા તંત્ર પર વિશ્વાસ નથી કે તે એમની રક્ષા કરી શક્શે.** દુનિયાને અમ્ન તથા સલામતીનો પૈગામ આપનારા અમેરિકામાં લોકો પાસે સૌથી અધિક શસ્ત્રો હોવાં એ એ વાતની દલીલ છે કે અમેરિકી ગવર્નમેન્ટ ભલે આખા જગતને શસ્ત્રોવિહિન કરવાની વાત કરે છે પરંતુ ખૂદ પોતાના વતનીઓને હથિયાર થમાવીને પોતાના વાણી તથા વર્તનમાં વિરોધાભાસ પ્રદર્શિત કરી રહેલ છે.

માનવ અધિકારના બની બેઠેલ ઠેકેદાર અમેરિકા સંબંધે એ રિપોર્ટ પણ ચોંકાવી દેનાર છે કે **અમેરિકામાં જેલમાં બંધ કેદીઓની સંખ્યા તેની વસ્તીની સરખામણીમાં દુનિયામાં સૌથી અધિક છે.** આ રિપોર્ટ એ વાતોમાંથી કમસે કમ એક વાતની સાબિતી છે અથવા તો એ કે **અમેરિકામાં ગુનાહો (જુર્મો)ની સંખ્યા વિશ્વમાં સૌથી અધિક છે** અથવા તો એ કે અમેરિકી તંત્ર મામૂલી વાતમાં લોકોને જેલમાં પૂરી દે છે અને ઘણા દિવસો સુધી તેમનો છૂટકારો નથી થતો.

અન્ય રિપોર્ટમાં રોબર્ટ કલાર્ક નામની એક એવી વ્યક્તિનું વર્ણન છે કે **કશાય ગુનાહ વિના ૨૪ (ચોવીસ) વરસો જેલમાં પસાર કરવાં પડયાં !** અને ૨૪ વરસો પછી તેને ડી.એન.એ. ટેસ્ટ બાદ કેદથી મુક્તિ મળી. હિંદુસ્તાન તથા દુનિયાના અન્ય દેશોની જેલોમાં કેદીઓની હાલત પર મગરનાં આંસૂ વહાવનાર અમેરિકાનો અમાનવીય ચહેરો પૂરી માનવ દુનિયા માટે શર્મનાક છે.

એ અમાનવીય ચહેરાનું એક અધિક દષ્ટાંત રિપોર્ટમાં દર્શાવવામાં આવ્યું છે કે **ગયા વરસે કેટરીના તોફાન (વાવંટોળ)ના દરમ્યાન ન્યુઓલેન્સની એક જેલમાં છાતી સુધી પાણીમાં ડૂબેલો લગભગ ૬૦૦ કેદીઓની અમેરિકી તંત્રે કોઈ કાળજી ન લીધી અને તેમને તેમના હાલ પર છોડી દેવામાં આવ્યા.**

"સ્ત્રી આઝાદી"નો સબક પઢાવનાર અમેરિકામાં સ્ત્રીઓ કયા સંજોગોનો શિકાર છે એના પર પણ આ રિપોર્ટ રોશની ફેંકે છે. રિપોર્ટમાં દર્શાવવામાં આવ્યું છે કે **અમેરિકાની વસ્તીમાં ૫૧.૫% હિસ્સાદારી ધરાવનારી સ્ત્રીઓની સંખ્યા ૫૩૫ સીટોવાળી ૧૦૯મી અમેરિકી પાર્લામેન્ટમાં કેવળ ૮૧ છે.** સ્ત્રી પર અત્યાચાર અને **જાતીય શોષણના મામલામાં પણ અમેરિકી સમાજની કોઈ જોડ નથી. રિપોર્ટ દર્શાવે છે કે પોતાના જીવનમાં દર ત્રણમાંથી એક અમેરિકી સ્ત્રી ઘરેલુ અત્યાચારનો શિકાર બને છે.** સ્ત્રીઓ પર અત્યાચાર તથા જાતીય

શોષણની આ સંખ્યા એ દેશની છે જે ખૂદને સ્ત્રી આઝાદીનો સૌથી મોટો ઠેકેદાર બતાવે છે, જે આખા જગતને એક મુક્ત સમાજનો સબક શીખવાડે છે, જે જાતીય સ્વતંત્રતાની વકાલત કરે છે, પરંતુ જ્યાં આજે પણ સ્ત્રીઓ જાતીય શોષણનો શિકાર બની રહી છે.

વ્યક્તિ સ્વતંત્રતાના મામલામાં પણ અમેરિકા હકીકતમાં પોતાના દાવાઓથી ઉલ્ટી છબી પેશ કરે છે. રિપોર્ટમાં દર્શાવવામાં આવ્યું છે કે અમેરિકામાં પોલીસ તથા કોર્ટો થકી જાતી સ્વતંત્રતા તથા અધિકારની ખુલ્લમ ખુલ્લા વિરુધ્ધ વર્તન કરવામાં આવે છે, વિના કોઈ કારણે લોકોના ફોન ટેપ કરવામાં આવે છે, માનવ અધિકારો સંબંધે ગૈર સરકારી સંસ્થાઓ પર ચાંપતી નજર રાખવામાં આવે છે. આ રિપોર્ટ દુનિયાની સૌથી શ્રેષ્ઠ તથા મજબૂત લોકશાહીના અમેરિકી દાવા ઉપર પણ પ્રશ્નાર્થ ચિન્હ લગાડે છે અને ભેદ ખોલે છે કે હકીકત અમેરિકી લોકશાહીમાં કેવળ મૂડીવાદીઓનું વર્ચસ્વ છે અને આખુ લોકશાહી તંત્ર માલદારોની કઠપૂતળી બનેલ છે. સરકારી ફેંસલાઓમાં પણ પૈસાની બોલાબાલા રહે છે, પોતાના ફેવરમાં ફેંસલા કરાવવા માટે માલદાર વર્ગ લોબિંગ કરે છે અને તેમાં દર વરસે લગભગ બે અબજ ડોલરની રકમની હેરાફરી થાય છે. પોતાના ફેવરમાં લોબિંગ કરવાવાળી કંપનીઓ અથવા પેઢીઓમાં પાર્લામેન્ટના મેમ્બરો (સંસદ સભ્યો)ના અંગત ખર્ચાઓ ઉઠાવે છે. એના અનુસંધાનમાં અમેરિકાના એક માજી એટર્ની જનરલ રોસ્ટે કર્લાકના મંતવ્યનો હવાલો આપવામાં આવ્યો છે જેમાં કલાર્કે કહ્યું કે, **"અમેરિકાને લોકશાહી દેશ કહેવો લોકશાહીનું અપમાન છે."** સ્પષ્ટ છે કે જે વ્યક્તિ અમેરિકામાં એટર્ની જનરલ રહી હોય તેણે અમેરિકી ન્યાયતંત્ર, વ્યવસ્થાતંત્ર, ધારાસભા, સંસદ તથા અમેરિકી મોટી મોટી કંપનીઓની લોબીને ખૂબ જ નજીકથી જોયી અને પારખી હશે ત્યારે પોતાનું મંતવ્ય રજૂ કર્યું હશે, એવી વ્યક્તિ જો અમેરિકી લોકશાહીને લોકશાહીનું અપમાન ઠરાવે છે તો શંકાને કોઈ અવકાશ રહેતો નથી કે અમેરિકાના સર્વ કાનૂન, નિયમો તથા સભ્યતાના પાઠો, અમ્ન તથા ન્યાયની વાતો કેવળ પોતાના લાભોની પૂર્ણતાનો એક વસીલો છે.

પ્રેસની સ્વતંત્રના અને વંશિક ભેદભાવ જેવી બાબતો પર પણ અમેરિકી સમાજના દ્રિ રંગી વલણનું ચિત્ર રજૂ કર્યું છે.

ઉપરોક્ત સર્વ હકીકતો સાથે અમેરિકી વ્યવસ્થા તંત્ર ભલે સંમતિ ન દર્શાવે, પરંતુ જ્યાં સુધી બાકી જગતને સંબંધ છે, ખાસ કરીને પ્રગતિશીલ દેશોને સંબંધ છે તો તેમણે આ રિપોર્ટ પછી વિચારવું જોઈએ કે શું તેમણે પોતાને ત્યાં લોકશાહી સ્થાપવાના સંબંધે અમેરિકી સલાહોને સ્વીકારવી જોઈએ ? શું તેમણે ત્રાસવાદ વિરુધ્ધ ઉઘાડી જંગમાં અમેરિકાના અવાજ પર લબ્બૈક કહેવું જોઈએ ?! શું તેમણે માનવ અધિકારોના ભંગના સંબંધે અમેરિકી વાંધાઓ પર કાન ધરવા જોઈએ ?! શું તેમણે "સ્ત્રી આઝાદી" પર અમેરિકી સબકને યાદ કરીને પોતાના સમાજ તથા માહોલને જાતીય અવ્યવસ્થા (છૂટછાટ) પ્રતિ ધકેલી દેવો જોઈએ ?! શું તેમણે શસ્ત્રોથી પાક (નિઃશસ્ત્ર) સમાજનો નારો અથવા દબાણને કબૂલ કરીને પોતાની સલામતી તથા રક્ષાને અમેરિકા તથા મહા સત્તાઓ પાસે ગીરો મૂકી દેવી જોઈએ ? શું તેમણે વ્યક્તિ સ્વતંત્રતાના નામ પર પોતાના સમાજને કેવળ એટલા માટે બેલગામ કરી દેવો જોઈએ કે અમેરિકી એવું જ ઈચ્છે છે ? યકીનન ! આવું કરવું કોઈ પણ દેશના માટે ન કેવળ પોતાના સમાજની પડતીનો માર્ગ ઠીક કરવા સમાન ગણાશે, બલ્કે અમેરિકા જેવા જાલિમના આખા જગત પર પ્રભુત્વ ધરાવવાના તેના ખ્વાબને પૂરો કરવાની કોશિશોમાં તેની સાથે જોડાવા સમાન ગણાશે. *(આલમી સહારા, ૨૫/૩/૨૦૦૬)*

હરમ શરીફ હોય કે દુનિયાનો ગમે તે ખૂણો હોય...

# વહાબી પાછળ દુનિયામાં ક્યાંય નમાઝ થશે નહીં !

અઝ : હઝરત અલ્લામા મુફ્તી ગુલામ જીલાની મિસ્બાહી–દયાદરા

અનુવાદક તથા સંપાદક : પટેલ શબ્બીર અલી રઝવી દયાદરવી

એક પત્ર અમને જનાબ મૌલાના મુહમ્મદતાહિર ઈબ્ને હુસૈન રહ્‌માની અશરફી, ઈમામ મસ્જિદે ફયઝે મુહમ્મદી (રાજકોટ)નો મળ્યો જેનો સાર એ છે કે **બરકાતે ખ્વાજા (માસિક)** નવેમ્બર–૦૬માં "હરમૈન શરીફૈન (મક્કા–મદીના)ના વહાબી ઈમામો પાછળ નમાઝ ન પઢવામાં આવે કેમ કે તેમની પાછળ નમાઝ થતી નથી." એવું દર્શાવ્યું છે, તેની વિરુધ્ધમાં એક માસ્તર સાહબે કેટલીક શંકાઓ તેમજ વાંધાઓ દર્શાવ્યા છે જેના જવાબો આપવામાં આવે. સૌથી પ્રથમ તેમના વાંધા રજૂ કરીએ છીએ ત્યારબાદ તેના જવાબો કે જે **હઝરત અલ્લામા મૌલાના મુફ્તી ગુલામ જીલાની મિસ્બાહી સાહબ** (સદર મુદર્રિસીન દા.ઉ. નૂરે મુહમ્મદી–દયાદરા)એ દર્શાવ્યા છે તેને સાભાર રજૂ કરીએ છીએ.

## પત્રમાં દર્શાવેલ વાંધાઓ તથા શંકાઓ

اِنَّ اَوَّلَ بَیۡتٍ وُّضِعَ لِلنَّاسِ لَلَّذِیۡ بِبَکَّۃَ مُبٰرَکًا وَّھُدًی لِّلۡعٰلَمِیۡنَ ۚ فِیۡہِ اٰیٰتٌۢ بَیِّنٰتٌ مَّقَامُ اِبۡرٰھِیۡمَ ۚ وَمَنۡ دَخَلَہٗ کَانَ اٰمِنًا ط

"બેશક ! સૌથી પ્રથમ ઘર જે લોકોની ઈબાદત માટે નિશ્ચિત થયું તે છે જે મક્કામાં છે, બરકતવાળુ અને આખા જગત માટે રહનુમા. એમાં ઉઘાડી નિશાનીઓ છે ઈબ્રાહીમના ઉભા રહવાની જગા, અને જે એમાં આવે અમાનમાં હોય." *(સૂરએ આલે ઈમરાન, આયત–૯૬, ૯૭)*

માસ્તર કહે છે કે જુઓ ! આ આયતે કરીમામાં બૈતુલ્લાહને મુબારક અને અમ્નવાળુ તેમજ પૂરી ઉમ્મતે મુસ્લિમાના માટે રહનુમાઈ તથા હિદાયત ઠરાવેલ છે જેથી મુસલમાન અહીંની અઝાન, ઈક઼ામત, નમાઝ, તરાવીહ વગેરેને જુએ અને અપનાવે. અને અલ્લાહ તઆલાએ આ આયતે કરીમાને કિયામત સુધી દલીલ બનાવીને નાઝિલ કરી છે અને કહ્યું છે કે હમેશાં એમાં અમ્ન રહેશે. અને જે એમાં દાખલ થઈ જશે દરેક રીતે સુરક્ષિત રહેશે. તો એમાં કાફિર કેવી રીતે ઘુસી ગયા ?! અને કેવળ ઘુસ્યા જ નથી બલ્કે અડધી સદીથી કબ્જો કરી લીધો અને આપણી નમાઝ, તરાવીહ બર્બાદ અને નામકબૂલ થાય એનો ઝરીયો પણ બની ગયા ! જ્યારે કે ફતહે મક્કાના પ્રસંગે આ આયત પણ નાઝિલ થઈ :–

اِنَّمَا الۡمُشۡرِکُوۡنَ نَجَسٌ فَلَا یَقۡرَبُوا الۡمَسۡجِدَ الۡحَرَامَ بَعۡدَ عَامِھِمۡ ھٰذَا ج

"મુશ્રિક નર્યા નાપાક છે તો આ વર્ષ પછી તેઓ મસ્જિદે હરામની પાસે ન આવવા પામે." *(સૂ. તૌબા, આ. ૨૮, પારા–૧૦)*

જેમાં એવું સાફ સાફ કહેવામાં આવ્યું છે કે, "મુશ્રિક તથા કાફિરને અહીં આવવાની ઈજાઝત ક્યામત સુધી ન થશે." અને આ વહાબી નજદી તો કયામત પહેલાં જ ઘુસી ગયા ! આ વાત કોઈ પણ ઈમાનવાળાને સમજમાં નથી આવતી. (*આ આયતમાં કાફિર શબ્દ નથી પણ મુશ્રિક વિશે વર્ણન છે, કાફિર શબ્દ માસ્તરે પોતે પોતાની રાયથી ઉમેરી દીધો છે. –તંત્રી : બરકાતે ખ્વાજા, માસિક*)

માસ્તર આગળ લખે છે કે, ખૂદ આપણા ઈમામ મૌલાના અહમદ રઝાખાં ફાઝિલે બરેલ્વી સાહબે લખ્યું છે કે, "હરમૈન તૈયબૈનથી ઈસ્લામ ધર્મનો પ્રારંભ થયો અને સહીહ હદીષોના હુકમથી ત્યાં કદી શૈતાનનો પ્રવેશ ન થશે." (*આઈનએ સદાકત, લેખક મિર્ઝા મહમૂદ સાહબ, પેજ–૩૫, અન્વારે ખિલાફત, પેજ–૯૧, તમ્હીદે ઈમાન, પેજ–૪૬*)

ઉપરોક્ત લખાણથી એ વાત સમજમાં આવે છે કે ત્યાં શૈતાનનો પ્રવેશ કયામત સુધી ન થશે, તો પછી એમાં શૈતાનના અનુયાયી (વહાબી) કેમ કરીને દાખલ થઈ ગયા ! જ્યારે કે હદીષ તથા આયત તો સર્વે કિયામત સુધી તેના હુકમો પર બાકી રહેશે કેમ કે આ શરીઅત કયામત સુધી ચાલશે.

અને એક જગાએ આપણા ઈમામ અહમદ રઝાખાં સાહબ લખે છે કે મદીના તયબાહ અરબ દ્વિપ પર જે રીતે ફઝીલત ધરાવે છે એ જ રીતે તેમની અદાવત તથા બદ્ખ્વાહી મદીનાવાસીઓની સાથે જુલ્મ છે. અને હુઝૂર ﷺ ફર્માવે છે કે કોઈ શખ્સ મદીનાવાસીઓ સાથે ખોટુ ગુમાન ન કરશે, પણ કે એવો પીગળી જશે જેવું મીઠુ (નમક) પાણીમાં. જે મદીનાવાળાઓને ઈજા પહોંચાડે અલ્લાહ તેને મુસીબતમાં નાખે, અને એના પર ખુદાની અને ફરિશ્તાઓ, માણસો સૌની લનઅત છે. અલ્લાહ ન તેના નફ્લ કબૂલ કરશે અને ન ફર્ઝ." (*અન્નહીઉલ અક્ય, પેજ–૨૯, પ્રેસ : બરેલી, આવૃત્તિ : ત્રીજી*)

જો આપણે હરમના ઈમામ પાછળ નમાઝ ન પઢીએ અને તેને મુસલમાન ન જાણીએ, તેમજ તેમના મદીના–મક્કાના રહેવાસીઓને આપણે વહાબી, નજદી તથા કાફિર ઠરાવીએ તો એ આપણી આ હદીષ પ્રમાણે બદ્ખ્વાહી છે કે નહીં ? આ તેમને ઈજા પહોંચાડવું છે કે નથી ? જો છે, તો પછી ઉપરોક્ત હદીષ પ્રમાણે અલ્લાહની લઅનત, ફરિશ્તાઓની લઅનતના આપણે હક્દાર છીએ કે નહીં ?! એ દરેક ઈમાનવાળો પોતે જ વિચારી શકે છે.

તેમજ તિર્મિઝી શરીફ વગેરેમાં એક અન્ય હદીષ છે કે જેમાં બંને જહાનના સરદાર આપણા આકા ﷺ ફર્માવે છે કે જે શખ્સ મારી મસ્જિદમાં ચાલીસ નમાઝો એ રીતે પઢે કે એક નમાઝ પણ તેની મસ્જિદથી ન છૂટે તો તેના માટે આગથી મુક્તિ છે અને તે વ્યક્તિ નિફાકથી પાક છે. (*તિર્મિઝી, તિબ્રાની*)

આ હદીષના પ્રમાણે જાહેર છે કે ૪૦ નમાઝોમાંથી જુમ્આની નમાઝ તો જરૂર આવી જશે, જ્યારે કે તમે લખ્યું છે કે, "જુમ્આ ન પઢે બલ્કે ઝોહ્ર પઢે" એ કઈ રીતે સહીહ થઈ શકે છે ?! અને જો આપણે ઝોહર પઢી લઈએ અથવા તો પછી અન્ય કોઈ નમાઝ આપણા હિસાબે પઢી લઈએ તો પછી આ હદીષથી રસૂલુલ્લાહ ﷺએ જે ફઝીલત બતાવી છે તેનાથી આપણે મેહરૂમ રહીશું.

તેમજ આપણો મુસલમાનોનો ઈજમાઈ અકીદો છે કે મક્કા મુકર્રમા તથા મદીના મુનવ્વરા એ ઈસ્લામનાં મર્કઝ છે, કયામત સુધી ત્યાં કાફિરોનો કબજો ન થશે ન ત્યાંથી હિજરતની જરૂરત પડશે. હિજરતનો પ્રશ્ન ત્યાં જ પેદા થાય છે જ્યાં કુફ્નો કબજો હોય.

એટલું જ નહીં બલ્કે આપણા મુફતીયાને કિરામ તો એવા ફત્વા આપે છે કે જેનાથી કેટલીકવાર કશ્મકશ પેદા થઈ જાય છે.

"તન્વીરુલ હુજ્જત બિજવાઝિ ઈલ્તવાઈલ

હજજહ્''માં આપણા ઈમામ મુફતી મુસ્તફા (રઝા)ખાં લખે છે કે, જ્યાં સુધી ત્યાંથી નજદી હુકૂમતનો ખાત્મો ન થાય ત્યાં સુધી હજજ કોઈ મુસલમાન પર ફર્ઝ નથી થતો. (સહીહ નથી.) ''અમે કહીએ છીએ અને પાકા યકીન સાથે કહીએ છીએ કે આજે જ્યારે હિજાઝ મુકદ્દસમાં ઈબ્ને સઊદ મન્હૂસ નામસઊદ અને મખ્ઝૂલ તથા મતરૂદ તથા મરદૂદ તથા તેના હમરાહીઓનું નાપાક અસ્તિત્વ છે અને પ્રશ્નકર્તા તેમજ  પુષ્કળ હાજીઓ તથા ઉલમાના દર્શાવ્યાનુસાર ત્યાં અમ્ન (શાંતિ, સલામતી) નથી, ફર્ઝિયત સાકિત છે અથવા અદા કરવું લાઝિમ નથી.'' *(પેજ–૧)*

જ્યારે કે કુર્આની આયતો وَمَنْ دَخَلَهٗ كَانَ اٰمِنًا ط ''અને જે એમાં આવે અમાનમાં હોય...''ની બિના પર અમ્નો અમાન ઉઠી જવાનો કોઈ પ્રશ્ન જ પેદા નથી થતો. અને વળી તેમણે (ઉપરોક્ત કિતાબના લેખકે) એ પણ લખ્યું છે કે, ''જેઓ એ મુદ્દત સુધી હજજ નહીં કરે કે અલ્લાહ તઆલાના ફઝલો કરમથી મલઊન નજદી ફિત્નાનો ખાત્મો થાય, અને એ ફિત્નાના નાબૂદ થતાં પહેલાં જો તેમનો (મૌતનો) સમય આવી જાય તેઓ ગુનેહગાર નહીં મરે.'' *(પેજ–૨૧)*

માસ્તર કહે છે કે અડધી સદીથી અધિક અરસાથી મક્કા તથા મદીના નજદી વહાબી કબ્જામાં છે. એક ફર્ઝની અદાયગી આટલા લાંબા અરસા સુધી સાકિત રહે એ વાત કોઈ રીતે સમજવા પાત્ર નથી. મક્કા તથા મદીના ફરી કુફ્રના કબજામાં ચાલ્યાં જાય તેની કોઈ મો'મિનના ઈમાનમાં ગુંજાઈશ નથી હોઈ શકતી.

માસ્તર કહે છે કે મેં ગયા વરસે હજજ કરી છે, મેં સર્વ નમાઝો હરમના ઈમામની પાછળ (મક્કા તથા મદીના) બંને જગાએ પઢી અને મેં ઉપરોક્ત તમામ કુર્આની આયતો તથા હદીષોને લક્ષમાં રાખીને પઢી છે અને ઈમામોને મુસલમાન સમજીને પઢી છે. મારી હજજનું શું થશે ? મારી નમાઝોનો શો અંજામ થશે ? જો આપની એ ચેતવણી મુજબ મારી હજજ નથી તો પછી એ હજજ મકબૂલ થઈ જાય એનો શો માર્ગ છે ? એ પણ જણાવશો.

જ્યાં સુધી મારો મામલો છે તો હું પૂરા યકીનની સાથે કહું છું કે મારી હજજ પણ કબૂલ થઈ જશે અને તમામ નમાઝો પણ કબૂલ થશે. જો એવું હોત જેવો કે આપણો (સુન્નીઓનો) અકીદો છે તો પછી આપણા નબી બંને જહાનના સરદાર આપણને પહેલેથી જ ચેતવી આપત કે તેરમી ચૌદમી સદીમાં મક્કા તથા મદીનામાં નમાઝ ન પઢશો, કેમ કે ત્યાં કુફ્રવાળા તથા બાતિલ લોકોનો કબજો થઈ જશે. એથી ઉલ્ટુ આપ ﷺએ એવું જરૂર કહ્યું કે ત્યાં કાફિર તથા શૈતાનનો પ્રવેશ કદી પણ થશે નહીં.

કેટલીકવાર મને એવો ખૂબ જ વિચાર આવે છે કે જ્યારે આપણો મસ્લક બર હક્ક્ અને વહાબી બાતિલ પર છે તો અલ્લાહ તઆલા આપણને બૈતુલ્લાહ અને મસ્જિદે નબવી સોંપી આપત. જ્યારે હક્કવાળાઓની સાથે અલ્લાહે કિ્યામત સુધી આ આયત થકી વાયદો કર્યો છે કે وَاَنْتُمُ الْاَعْلَوْنَ اِنْ كُنْتُمْ مُّؤْمِنِيْنَ (તમે જ કામયાબ થશો, શર્ત એ છે કે મો'મિન બની જાવ !) પરંતુ મામલો તદ્દન ઉલ્ટો છે. મારો અંગત અનુભવ છે કે કેવળ મક્કા મદીનામાં જ નહીં, બલ્કે પૂરી દુનિયામાં ન આપણને અને ન આપણા મસ્લકને કોઈ ઓળખે છે. હું ઘણીવાર હિંદ તથા હિંદ બહારનાં કિતાબ ઘરોમાં ગયો અને કહ્યું કે મને કુર્આનનો તર્જુમો આપો, તો તરત જ તે બાતિલ ફિર્કાવાળાનું કુર્આન આપે છે. અને કહ્યું કે મસાઈલની કિતાબ બતાવો, તો તરત જ (દેવબંદી થાનવીની) ''બહિશ્તી ઝેવર'' કાઢીને આપે છે. તેમજ મોટી મોટી કોન્ફરન્સોમાં અમેરિકા હોય કે ઈંગ્લેન્ડના અન્ય કોઈ શહેરમાં, અરબસ્તાન હોય કે ગૈર અરબસ્તાનનો કોઈ પણ દેશ હોય ત્યાં બાતિલ ફિર્કાવાળા જ આસન

જમાવીને બેઠેલા હોય છે. બરેલી શરીફ કેટલીયે વાર ફાતેહા પઢવા માટે ગયો તો ત્યાં મેં જોયું કે આપણો જે મદરસો છે જેને ઉમ્મુલ મદારિસની હૈસિયત પ્રાપ્ય છે તે બિલકુલ નાનો છે અને તેમાં પઢનારાઓની સંખ્યા પણ આંગળીના વેઢા પર ગણી શકાય છે, એ જ પ્રમાણે આપણો "દારુલ ઉલૂમ શાહે આલમ" પણ છે. એથી ઉલ્ટુ બાતિલ ફિર્કાવાળાઓના મદ્રસા કેટલી મોટી સંખ્યામાં છે અને તે પણ મોટા મોટા છે. હું લગભગ ઈ.સ. ૧૯૯૭માં મારા એક દોસ્તને મળવા માટે થામ (જિ. ભરૂચ) આવ્યો તો મેં ભરૂચથી પહેલાં કંથારિયાનો મદરસો જોયો તો હું આશ્ચર્યમાં પડી ગયો કે બહારથી આટલો મોટો દેખાય છે તો એની અંદરની સ્થિતિ કેવી હશે ?! અલ્લાહ બેહતર જાણનાર છે.

આ સર્વ વાતો મેં તદ્દન દિલ ખોલીને લખી છે, ત્યાં સુધી કે મેં મારો હજ્જનો મામલો પણ લખી આપ્યો છે, આશા છે કે તમો મને સંતોષજનક તથા કુર્આન હદીષની રોશનીમાં જવાબ આપીને આભારી કરશો. ...... આપના જવાબનો મુન્તઝિર–માસ્તર અબ્દુલઅઝીઝ, આચાર્ય રાજકોટ જિલ્લા શાળા–૧, રાજકોટ (સૌરાષ્ટ્ર)

લખી મોકલનાર : મૌલાના મુહમ્મદ તાહિર ઈબ્ને હુસૈન રહમાની અશ્રફી (ખતીબો ઈમામ : મસ્જિદે ફયૂઝે મુહમ્મદી–રાજકોટ)

પ્રિય વાંચકો ! આ હતા માસ્તર સાહબના પ્રશ્નો તથા શંકાઓ અને વાંધાઓ. એને હજી ફરીવાર વાંચી દિમાગમાં બેસાડી લેશો અને પછી ધ્યાનપૂર્વક એનો **હઝરત મુફ્તી ગુલામ જીલાની મિસ્બાહી સાહબ** થકી ઈમાન અફરોઝ જવાબ વાંચશો. કેમ કે આવા વસવસાવાળા અન્ય લોકોને પણ થતા હોય છે તો એના વિસ્તારપૂર્વક કુર્આન હદીષથી દલીલસભર એવા જવાબો સર્વને માટે સંતોષ તથા ઈમાનની મજબૂતીનો સબબ બનશે. ઈન્શાઅલ્લાહ !

## શંકાઓનું નિવારણ

મુફતી સાહબ પત્ર લખી મોકલનાર મૌલાનાને જવાબ રૂપે સલામ બાદ જણાવે છે કે :–

આપનો પત્ર મળ્યો હાલાતથી વાકેફ થયા, સાથોસાથ આપના અલ્હાજ માસ્તર સાહબના ખયાલોથી માહિતગાર થવાનો મોકો પણ મળ્યો. **"બરકાતે ખ્વાજા (માસિક)**નો અભ્યાસ અને તેના લેખોના લખાણોને દીની ઈસ્લામી ભાઈઓ સુધી પહોંચાડવા બદલ દિલની ગહરાઈથી અમો આપના આભારી છીએ. તેના લખાણો તમારા મિત્ર વર્તુળમાં રજૂ કરવું એ આપના તરફથી દઅવત તથા તબ્લીગનો એક ખૂબસૂરત ક્રમ છે. અલ્લાહ તઆલા આપનો આ મેહનતને કૃબૂલ ફર્માવીને તેના શ્રેષ્ઠ બદલાથી તમને નવાઝે. આમીન.

તમે તમારા પત્રમાં માસ્તર સાહબના ખયાલો, વસવસાઓ, શંકાઓને પ્રદર્શિત કરી છે અને તેમના કથનાનુસાર તેમણે દિલ ખોલીને લખ્યું છે. પોતાની સમજના પ્રમાણે તેમના લખાણના વહેણમાં કેટલાક એવા ખયાલો તેમનાથી પ્રદર્શિત થઈ ગયા છે જેના પરથી બાતિલ ફિર્કાવાળાઓની સોહબત તથા તેમનાથી પ્રભાવિત થવાની ભાળ મળે છે અને મારી આ વાત કાંઈક હકૃીકૃત પર આધારિત પણ હોઈ શકે છે. જો એવી કોઈ તરફદારીની વાત દિલો દિમાગમાં ઘર કરી ચૂકી હોય અને દિમાગ તથા ખયાલમાંથી તેને કાઢવું મુશ્કેલ હોય તો તેના વિરુધ્ધ કોઈ પણ કથનને દિલમાં ઉતારવું ઘણુ કઠીન થઈ શકે છે. અને જો હક્કૃના સ્વીકાર માટે દિલનો દરવાજો વિશાળ છે તો ખૂબ જ શક્યતા છે કે આ લખાણ કાંઈક કામ કરી જાય.

આપના પત્રમાં જનાબ માસ્તર સાહબ તરફથી જે શંકાઓ તથા ખયાલોનો ઉલ્લેખ કરવામાં આવ્યો છે તે યકૃીનન ! બાતિલ ફિર્કાવાળાઓની સોહબત અને તેમની દૌલત તથા સંપત્તિ તેમજ તેમની જાહેરી

જાહોજલાલીથી પ્રભાવિત થવાનું પરિણામ છે. બેશક ! ગુમરાહ ફિર્કાઓની પ્રથમ મંઝિલ ખૂબ જ આકર્ષક તથા દિલને લોભાવનારી હોય છે. કેમ કે એ મંઝિલ નમાઝ, રોઝા તથા અન્ય ઈબાદતોના જલ્વાઓથી શણગારેલી હોય છે. પાછળથી એવી મંઝિલો આવે છે જે અંધકારમય તથા ઘણી ખૌફનાક હોય છે. એટલે કે ત્યાં ગુમરાહી તથા બિદઅતો અને ગલત રસમોના દૂર કરવાના પડદા હેઠળ અલ્લાહ તઆલાના મુકર્રબ બંદાઓની અઝમતોને દિલોએથી સાફ કરવાની કોશિશ કરવામાં આવે છે. અંબિયાએ કિરામની મુકદ્દસ બારગાહોમાં ગુસ્તાખી તથા બેઅદબીના શબ્દો શીખવાડવામાં આવે છે અને કુફ્રી લખાણો તથા ગુસ્તાખીપૂર્ણ વાતો લખનારાઓની મહોબ્બત તથા અઝમત લોકોના દિલોમાં બેસાડવામાં આવે છે. એ ઉપરાંત આ જહન્નમી ફિર્કાથી નિકટ થનાર બદ્‌નસીબ સંપૂર્ણપણે તેના કુફ્રના નશામાં એવો ચૂર થઈ જાય છે કે તેને આખુ જગત બિદઅત તથા ગુમરાહી અને કુફ્ર તથા શિર્કના કીચડમાં ડૂબેલું જણાય છે. એવા જ ગુમરાહ ફિર્કાઓના બારામાં આપણા સરકારે દો આલમ ﷺએ સંપૂર્ણપણે દૂરી અપનાવવાનો હુકમ આપ્યો છે અને ઈર્શાદ ફર્માવ્યો : ایاکم وایاھم--- એટલે, "તમે પોતાને તેમનાથી બચાવો, ક્યાંક તેઓ તમને ગુમરાહ ન કરી નાખે અને ફિત્નામાં ન નાખી દે."

માસ્તર સાહબની કલમ થકી આયતે કરીમાની **જે તફસીર પત્રમાં દર્શાવી છે તે અંગત રાય પર આધારિત છે. અને પોતાની રાયથી તફસીર કરવી એ ઉલમા તથા તફસીરવેત્તાઓ (મુફસ્સિરો)ની દષ્ટિએ સખત હરામ છે.** એ સિદ્ધ થઈ ચૂકેલી હકીકત છે કે કા'બા મુકદ્દસા પૃથ્વીના પટ પર અલ્લાહ તઆલાનું સૌથી પ્રથમ ઘર છે જે બરકત તથા અમ્નવાળુ અને આખા જગતના માટે હિદાયતનો ઝરીયો છે. આલમીન (સર્વ જગત)ના માટે હિદાયતનો ઝરીયો હોવાનો મતલબ એ નથી કે ત્યાંના અકીદા તથા ઈબાદતો દા.ત. નમાઝ, રોઝા, હજ્જ, ઝકાત, અઝાન, ઈકામત અને તરાવીહ વગેરેને અપનાવવાની અને શીખવાની દઅવત આપવામાં આવે ભલે ગમે તે જમાનો હોય અને ત્યાં ગમે તેની સત્તા હોય. કેમ કે આ મતલબ તો ખૂદ ત્યાંની નજદી વહાબી હુકૂમતની પણ વિરુધ્ધ છે, એટલા માટે કે આ મતલબ દર્શાવવામાં તકલીદની ખુશ્બુ આવે છે અને તેઓ (વહાબીઓ) તેના સખત મુન્કિર છે, બલ્કે તમામ ઈમામો, ખાસ કરીને સિરાજુલ અઈમ્મા, કાશિફુલ ગમ્મા હઝરત ઈમામે આ'ઝમ અબૂ હનીફા رضی اللہ عنہની શાને પાકમાં પુષ્કળ ગુસ્તાખી કરે છે. **પત્રમાં આયતનો જે મતલબ કરવામાં આવ્યો છે તે સ્વરચિત છે, એનાથી તમામ મુજતહિદ ઈમામોના મસ્લકો તથા મઝહબો જ નિશાન નહીં બને બલ્કે સહીહ અકીદાઓ પણ ખતરામાં પડી જાય છે.** કેમ કે વહાબીઓના અકીદા તથા નિયમો સ્વરચિત અને જમહૂર (બહુમતિ) ઉલમાથી વિરોધાભાસી છે. તેમની નમાઝોમાં સુન્નતોની કાળજી નથી, નમાઝોની સ્થિતિ પણ વિચિત્ર હોય છે, માથા પર ટોપી ન અમામા શરીફ અને ન નમાઝ બાદ દુઆનો રિવાજ, નમાઝીઓ સામેથી પસાર થવાનો મામલો તદન સામાન્ય છે, માથા પર અમામો સજાવવાની સુન્નત એક ખ્વાબ બની ગઈ છે, આ મહાન સુન્નત જેને તીજાનુલ અરબ (અરબનો તાજ) પણ કહેવામાં આવી છે તે નાબૂદ થઈ ચૂકી છે, તેના સ્થાને માથા પર રસ્સી બાંધવાનો રિવાજ સામાન્ય થઈ ચૂક્યો છે, તો આ કઈ સુન્નતે રસૂલ અથવા કયા સહાબાનો તરીકો છે જેને અપનાવવાની દઅવત પેશ કરવામાં આવી રહી છે ? જ્યારે કે અમામાના ફઝાઈલ પુષ્કળ હદીષોથી સાબિત છે. ત્યાંના ઈમામોની દાઢી મુઠ્ઠીથી ખૂબ ઓછી હોય છે, સફો અધૂરી રહે છે

તથા તેમાં ઔરતો પણ વચ્ચે હોય છે ! તો નમાઝ થશે ?! તેમને ત્યાં ચાંદ જોવાની કે તેની સાબિતીની તદ્દન જેહમત કરવામાં નથી આવતી. તેમની ઈદ તથા રમઝાનના માટે એક ૪૨ વરસનું કેલેન્ડર જે 'બરકાતે ખ્વાજા' (માસિક, ફેબ્રુ.–૦૭)માં દર્શાવ્યું છે તે પૂરતુ છે. એ જ કારણે તેઓ ખગોળશાસ્ત્રના હિસાબથી અત્યાર સુધીમાં અસંખ્ય ગલતીઓમાં સપડાયા, જ્યારે કે આ મસ્અલો (ચાંદ જોવા વિશે) હદીષોની કિતાબોમાં કશીય મુશ્કેલી વિના તદ્દન સ્પષ્ટ છે. આ છે તેમની નમાઝો તથા તેમની ઈબાદતો જેને અપનાવવા તથા કબૂલ કરવાની દઅવત આપવામાં આવી રહી છે ! હાલમાં હઝરત આમિના તેમજ અગાઉ સહાબા, અહલે બયતનાં મઝારો તોડી પાડયાં.... તો એ કામો આપણે અપનાવીશું ?! નહીં ! બલ્કે સચ્ચાઈ એ છે કે તેમના ફેઅલો તથા કિરદાર, આદતો તથા ખસલતો અને સંસ્કાર તથા સંસ્કૃતિ ત્યાં સુધી કે સંપૂર્ણ જિંદગી અને ઈબાદતના તરીકા પર પશ્ચિમીઓનો પ્રભાવ જામી ચૂક્યો છે.

કા'બા શરીફ નિઃશંક ! ઘણી બરકતો અને અમ્નો સુકૂનવાળુ ઘર છે જે આખા જગતના માટે રુશ્દો હિદાયત (સન્માર્ગ)ની દીવાદાંડી છે જેમાં અલ્લાહ તબારક વ તઆલાની ઘણી અઝીમુશ્શાન નિશાનીઓ છે. જે એમાં દાખલ થાય છે તેના માટે અમ્નો અમાન તથા તહફ્ફૂઝની બશારત છે. કા'બા મુકદ્દસાની ખૂબીઓ તથા બરકતો તો ચમકતા સૂરજની જેમ જાહેર છે. તેનું અમ્નવાળા હોવું પણ હુઝૂરે અકદસ ﷺના ઈર્શાદે ગિરામીથી જાહેર છે : ''આ હરમ છે જેને અલ્લાહે હરમ બનાવ્યું છે, ન મારાથી પહેલાં કોઈના માટે હલાલ થયું અને ન મારા બાદ કોઈના માટે હલાલ થશે. અલ્લાહે મારા વાસ્તે તેને એક ખાસ સમયમાં હલાલ ફર્માવ્યું.'' તે ઉપરાંત પુષ્કળ મુબારક હદીષો તેની તા'ઝીમ તથા અદબના સંબંધે ગવાહ છે. એ જ ઈર્શાદોના અનુસંધાનમાં મુફસ્સિરીને કિરામ ફર્માવે છે કે, ''જો કોઈ મુજરિમ પણ ખાનાએ કા'બામાં પનાહ (શરણ) લઈ લે તો તેને ખાનાએ કા'બામાં તકલીફ પહોંચાડવી સખત હરામ છે, જ્યાં સુધી તે પોતે પોતાની સોંપણી ન કરે.'' કા'બા મુકદ્દસના અમ્નવાળા હોવાનો મતલબ એ નથી કે જો કોઈ જાલિમ તથા જાબિર તેના પર હુમ્લો કરવા ચાહે તો કરી જ નથી કરી શક્તો, તેના હાથ તથા પગે લકવો મારી જશે ! નહીં તો યઝીદ પલીદ, કરામતા (ફિર્કો) તથા રાફઝીઓ જેવા બદ્‌બખ્તોના હુમ્લા તેના પર થવા ન જોઈતા હતા. બલ્કે એનો મતલબ એ છે કે **મુસલમાનો શક્ય ત્યાં સુધી તેનો સામનો કરે અને તેની પવિત્રતાને પાયમાલ થવાથી બચાવે.** જો એ માટેની શક્તિ ન હોય તો અલ્લાહની બારગાહથી રડી કકડીને ઈમદાદ તથા મદદ તલબ કરે, જેમ કે હઝરત અબ્દુલ મુત્તલિબે ફર્માવ્યું હતું. **કા'બા તથા હરમ પોતે ખૂદ તો અમ્નવાળા છે, તેમ છતાં તેના પર કોઈ બાહ્ય હુમલાની શક્યતા છે, અને એ તેના અમ્નવાળા હોવાની વિરુધ્ધ નથી.** જેમ કે અલ્લાહ તઆલાએ નમાઝના બારામાં ફર્માવ્યું :–

اِنَّ الصَّلٰوةَ تَنْهٰى عَنِ الْفَحْشَآءِ وَالْمُنْكَرِ ط

''બેશક ! નમાઝ બેહયાઈ તથા બુરી વાતોથી રોકે છે.'' *(સૂ. અન્કબૂત, આ. ૪૫)* બેશક ! નમાઝ રોકનાર છે પરંતુ નમાઝીઓની હાલતો તથા સ્થિતિઓ પણ તમને માલૂમ છે. **કુકર્મો કરતા નમાઝીઓની અમલી બદ્‌તર હાલતના કારણે નમાઝના બુરાઈથી રોકનાર હોવા પર કોઈ બુરી અસર પડતી નથી અને કોઈ એવું કહેવાની હિંમત પણ નથી કરી શક્તો કે નમાઝે કેમ ન બચાવ્યો !** એ જાહેર છે કે નમાઝ સ્વજાતે ''બેહયાઈ તથા બુરી વાતોથી રોકનાર'' છે છતાં જો કોઈ નમાઝી બુરી વાતોમાં પડવાથી નથી બચતો તો એ તેની બદ્‌નસીબી છે કે તે બુરાઈઓમાં

બેહયાઈઓમાં સપડાયને પોતાની દીની તથા દુનિયવી આબરૂ ખોઈ રહ્યો છે.

એમાં શંકા નથી કે કા'બા મોઅઝ્ઝમા આખા જગત માટે રૂશ્દો હિદાયતનો માઈલ સ્ટોન છે, કેમ કે એ તેમનો કિબ્લો છે જેના તરફ સર્વ ઈમાનવાળાઓને નમાઝમાં ચહેરો કરવાનો હુકમ અલ્લાહ તરફથી થયેલો છે. એટલે સુધી કે જો કોઈએ જાણી જોઈને કા'બા શરીફ તરફથી ચહેરો ફેરવ્યો તો તે ગુમરાહ થશે, તેની ઈબાદત નિરર્થક થશે. કા'બા શરીફની શાનો શૌકત, અઝમત તથા બુલંદી, તેના બાંધકામના પ્રસંગો, ત્યાંની મુકદસ નિશાનીઓ, દા.ત. મકામે ઈબ્રાહીમ, ઝમઝમનો કૂવો, ચાર રુકનો, હતીમ તથા મુલ્તઝિમ, હજરે અસ્વદ, સફા તથા મરવા પહાડ વગેરે, આ તમામ એવી મહાન નિશાનીઓ છે જેની શાનો શૌકત દિલોને પ્રભાવિત કરે છે, મખ્લૂકનાં દિલો એહતરામના માટે ઝુકી જાય છે. આ અલ્લાહની નિશાનીઓના સત્ય વાક્યા અને તેમાં છુપાયેલાં રહસ્યોની સંપૂર્ણ માહિતી બેશક ! હિદાયતના માટે દીવાદાંડી સામાન છે, શર્ત એ છે કે કુફ્ર તથા શિર્ક, ઝલાલત તથા ગુમરાહી તથા વાસના તેમજ ગુસ્તાખી તથા બેઅદબીનો બુરો નશો દિલો દિમાગ પર ન છવાયેલો હોય. નહીં તો અબૂ જહલ તથા અબૂ લહબ વગેરે કાફિરો મુશ્રિકોની કુફ્ર તથા અદાવતની દાસ્તાનો પણ આપણી સમક્ષ જ છે. એના પ્રતિ અલ્લાહ તબારક વ તઆલાએ ઈર્શાદ ફર્માવ્યો છે : فِيۡهِ اٰيٰتٌۢ بَيِّنٰتٌ مَّقَامُ اِبۡرٰهِيۡمَ ۚ۬ "એમાં ઉઘાડી નિશાનીઓ છે ઈબ્રાહીમના ઉભા રહવાની જગા, અને જે એમાં આવે અમાનમાં હોય." *(સૂ. આલે ઈમરાન, આ. ૯૭, પારા–૪)*

અને બીજા ઠેકાણે ઈર્શાદે બારી છે :– اِنَّ الصَّفَا وَ الۡمَرۡوَةَ مِنۡ شَعَآئِرِاللّٰهِ ۚ "બેશક ! સફા તથા મરવાહ્ અલ્લાહની નિશાનીઓમાંથી છે." *(સૂ. બકરહ્, આ. ૧૫૮, પારા–૨)* જાણવા મળ્યું કે આ તે જાહેર નિશાનીઓ જેને "શઆઈરિલ્લાહ" ફર્માવવામાં આવ્યું. જેના એહતરામ તથા અદબને દિલનો તકવો ઠરાવવામાં આવ્યો :–

وَمَنۡ يُّعَظِّمۡ شَعَآئِرَ اللّٰهِ فَاِنَّهَا مِنۡ تَقۡوَى الۡقُلُوۡبِ ○

"અને જે અલ્લાહની નિશાનીઓની તા'ઝીમ કરે તો એ દિલોની પરહેઝગારી છે." *(સૂ. હજ્જ, આ. ૩૨, પારા–૧૭)* નજદીઓના રાત્રિ તથા દિવસ, સવાર તથા સાંજ અને તેમની આદતો તથા ખસલતોનું તેમની વચ્ચે કેટલાક દિવસો રહીને નિરીક્ષણ કરવામાં આવે તો બધી જ અકીદત (શ્રદ્ધા) તથા મહોબ્બત ગાયબ થતી જોવા મળશે. જ્યારે કે તેઓ કુર્આને અઝીમની તા'ઝીમ તથા તૌકીર (માન) નથી કરતા અને તેને એક "કાયદાની ચોપડી" સમજે છે, તેને સ્પર્શવા પાક હોવાને જરૂરી નથી સમજતા, હજ્જ દરમ્યાન જોડા ચપ્પલોની સાથે કુર્આનના નુસ્ખા ફેંકે છે તો એઓ ભલા અલ્લાહની નિશાનીઓની તા'ઝીમ શું કરવાના ?! હા ! તેમના દિલોમાં જો કોઈની ઈજ્જત તથા એહતેરામ તથા અકીદત છે તો તે ખુદાના દુશ્મન અમેરિકા તથા બ્રિટનની તથા તેમની બનાવેલી ચીજોની છે.

પત્રમાં દર્શાવેલ એ સવાલ કે જો વહાબીઓ નજદીઓ કાફિર મુર્તદ હોત તો તેઓ મક્કા–મદીના સહિત પૂરા અરબસ્તાન પર કેવી રીતે સત્તાધારી હોત ? જ્યારે કુર્આન શરીફમાં છે :–

اِنَّمَا الۡمُشۡرِكُوۡنَ نَجَسٌ فَلَا يَقۡرَبُوا الۡمَسۡجِدَ الۡحَرَامَ
بَعۡدَ عَامِهِمۡ هٰذَا ۚ

"મુશ્રિક નર્યા નાપાક છે તો આ વર્ષ પછી તેઓ મસ્જિદે હરામની પાસે ન આવવા પામે." *(સૂ. તૌબા, આ. ૨૮, પારા–૧૦)*

એનાથી અંદાઝો થાય છે કે તેઓ કાફિર નથી નહીં તો તેઓ ઈસ્લામના મર્કઝો પર સત્તાધારી ન હોત.

આ શંકાના નિવારણ પહેલાં મિશ્કાત શરીફની એક હદીષ જણાવું છે કે જે ઉપરોક્ત વાંધાનો આધાર પણ હોઈ શકે છે, ઉલમાએ કિરામની

સ્પષ્ટતાઓ આયત તથા હદીષ બંનેનો જવાબ બની શકે છે. મિશ્કાત શરીફનો અનુવાદક જેનો સંબંધ વહાબી ફિર્કાથી તે આ હદીષનો તર્જુમો આ પ્રમાણે કરે છે : **''શૈતાન એ બાબતથી નિરાશ થઈ ચૂક્યો છે કે મુસલમાન અરબ દ્વિપમાં એની ઈબાદત કરે.** (એટલે કે મૂર્તિપૂજામાં સપડાય). અને એના કારણે તે એમની વચ્ચે લડાઈ ઝઘડો પેદા કરે છે.'' *(તર્જુમો મિશ્કાત, ભાગ–૧, પેજ–૨૩, કરાચી)*

આ તર્જુમાકારના તર્જુમા પરથી સ્પષ્ટ થઈ ગયું કે ''શૈતાનની ઈબાદત''નો મતલબ છે મૂર્તિપૂજામાં સપડાયેલા રહેવું. એટલે કે અરબ દ્વિપના મુસલમાન મૂર્તિપૂજામાં સપડાયેલા રહે એવું નથી થઈ શક્તું. અને મુહક્ક઼િકે મુત્લક **હઝરત શૈખ અબ્દુલ હક્ક઼ મુહદ્દિષ દહેલ્વી** رضی اللہ عنہ ફર્માવે છે : (અર્થ) અલ્લામા તયબી શારેહે મિશ્કાતે ફર્માવ્યું કે **મુસલ્લીઓથી મુસલમાન મુરાદ છે, અને શૈતાનની ઈબાદતથી મૂર્તિપૂજા મુરાદ છે. જો કે મુસૈલમા કઝ્ઝાબ તથા તેના સાથી તેમજ ઝકાતના મુન્કિરો મુર્તદ થયા, પરંતુ એ લોકોએ મૂર્તિઓની પૂજા નથી કરી.''** *(અશ્અતુલ લમ્આત, ભાગ–૧, પેજ–૮૩)*

અને **હઝરત મુલ્લા અલી ક઼ારી હનફી** લખે છે : ''એટલે કે હદીષે પાકનો મતલબ એ છે કે અરબ દ્વિપમાં કોઈ મો'મિન બુતપરસ્તી કરીને શિર્ક ન કરશે અને એનાથી મુસૈલમાના સાથીઓ તથા ઝકાતના મુન્કિરો વગેરેના મુર્તદ થવાથી (ઈસ્લામથી ફરી જવાથી) વાંધો આવશે નહીં જેઓ હુઝૂર ﷺ પછી મુર્તદ થયા હતા, એટલા માટે કે તે મુર્તદો મુર્તિપૂજક થયા ન હતા.'' *(મિર્કાત, ભાગ–૧, પેજ–૧૧૮)*

આ શરહો તથા હાશિયાઓના હવાલાઓથી હદીષ શરીફનો મતલબ તદન સ્પષ્ટ તથા નિશ્ચિત થઈ ગયો કે ઈર્શાદે મુક઼દસનો અર્થ એ છે કે **હવે (નબવી યુગ પછી) અરબના મુસલમાન મૂર્તિપૂજાના શિર્કમાં સપડાશે નહીં, હા ! એ વાત શક્ય છે કે મૂર્તિપૂજા સિવાય કોઈ અન્ય તરીકાથી કુફ્ર એમની વચ્ચે પ્રવેશ પામે. જેથી અરબદ્વિપમાં લોકોનું કોઈ વાર મુર્તદ થઈ જવું અથવા એના પર કોઈ જમાનામાં મુર્તદોની સત્તાનું કાયમ થઈ જવું એ વર્ણવેલ હદીષ અને આયતે મુબારકાના ભાવાર્થની વિરુધ્ધ નથી.** કેમ કે આયતે કરીમાનો મતલબ એ છે કે **મુસલમાન કાફિરોને યથાશક્તિ મક્કા મોઅઝ્ઝમા પર કબજો ધરાવવાથી રોકે.** જ્યારે કે વર્ણવેલ આયતે મુકદ્દસા હેઠળ કમાલૈન શરહે જલાલૈનમાં છે : ''એટલે કે મસ્જિદથી મુરાદ આયતમાં હરમ છે. અને ઈમામ શાફઈએ એ જ અર્થ મુરાદ લીધો છે કે તેઓ હરમમાં તદન પ્રવેશ ન કરે ન વેપાર અર્થે ન અન્ય કોઈ હેતુસર, પણ ઈમામની (બાદશાહે ઈસ્લામની) ઈજાઝતથી, ખાસ કરીને જ્યારે મુસલમાનોની મસ્લેહત દષ્ટિ સમક્ષ હોય. અને ઈમામે આ'ઝમની નજીક એમાં કોઈ વાંધો નથી અને આયતે મુકદ્દસાનો મતલબ એ જ છે કે એમનો પ્રવેશ કબજા રૂપે તથા સત્તા રૂપે ન હોય. અથવા એનાથી રોકવાનો હેતુ છે કે આજ પછી કોઈ મુશ્રિક હજ્જ નથી કરી શક્તો અને ન કોઈ નગ્ન હાલતમાં કા'બા શરીફનો તવાફ કરી શકે છે.'' *(૧૫૭, જલાલૈન, હાશિયા : ૧૬)* જેમ કે હઝરત અલી کرم اللہ تعالیٰ وجہہ الکریم એ યૌમુન્નહરમાં (કુર્બાનીના દિવસોમાં) એલાન ફર્માવ્યું હતું એના અનુસંધાનમાં આ ઐતિહાસિક ક્રાંતિ પણ જુઓ કે હુઝૂરના જાહેરી જમાના પછી જ મુસૈલમા કઝ્ઝાબ અને એના અનુયાયીઓ અને ઝકાતના મુન્કિરોનો ઈર્તેદાદ (ઈસ્લામથી ફરી જવું) આગની જેમ ભડકી ઉઠયો અને હિ.સ. ૩૨૦માં અબ્બાસી ખલીફા મુક્તદિર બિલ્લાહના જમાનામાં મુર્તદ અબૂ તાહિર કરમતીના ફિત્નાના પ્રભાવ હેઠળ હજ્જ બંધ થઈ ગયો. તેણે ખાસ હજ્જના જમાનામાં મક્કા મોઅઝ્ઝમા પર કબજો મેળવ્યો, મસ્જિદે હરામની

અંદર હજારો હાજીઓને કત્લ કરી નાખ્યા અને મુકદ્દસ હજરે અસ્વદ પર પોતાનો ગુર્જ મારીને તેને તોડી નાખ્યો, પછી તેને ઉખેડીને પોતાની રાજધાની હિજરમાં લઈ ગયો, એટલે સુધી કે **વીસ વરસ સુધી હજરે અસ્વદ કા'બા શરીફથી અલગ રહ્યો** પછી અબ્બાસી ખલીફા મુતીઅ્‌ના દૌરમાં જયારે કરામતાની હાર થઈ તો સંગે અસ્વદ હિજરથી કા'બા શરીફની દીવાલના ખૂણામાં અગાઉ પ્રમાણે જોડી દેવામાં આવ્યો. આ સર્વ વિગતોને હઝરત અલ્લામા યુસુફ ઈબ્ને ઈસ્માઈલ નબહાની عليه رحمة الله الرضوان વર્ણન કર્યા બાદ લખે છે : ''એટલે કે મુહમ્મદ બિન રબીઅ બિન સુલૈમાને વર્ણન કર્યું કે, હું કરામતાના ફિત્નાના સમયે મક્કામાં મૌજૂદ હતો. મેં જોયું કે એમાંનો એક માણસ કા'બા શરીફનું પરનાળુ ઉખેડવાના માટે તેની છત પર ચઢી ગયો. મેં આ દશ્ય જોયું તો મારાથી સબ્ર ન થઈ શકી. મેં કહ્યું, હે મારા પરવરદિગાર ! તું કેટલો બધો હલીમ (સહનશીલ) છે ! તો એ જ વખતે તે માથાભેર જમીન પર ગબડી પડયો અને મૃત્યુ પામ્યો. અને અબૂ તાહિર કરમતી મિમ્બર પર ચઢીને કહેવા લાગ્યો કે, હું બખુદા બખુદા મખ્લૂકને પેદા પણ કરું છું અને તેમને ફના પણ કરું છું.'' *(હુજજતુલ્લાહ અલલ આલમીન, ભાગ–૨, પેજ–૮૨૯)*

પછી ખલીફા મોઅતસિમ બિલ્લાહના સત્તાકાળમાં હિ.સ. ૬૫૪માં મદીના મુનવ્વરા પર રાફઝીઓનો કબજો રહ્યો. એ જ જમાનામાં મસ્જિદે નબવીમાં એવી ભયાનક આગ લાગી કે મસ્જિદ તથા તેની શોભા શણગારનો સમગ્ર સામાન બળીને ખાક થઈ ગયો. હઝરત અલ્લામા સમહૂદી عليه رحمة الله الرضوان આગનો બનાવ વર્ણન કર્યા બાદ લખે છે : ''એટલે કે એ જમાનામાં મસ્જિદે નબવી અને મદીના પાક પર રાફઝીઓનો કબજો હતો. શહેર કાઝી અને મસ્જિદે નબવીના ઈમામો તથા ખતીબ સૌ રાફઝી જ હતા, એટલે સુધી કે ઈબ્ને ફરહૂંનું બયાન છે કે કોઈ શખ્સ મદીના શરીફમાં અહલે સુન્નત વ જમાઅતની કિતાબને જાહેરમાં પઢી શક્તો ન હતો.'' *(વફાઉલ વફા, ભાગ–૧, પેજ–૪૨૯, બહવાલા ફતાવા ફયઝુર્રસૂલ, ભાગ–૧, પેજ–૫૫)*

આ બનાવો તથા સાક્ષીઓથી એ સાબિત થાય છે કે **વર્તમાનકાળમાં અથવા ભવિષ્યમાં જો મક્કા મદીના (ઝાદલ્લાહુ શર્ફહુમા) અથવા પૂરા અરબસ્તાન પર પણ મુર્તદોનો કબજો તથા સત્તા થઈ જાય તો એ ઉપરોક્ત વર્ણવેલ આયતો અને હદીષ મુબારકના વિરુદ્ધ નથી, કેમ કે ભૂતકાળમાં પણ આ પવિત્ર ભૂમી પર મુર્તદો અને બદ્‌મઝહબોનો કેટ કેટલાયે વરસો સુધી કબજો તથા સત્તા રહી છે.** (ક્રમશઃ)

## ખોવાયેલી ઊંટણી ક્યાં છે ?!

તબુક જતાં એક પડાવ પર હુઝૂર صلی اللہ تعالیٰ علیہ وسلم ની ઊંટણી ક્યાંક જતી રહી. આ બધા એને શોધવા ફરવા લાગ્યા, ત્યારે એક મુનાફિક જેનું નામ ઝૈદ બિન નુસૈફ હતું તે કહેવા લાગ્યો કે મુહમ્મદ صلی اللہ تعالیٰ علیہ وسلم કહે છે કે, હું અલ્લાહનો નબી છું પરંતુ તેમને એટલી ખબર નથી કે એમની ઊંટણી ક્યાં છે ?! હુઝૂર صلی اللہ تعالیٰ علیہ وسلم એ આપના સહાબીઓને ફર્માવ્યું કે, એક શખ્સ આવું આવું કહે છે, જો કે ખુદાના સોગંદ ! અલ્લાહ તઆલાના દર્શાવવાથી હું ખૂબ જાણું છું કે, મારી ઊંટણી ક્યાં છે ? તે ફલાણી ખીણમાં છે અને એક ઝાડમાં એની નુકેલની દોરી ગૂંચવાઈ ગઈ છે. તમે જાઓ અને એ ઊંટણીને મારી પાસે લાવો. જ્યાં લોકો એ સ્થળે પહોંચયા ત્યારે બરાબર એ જ જોયું. એ જ ખીણમાં એ ઊંટણી ઊભી છે અને એની નુકૈલ (લગામ) એક ઝાડની ડાળીમાં ગૂંચવાઈ ગઈ છે. *(ઝુર્કાની, ભાગ–૩, પેજ–૭૫)*

# બરકાતે ખ્વાજાની ટપાલ

### ★ કયા લેખની પ્રશંસા કરીએ ! ★

જનાબ તંત્રી સાહબ, બરકાતે ખ્વાજા માસિક, સલામ મસ્નૂન ! આપના થકી સંપાદિત થતું નીડર તથા હક્કગો માસિકના છેલ્લા છ (૬) અંકો અમને મળ્યા જે બદલ આપનો આભાર (જઝાકલ્લાહુ ખૈર), વાંચી દિલ ખીલી ઉઠયું. કયા લેખની પ્રશંસા કરીએ તેનો ફૈંસલો નથી કરી શકાતો ! બધા જ લેખો પોતાનામાં એક અલગ જ રંગ ધરાવે છે, પરંતુ આપના તંત્રી લેખો સાચે જ માણસના અંતરને ઝંઝોળી નાખે છે. અલ્લાહ તઆલા આપના તથા દરેક સુન્ની લેખકના કલમને આ જ રીતે મજબૂત રાખે અને વધુ બરકતો આપે.

તલબાને લખવા પ્રોત્સાહિત કરતી લેખ હરિફાઈ કોલમ પણ નોંધ પાત્ર છે. મારા બધા જ તાલિબે ઈલ્મ દોસ્તોને નમ્ર અપીલ છે કે જરૂર કાંઈક આપણી કૌમ માટે લખવાની કોશિશ કરે, કોશિશ કરતાં શું ન થઈ શકે ?! માટે આજથી જ શરૂઆત કરો અને કૌમ તથા દીનની ખિદમતનો જઝબો પોતાના દિલમાં પૈદા કરો. **–મુહમ્મદ શાકિર પટેલ મિસ્બાહી** *(મુતઅલ્લિમ દા.ઉ. કાદરિયા, ગરીબ નવાઝ–લેડીસ્મિથ, સાઉથ આફ્રિકા)*

### ★ ખુદાનું ઘર બનાવી આપો ! ★

મુા. વસો, તા. નડીયાદ, જિ. ખેડા ખાતે વહોરા મસ્જિદ ઘણી સાંકડી અને નાની હોય તેને શહીદ કરીને નવેસરથી બાંધવાની છે. મસ્જિદ બાંધકામનો અંદાજિત ખર્ચ રૂા. બાર લાખ છે. મહોલ્લાના મુસ્લિમોની આર્થિક સ્થિતિ ખૂબ જ નબળી છે. આથી તમામ મુસ્લિમ ભાઈઓને દર્દમંદાના ગુઝારિશ કે ભરપૂર ઈમદાદ આપી અપાવીને જન્નતુલ ફિરદૌસમાં આપનો આલીશાન મહેલ બનાવી લેશો.

ઈમદાદ માટે સરનામુ : હાજી મુનાફભાઈ હાજી ઊષ્માનભાઈ વહોરા, ઠે. રાહબર સોસયટી, વસો, પિન. ૩૮૭૩૮૦ તા. નડીયાદ, જિ. ખેડા, મો. ૯૮૨૪૫ ૪૮૩૩૬, ફોન : (૦૨૬૮) ૨૫૮૫૯૪૦

### ★ ભાવનગરમાં શાદીમાં સુન્ની ઈજતેમા ★

તા. ૧૩/૨/૨૦૦૭ના રોજ મુબલ્લિગે સુન્ની દા'વતે ઈસ્લામી (ભાવનગર)ના જનાબ અલ્તાફભાઈની નેક દુખ્તર ઈરફતબાનુની શાદી મુબલ્લિગે સુન્ની દા'વતે ઈસ્લામી જનાબ વાસિફ રઝા સાથે શરીઅતની પાબંદીમાં થઈ જે નિમિત્તે યોજાયેલ સુન્ની ઈજતેમામાં અતાએ મુફતીએ આ'ઝમે હિંદ હઝરત અલ્લામા મૌલાના મુહમ્મદ શાકિર નૂરી રઝવી (અમીરે સુન્ની દા'વતે ઈસ્લામી)એ શાદી શા માટે ?! અને પતિ પત્નીએ કઈ રીતે જીવવું જોઈએ ? એ વિષયમાં ખૂબ જ શાનદાર બોધદાયક બયાન કર્યું હતું. અલ્તાફ ભાઈને તેમજ દુલ્હા દુલ્હન સૌને હાર્દિક મુબારક બાદ ! *-તંત્રી : બરકાતે ખ્વાજા (માસિક)*

### ★ ભરૂચ જિલ્લામાં મુહર્રમના જલ્સા ★

તા. ૯/૨/૨૦૦૭ના રોજ ઈશા બાદ **દયાદરા** ખાતે પીરે તરીકત શેરે સૌરાષ્ટ્ર હઝરત સૈયદ સલીમબાપુ બેડીવાળાની સદારતમાં જશ્ને શહીદે આ'ઝમ વ મુફતીએ આ'ઝમ શાનો શૌકતથી મનાવાયો જેમાં હઝરત સલીમબાપુએ તેમજ હઝરત મૌલાના ગુલામ મોહ્યુદ્દીન સુબ્હાની (યુ.પી.) સાહબે શાનદાર બયાન કર્યું તેમજ તા. ૧૦/૨/૨૦૦૭ના રોજ હઝરત સૈયદ શૌકત અલી બાવા (ખલીફા નૂરાની બાવા પેટલાદી) જંબુસરવાળા સાહબ તેમજ હઝરત સૈયદ હસ્મતબાપુ મજુમિયાં, સૈયદ ગ્યાસુદ્દીન બાપુની સદારતમાં **"જંબુસર"** મુકામે "જશ્ને શહીદે કર્બલા" મનાવાયો જેમાં પણ અને **"નબીપુર"** મુકામે તા. ૧૧–૨–૨૦૦૭ "જશ્ને શહીદે આ'ઝમ વ શાહવજીહુદ્દીન અલ્વી" અલ્વી શાહઝાદાઓની સદારતમાં શાનો શૌકતથી મનાવાયો હતો જેમાં સુબ્હાની સાહબે નૂરાની બયાન કર્યું.

### ★ દા.ઉ. ગુલશને અજમેરમાં દસ્તારબંદી ★

તા. ૧૨/૨/૨૦૦૭ના રોજ દારુલ ઉલુમ ગુલશને અજમેર–ભરૂચ ખાતે શેરે સૌરાષ્ટ્ર હઝરત મૌલાના સૈયદ સલીમબાપુ બેડીવાળાની સદારતમાં દારુલ ઉલૂમમાં હાફિઝ તથા કારી બનનાર કુલ ૧૫ તલબાની દસ્તારબંદી કરવામાં આવી, જેમાં હઝરત મૌલાના ગુલામ મુહયુદ્દીન સુબ્હાની સાહબે શાને રિસાલતમાં ખૂબ જ ઈમાન અફરોઝ બયાન કર્યું હતું.

**ડાભા (જંબુસર)** : થી અલ્લારખાભાઈ ફુટવાલા જણાવે છે કે તેમના મદ્રસાનું વાર્ષિક ઈમ્તેહાન જનાબ સૈયદ ચાચાબાવા (નાપાડ), સૈયદ મખ્દૂમ અલીબાવા, સૈયદ હસ્મતઅલીબાવા, ઝાકિરભાઈ શેખ (HCJ) તથા હાફેઝ મુશતાક સાહબે લીધું અને રાત્રે ઈશા બાદ બાળકોએ નઅત, મન્કબત, તકરીર કરી જલસો શાનદાર રીતે મનાવ્યો હતો.

### ★ પાલેજ તથા વલણમાં જશ્ને શોહદાએ કર્બલા ★

તા. ૩૦/૧/૨૦૦૭ મંગળવારે ઈશા બાદ નૂરે મુહમ્મદી મસ્જિદ (અંકુર સોસાયટી–પાલેજ) ખાતે જશ્ને શોહદાએ કર્બલા મનાવાયો જેમાં મુબલ્લિગે સુન્ની દા'વતે ઈસ્લામી જનાબ ઈમ્યાઝભાઈ ભીવંડીવાળાએ શોહદાએ કર્બલાની શાનમાં શાનદાર ખિતાબ કર્યો હતો. તથા વલણ મુકામે તા. ૨૫/૧/૨૦૦૭ના રોજ હઝરત પીર સદરુદ્દીનબાવાની દરગાહના કંપાઉન્ડમાં જશ્ને શોહદાએ કર્બલાનો પ્રોગ્રામ થયો જેમાં મસ્જિદે નૂરુલ ઈસ્લામના ખતીબો ઈમામ જનાબ મૌલાના હસન અશરફી સાહબે શહાદત પર સુંદર બયાન કર્યું ત્યારબાદ જનાબ ઈમ્યાઝભાઈ ભીવંડીવાળાએ મહબ્બતે અહલે બયત તથા કર્બલાના પ્રસંગ સંબંધી ઈમાન અફરોઝ બયાન કરી યઝીદી (પશ્ચિમી) સંસ્કૃતિ ત્યજવા ભાર મૂક્યો હતો.

*–(રજૂકર્તા : મુહમ્મદ આદમ સેલાર–વલણ)*

### ★ શહીદે આ'ઝમ વ મોહસિને આ'ઝમ કોન્ફરન્સ ★

**જુનાગઢ** : ખાનકાહે રઝવિય્યહ્ નૂરીય્યહ્ તરફથી તા. ૨/૨/૨૦૦૭, શુક્રવારે રાત્રે ઈશાની નમાઝ બાદ ઈમામ અહમદ રઝા રોડ, મસ્જિદે રઝા પાસે હુઝૂર સૈયદના ઈમામે આલી મુકામ رضی اللہ عنہ તથા શાહઝાદાએ આ'લા હઝરત કુત્બે આલમ હુઝૂર મુફતીએ આ'ઝમે આલમ رحمۃ اللہ علیہ ના વાર્ષિક (૨૬)મા ઉર્સ શરીફ નિમિત્તે મોહસિને આ'ઝમ કોન્ફરન્સ જાનશીને હુઝૂર અમીરે અહલે સુન્નત, પીરે તરીકત, હઝરત મૌલાના ગુલઝાર અહમદ સાહબ નૂરી રઝવી સાહબ સજ્જાદા ખાનકાહે રઝવિય્યહ્ની સદારતમાં શાનો શૌકતથી મનાવવામાં આવેલ જેમાં ખતીબે ઝીશાન માહિરે વૈદો કુર્આન હઝરત અલ્લામા કારી રઝીયુલ્લાહ સાહબ ચતુરવૈદી–લખનૌ તથા અમીરે સુન્ની દા'વતે ઈસ્લામી હઝરત મૌલાના હાફિઝ શાકિર રઝવી સાહબ–મુંબઈ, હઝરત અલ્લામા મલિક આરિફુલ્લાહ સાહબ–જામનગર, હઝરત મુફતી મુતીઉર્રહમાન સાહબ–અહમદાબાદ, હઝરત મુફતી હસીબુર્રહમાન સાહબ વગેરે આલિમોએ શાનદાર તકરીર ફર્માવી હતી. સુન્ની દા'વતે ઈસ્લામીના મુબલ્લિગ અને બોમ્બેના મશ્હૂર નઅતખ્વા બુલબુલે બાગે મદીના કારી રિયાઝુદ્દીન સાહબે બેહતરીને અંદાઝમાં નઅતે રસૂલ પેશ કરી હતી. રાત્રે ૧.૪૦ મિનીટે કુલ શરીફ, સલાતો સલામ બાદ આમ ન્યાઝ જમાડવામાં આવી હતી.

### ★ ધ્રોલમાં ૧૦ દિવસ ઔરતોના પ્રોગ્રામો ★

હઝરત અમીને શરીઅત એજ્યુ. ટ્રસ્ટ–ધ્રોલ સંચાલિત મોહર્રમ શરીફના યાદે કર્બલાના ઔરતોના દસ દિવસ ઝહોરથી અસર સુધી થયેલા સુન્ની ઈજતેમાઓમાં મુબલ્લિગાઓ આલિમા રૂબીના યાકૂબ પટેલ (પાલેજ) તથા આલિમા મુમતાઝ હાફેઝ ઈબ્રાહીમ (કહાન) બહેનોએ શહીદે કર્બલાની શાનમાં તેમજ ઈસ્લાહી બયાનો, ઈસ્લામી લિબાસ પહેરવા વિશે તથા પાકી, નમાઝ વગેરે સંબંધી મસાઈલ વગેરે શીખવાડયું હતું. બહોળી સંખ્યામાં ઔરતોએ હાજરી આપી હતી. ઉપરાંત તા. ૮/૨/૨૦૦૭ના રોજ જંબુસર કપાસીયાપૂરા અને તા. ૯/૨/૨૦૦૭ના રોજ નાપાડ મુકામે ઔરતોના કામયાબ ઈજતેમા થયા હતા.

### ★ ટપાલ ટિકિટ મોકલી મફત મંગાવો ★

**હદીષોની રોશનીમાં** *(પેજીસ : ૪૪)*

**સંકલન** : ઈકબાલ વી. બેલીમ

**પ્રકાશક** : ગરીબ નવાઝ કમિટી, C/o. ઉષ્માનભાઈ મન્સૂરી, મુ.પો. હાપા, જિ. જામનગર

વિવિધ વિષયમાં હદીષોનો સંગ્રહ સંક્ષિપ્ત સમજ સાથે રજૂ કરેલ છે જરૂરથી મંગાવી ફાયદો ઉઠાવો.

### ★ શાદી મુબારક ! ★

**વડોદરા** : થી મુબલ્લિગે સુન્ની દા'વતે ઈસ્લામી જનાબ આફતાબ ભાઈ થકી દા'વતનામુ મળ્યું જેમાં છે કે કાદરી શાહેદા ખાતૂનની શાદી સૈયદ લિયાકત અલી સાથે તા. ૧૮/૧/૦૭ના રોજ રાખવામાં આવી. (મુબારકબાદ !) *-તંત્રી : બરકાતે ખ્વાજા (માસિક)*